श्री सर्वज्ञाय नमः

# અગમ–નિગમ
# યાને
# વિશ્વ દર્શન

સ્યાદ્વાદ ગુણ પરિણમે, રમતો સમતા રંગ
બુઝે ત્રિપદી ભાવથી પામે પરમાનંદ

—: લેખક :—
શાંતિલાલ કેશવલાલ
દેવસાનો પાડો, અમદાવાદ.

| વીર–સંવત | મુલ્ય | પ્રથમ આવૃત્તિ |
|---|---|---|
| ૨૪૯૩ | પઠન—પાઠન | પ્રત–૧૦૦૦ |

મુદ્રકઃ—મફતલાલ ઝવેરચંદ ગાંધી, નયન પ્રિન્ટીંગ પ્રેસ, રાચીરોડ, પુલનીચે,
ઢીંકવાવાડી, અમદાવાદ.

શ્રી સર્વજ્ઞાય નમઃ

# અગમ-નિગમ
# યાને
# વિશ્વ દર્શન

સ્યાદવાદ ગુણ પરિણમે, રમતો સમતા રંગ
બુઝે ત્રિપદી ભાવથી, પામે પરમાનંદ

—: લેખક :—


શાંતિલાલ કેશવલાલ
દેવશાનો પાડો, અમદાવાદ.



| વીર-સંવત | મુલ્ય | પ્રથમ આવૃત્તિ |
| --- | --- | --- |
| ૨૪૯૩ | પઠન—પાઠન | પ્રત-૧૦૦૦ |

મુદ્રકઃ—મફતલાલ ઝવેરચંદ ગાંધી, નયન પ્રિન્ટીંગ પ્રેસ, રીચીરોડ, પુલનીચે,
ઢીંકવાવાડી, અમદાવાદ.

## માર્ગ–દીપિકા

नवा दुःख गर्भे न वा मोहगर्भे
स्थिता ज्ञान गर्भे तु वैराग्य तत्त्वे
यदाज्ञानिलीना ययुर्जन्म पारं
स एक परात्मा गतिर्मे जिनेन्द्रः

॥ श्री सिद्धसेन द्वात्रिंशिका ॥

उत्सर्गे चापवादेपि व्यवहारेथ निश्चये
ज्ञाने कर्म्मण्येवायं चेन्न तदा ज्ञान गर्भता ॥१॥ અધ્યાત્મસાર

नयेषु सार्थ सत्येषु मोघेषु परचालने
माध्यस्थं यदि नायातं न तदा ज्ञान गर्भता ॥२॥ ,,

आज्ञयागमिकार्थानां यौक्तिकानां च युक्तितः
न स्थाने योजक त्वं चेन्न तदा ज्ञान गर्भता ॥३॥ ,,

गीतार्थ स्यैव वैराग्यं ज्ञानगर्भं ततः स्थितं
उपचारादगीतस्याप्य भीष्टं तस्य निष्ठया ॥४॥ ,,

વળીજગત્ સ્વરૂપને શુદ્ધ તેમજ અશુદ્ધ દૃષ્ટિએ જોનારને ઓળખવા માટે અમોએ પ્રસિદ્ધ કરેલ "દૃષ્ટિવાદ" પુસ્તિકા વાંચવા નમ્ર વિનંતી છે.

શ્રી સર્વજ્ઞાય નમઃ

| સકળ વિશ્વ | વિશેષ | વિશુદ્ધિ-યંત્ર |
|---|---|---|
| (૧) जीव तत्तं सद्दहामि | नमो अरिहंताणं | પહેલે પદેશ્રી શ્રી અરિહંત |
| (૨) अजीव तत्तं सद्दहामि | नमो सिद्धाणं | બીજે પદેશ્રી સિદ્ધ ભગવંત |
| (૩) पुण्ण तत्तं सद्दहामि | नमो आर्यारियाणं | ત્રીજે પદેશ્રી આચાર્ય શીવસંત |
| (૪) पाव तत्तं सद्दहामि | नमो उवज्झायाणं | ચોથે પદેશ્રી ઉવજ્ઝાય ગુણવંત |
| (૫) आसव तत्तं सद्दहामि | नमो लोए सव्व साहूणं | પાંચમે પદેશ્રી સાધુ ક્ષમાવંત |
| (૬) संवर तत्तं सद्दहामि | एसो पंच नमुक्कारो | છઠ્ઠે પદે ગ્રહો જ્ઞાન વિશુદ્ધ |
| (૭) निज्जरा तत्तं सद्दहामि | सव्व पावप्पणासणो | સાતમે પદે લહો સમ્યકત્વ શુદ્ધ |
| (૮) बंध तत्तं सद्दहामि | मंगलाणं च सव्वेसिं | આઠમે પદે ધરો ચારિત્ર ચારૂ |
| (૯) मोक्ख-तत्तं सद्दहामि | पढमं हवइ मंगलं | નવપદે તપો તપ મુક્તિસારૂ |

વાસ્તુ-છંદ

સકળ વિશ્વ-વિશેષ, વિશુધ્ધ-વિભાકરં
પરમ મહોદય, સાધક-સાધન, કારક-કારણું
અગમ-નિગમ, ગમિક-ગમના, આત્મનિ-અનુપ્રેક્ષિતં
ભવતિ-ભાવુક, ભવિક-ભકત્યા, સકળ ભયભીડ ભંજનં

રચયિતા—શાંતિલાલ કેશવલાલ

આ પુસ્તિકાની પ્રાપ્તિમાટે પ્રકાશનમાં આર્થિક સહાય આપનાર મુરબ્બીઓના શુભ નામો તેમના સરનામા સાથે—

૧૦૧) શેઠ નંદુભાઈ મોહનલાલ ફોજદાર
એલીસબ્રીજ, સંજીવની હોસ્પીટલજોડે,
ફોજદાર કોલોની, અમદાવાદ.

૧૦૧) શેઠ જીવાભાઇ ચુનીલાલ કોઠાવાલા
એલીસબ્રીજ, પ્રિતમનગર વાઇટ
હાઉસ સામે, અમદાવાદ.

૧૦૧) શ્રીયુત્ કંચનબેન શાંતિલાલ
એલીસબ્રીજ, પ્રિતમનગર, વિનોદવીલામાં,
અમદાવાદ.

૧૦૧) શાહ અંબાલાલ નહાલચંદ
નવરંગપુરા, સહકાર નિકેતન સોસાયટી,
બં. નં. ૧૬ અમદાવાદ.

૧૦૧) શાહ કાન્તિલાલ હીરાલાલ
દેવસાનો પાડો, અમદાવાદ.

૧૦૧) શાહ રતીલાલ ચીમનલાલ (કાપડીયા)
કુવારા કાપડબજાર, અમદાવાદ.

૧૦૧) શ્રીયુત્જાસુદબેન, ડાહ્યાભાઇ સાંકળચંદ મારફતીયા
ધનાસુથારનીપોળમાં, દેરાપોળ, અમદાવાદ.

૧૦૧) પૂજ્યસાધ્વીજી મહારાજ લક્ષ્મિશ્રીજીના સદુપદેશથી
દેવસાનોપાડો, અમદાવાદ.

૧૦૧) શાહ ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ
શાહપુર, કુવાવાવીપોળ, અમદાવાદ.

# પ્રસ્તાવના

(૧) હાલમાં તો પૂર્વ-ગીતાર્થગુરૂ ભગવંતોએ રચેલા, જે અનેક આત્મોપકારી ગ્રંથો મોજુદ છે, તેનું જ વાંચન-મનન કરવું એજ હિતાવહ છે. એમ મને મારા પૂજય પિતાશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે, આ માટે શાસ્ત્રોમાં પણ સ્પષ્ટ જણાવેલ છે કે "પાપ નહિ કોઇ ઉત્સૂત્ર ભાષણ જીસો" એટલે ઉત્સૂત્ર બોલવાથી ઘોર-પાપકર્મ બંધાય છે, કારણ કે વ્રત-નિયમાદિના કોઇએક અંશનું ખંડન થવાથી તો ચારિત્ર ગુણના એકાદ અંશનું જ ખંડન થાય છે જયારે ઉત્સૂત્ર બોલવાથી તો જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ ત્રણે ગુણોનો ઘાત થાય છે, તેમછતાં આ હકીકતને, ધ્યાનમાં રાખીને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવાદિ સાપેક્ષપણે, જો પ્રયોજન, સંબંધ, અધિકારી, અને અભિધેય-એ-ચારે અનુબંધ ચતુષ્કને યથાતથ્ય ભાવે અનુસરીને કાંઇક કહેવાય કે લખાયતો ઉત્સુત્રના દોષમાંથી બચી શકાય છે, એમ જાણીને અમોએ અમારી યથામતિ પ્રમાણે આ નમ્ર પ્રયાસ કર્યો છે

(૨) હાલમાં જયારે આર્ય-અને અનાર્ય તેમજ આસ્તિક-અને નાસ્તિક જીવોનો સહયોગ વધી રહ્યો છે, અને તેથી આત્મહિત ભણી શૂન્ય દષ્ટિવાળા નાસ્તિક આત્માઓના આચાર-વિચારોને, મોહમાં અંધ બનેલાઓ સત્તા અને સંપત્તિના જોરે આવકાર અને ઉત્તજન આપી રહ્યા છે, ત્યારે આ પુસ્તિકા આત્માથી આત્માઓને તત્વદૃષ્ટિ

આપી આત્માર્થ જાગ્રત કરવામાં તેમજ જરૂરથી આત્માર્થમાં સ્થિર થવામાં યત્-કિંચિત્ સહાયકારી બનશે. એવી આશાએ અમોએ આ નમ્ર પ્રયાસ કર્યો છે.

(૩) હાલમાં જ્યારે મોટા ભાગે અધ્યાત્મ-દષ્ટિવગર પરંપરાગત તેમજ મતિ-કલ્પિત અનેક પ્રકારના ધર્માનુષ્ઠાનો ખુબ જ ધામધૂમપૂર્વક કરાતા જોઈને; અનાર્ય-તેમજ નાસ્તિક જીવોના આચાર-વિચારોને અપનાવવા તરફ બાળ જીવો પ્રેરાય છે; તેથી કરીને-ધર્મપુરૂષાર્થ-તેમજ મોક્ષ પુરૂષાર્થનો સંપૂર્ણ અનાદર કરીને કેવળ અર્થ પુરૂષાર્થઅને કામપુરૂષાર્થમાંજ અનેક બાળ અજ્ઞાનીજીવો સુખની ભ્રાંતિએ તણાઇ રહ્યા છે, ત્યારે ધર્માનુષ્ઠાનોમાં અધ્યાત્મ-દષ્ટિ સ્થાપીને સહજ સુખના કારણરૂપ-મોક્ષ પુરૂષાર્થ ભણી લઈ જવામાં આ પુસ્તિકાનું વાંચન કાંઈક અંશે ઉપકારી થશે, એમ જાણીને અમોએ આ નમ્ર પ્રયાસ કર્યો છે.

(૪) હાલમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય રૂપ શુદ્ધ અધ્યાત્મ દૃષ્ટિનો ઘાત કરવા માટે વાણીસ્વાતંત્ર્યના નિર્બંધ અધિકારે અનેક પ્રકારના તર્ક-કુતર્ક યુકત ક્ષુલ્લક વિચારોનો છાપાઓ તેમજ પુસ્તકો દ્વારા નિર્બંધ પ્રચાર થઈ રહ્યો છે, ત્યારે શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતોએ બતાવેલ ત્રિકાળાબાધિત ભાવોને--પૂજ્ય ગીતાર્થ-ગુરૂભગવંતોએ જણાવેલ શાસ્ત્રોના આધારે અમોએ અમારી યથામતિ નય-નિક્ષેપ-પ્રમાણુ આદિ વિચારો સહિત સાપેક્ષપણે-જણાવવા આ નમ્ર પ્રયાસ કર્યો છે.


(૫) હાલમાં અનેક પ્રકારના આદર્શરૂપે, કૌભાંડોનું અનેક પ્રકારની યુકિત પ્રયુકિતઓ વડે પ્રકાશન અને પ્રસારણ થઈ રહ્યું છે, ત્યારે તેનું નિવારણ કરવા માટે પણ અનેક પ્રકારનો સાચો–પ્રયત્ન જરૂરી છે આ માટે અમોએ અમારી યથામતિ આ પુસ્તિકામાં (૧) પ્રથમ સમસ્ત જગત સ્વરૂપને, નવે તત્વોના નામાભિધાનથી તેમજ સર્વકાળે આત્માર્થ–સાધકતારૂપ નમસ્કાર મહામંત્રને તેમજ આત્માના શુદ્ધ સ્વરૂપો સાધ્ય–સાધક અને સાધનભાવના નવ પદોથી કુલ (૨૭) પદોની યંત્રરૂપે સ્થાપના કરી છે ત્યાર બાદ (૨) આ પુસ્તિકાના નામાભિધાન રૂપ અગમ–નિગમ જ્ઞાનના (૨૭) પર્યાયો જણાવ્યા છે, ત્યારબાદ (૩) સમસ્ત અગમ-નિગમજ્ઞાનના આધારે યથામતિ (૨૭) સત્તાવીશ યુગલ વિષયોનુ સ્વરૂપ બતાવ્યું છે. ત્યારબાદ (૪) નય–નિક્ષેપ-ભંગીઓ સહિત (૨૭) પ્રકીર્ણક વિષયોનું યત્કિંચિત્ સ્વરૂપ બતાવી. કુલ (૧૦૮) વિષય સ્વરૂપ આ ગ્રંથ અમોએ અમારી યથામતિ પૂર્વ–ગીતાર્થગુરૂ ભગવંતોના વચનોના આધારે લખેલ છે. તેમ છતાં આમાં અમારી મતિ–દોષથી જે કાંઈ સૂત્ર–વિરૂદ્ધ લખાયું હોય તેની અમો ક્ષમા યાચિયે છીએ; અને વિદ્વાનો અમારી તે ભુલચુક સુધારી અમોને ઉપકૃત કરશે એવી આશા રાખીએ છીએ.

એજ લી.

શાંતીલાલ કેશવલાલ



સ્વ. કેશવલાલ મોહોલાલ
જેમણે સિદ્ધાંત પાક્ષિક
દૃષ્ટિ આપી તે
પૂજ્ય પિતાશ્રી



લેખક :— શાહ શાંતીલાલ કેશવલાલ



જેમની અદ્ભુત સમતા અને
સમાધિ-મરણે મને સવિશેષ
આત્મબો ધઆપ્યો તે
પૂજ્ય માતુશ્રી સમરથ

આ ગ્રંથની રચના કરવાની મારી–મતિમાં નીચેના ગુરૂ–ભગવંતોની ઉપકારકતા કારણભુત હોવાથી, અત્રે તેઓને નામાભિધાનથી વંદના કરૂં છું.

પરમપૂજ્ય આચાર્ય શ્રી આનંદસાગર સૂરયે નમઃ
" " શ્રી માણિક્યસાગર સૂરયે નમઃ
" " શ્રી ચંદ્રસાગર સૂરયે નમઃ
" " શ્રી દેવેન્દ્રસાગર સૂરયે નમઃ
" " શ્રી કવીન્દ્રસાગર સૂરયે નમઃ
" " શ્રી માણેકસિંહ સૂરયે નમઃ
" " શ્રી ભૂપેન્દ્ર સૂરયે નમઃ
" " શ્રી વિજય દર્શન સૂરયે નમઃ
" " શ્રી વિજયોદય સૂરયે નમઃ
" " શ્રી વિજય અમૃત સૂરયે નમઃ
" " શ્રી વિજય નંદન સૂરયે નમઃ
" " શ્રી વિજય રામચંદ્ર સૂરયે નમઃ
" " શ્રી વિજય લાવણ્ય સૂરયે નમઃ
" " શ્રી વિજય લક્ષ્મણ સૂરયે નમઃ
" " શ્રી વિજય ધર્મ સૂરયે નમઃ
" " શ્રી વિજય લબ્ધિ સૂરયે નમઃ
" " શ્રી વિજય વિજ્ઞાન સૂરયે નમઃ
" " શ્રી વિજય કસ્તુર સૂરયે નમઃ
" " શ્રી કીર્તિસાગર સૂરયે નમઃ

| | | | |
|---|---|---|---|
| પરમપૂજ્ય આચાર્ય | શ્રી રિદ્ધિ સાગર | સૂરયે નમઃ |
| ” ” | શ્રી વિજય પદ્મ | સૂરયે નમઃ |
| ” ” | શ્રી વિજય દક્ષ | સૂરયે નમઃ |
| ” ” | શ્રી વિજય મનોહર | સૂરયે નમઃ |
| ” ” | શ્રી વિજય રામ | સૂરયે નમઃ |

આ ઉપરાંત અનેક પૂજ્ય ગણિવર્યો તેમજ પૂજ્ય મુનિવરો આદિના ઉપદેશ અને પરિચયથી પણ મને ઘણો જ લાભ થયો છે, તેથી તે સૌને પણ આથી બહુમાન વંદન કરૂં છું. તેમજ વળી વિશેષ કરીને પૂજ્ય સાધ્વીજી મહારાજાઓની વિશુદ્ધ ભાવનાના યોગથી મારા જ્ઞાનની શુદ્ધિ-વૃદ્ધિ થયેલી છે તેથી તે સો સાધ્વીજી મહારાજાઓને પણ આથી સબહુમાન વંદના કરૂં છું. વળી મને પુત્રવત્ પ્રેમથી ભણાવનાર પૂજ્ય પંડિત શ્રી ભગવાનદાસ હરખચંદભાઈનો તેમજ જે થકી મને આત્મબોધ થયો છે તેવા અનેક શાસ્ત્ર-ગ્રંથોના પ્રકાશકોનો પણ આથી અંતઃકરણપૂર્વક આભાર માનું છું. વળી હાલમાં ચાલુ સ્વાધ્યાયમાં શુદ્ધિ-વૃદ્ધિમાં સહાયક પંડિત ધીરજલાલ ડાહ્યાલાલનો પણ અંતઃકરણપુર્વક આભાર માનું છું.

એજ લિ.

**શાંતિલાલ કેશવલાલની**

વંદના—સ્વીકારશો

## વિષયાનુક્રમણુ

(૧) સત્તાવીશ પદયુક્ત જગતસ્વરૂપ યંત્ર. જગતસ્વરૂપમાં નવ તત્ત્વો, ઈષ્ટાર્થ સાધક વિશેષ, નમસ્કાર મહામંત્ર, અને આત્મવિશુદ્ધિના, સાધ્ય-સાધક અને સાધનભાવને જણાવનાર નવપદ, વસ્તુછંદ-ગાથા-૧ (૨) અગમ-નિગમરૂપ જ્ઞાનના (૨૭) સત્તાવીશ પર્યાયો

(૩) નીચે મુજબના સત્તાવીશ (૨૭) યુગલ-વિષયો

| | | પાનું | | | પાનું |
|---|---|---|---|---|---|
| (૧) | જીવ-અજીવ | ૪ | (૧૫) | સ્વ-પર | ૬૨ |
| (૨) | પુણ્ય-પાપ | ૧૨ | (૧૬) | દ્રવ્ય-પર્યાય | ૬૫ |
| (૩) | આશ્રવ-સંવર | ૧૫ | (૧૭) | કાર્ય-કારણ | ૭૪ |
| (૪) | વેદના-નિર્જરા | ૧૮ | (૧૮) | કર્તા-કર્મ | ૮૦ |
| (૫) | બંધ-મોક્ષ | ૨૪ | (૧૯) | સાધ્ય-સાધન | ૮૩ |
| (૬) | હેય-ઉપાદેય | ૩૧ | (૨૦) | યોગ-ઉપયોગ | ૮૬ |
| (૭) | જ્ઞાન-ક્રિયા | ૩૪ | (૨૧) | આરાધક-વિરાધક | ૯૪ |
| (૮) | નિશ્ચયદષ્ટિ-વ્યવહારદષ્ટિ | ૪૦ | | | |
| (૯) | ઉત્સર્ગ-અપવાદ | ૪૩ | (૨૨) | લૌકિકલોકોત્તર | ૯૭ |
| (૧૦) | સત્-અસત્ | ૪૬ | (૨૩) | ભૂત-ભવિષ્ય | ૧૦૦ |
| (૧૧) | નિત્ય-અનિત્ય | ૪૮ | (૨૪) | વાચ્ય-વાચક | ૧૦૨ |
| (૧૨) | એક-અનેક | ૫૦ | (૨૫) | એકાંત-અનેકાંત | ૧૦૭ |
| (૧૩) | સામાન્ય-વિશેષ | ૫૩ | (૨૬) | સુખ-દુઃખ | ૧૧૩ |
| (૧૪) | અનાદિ-અનંત | ૫૭ | (૨૭) | સિદ્ધ-સંસારી | ૧૧૬ |

(૪) નીચે મુજબના સત્તાવીશ પ્રકીર્ણક વિષયો

(૧) પ્રમાણ સપ્તભંગીનું સ્વરૂપ-૧૨૭
(૨) આત્મ-દ્રવ્યના, પ્રધાન જ્ઞાનગુણ વડે, જ્ઞાની આત્માનું નયસપ્ત ભંગાત્મક સ્વરૂપ-૧૨૮
(૩) આત્માર્થની દૃષ્ટિ વગરના મૂઢ-નાસ્તિક ભાવ ઉપર સપ્તનય વિચાર-૧૩૦
(૪) દાનગુણ ઉપર સપ્તનય વિચાર-૧૩૧
(૫) શીલગુણ ઉપર સપ્તનય વિચાર-૧૩૧
(૬) તપગુણ ઉપર સપ્તનય વિચાર-૧૩૨
(૭) ભાવગુણ ઉપર સપ્તનય વિચાર-૧૩૩
(૮) જીવતત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૩
(૯) અજીવતત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૫
(૧૦) પુણ્યતત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૬
(૧૧) પાપતત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૬
(૧૨) આશ્રવ તત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૭
(૧૩) સંવર તત્ત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૮
(૧૪) નિર્જરા તત્વ ઉપર સપ્તનય વિચાર-૧૩૯
(૧૫) બંધતત્વ ઉપર સપ્તનય વિચાર ૧૩૯
(૧૬) મોક્ષતત્વ ઉપર સપ્તનય વિચાર- ૧૪૦
(૧૭) ચાર નિક્ષેપાનું સ્વરૂપ- ૧૪૧
(૧૮) શ્રી તીર્થંકર પરમાત્માના સ્વરૂપની ત્રિભંગીનું સ્વરૂપ- ૧૪૪
(૧૯) દેવતત્વની ચોભંગી-૧૪૪

(૨૦) ગુરૂતત્વની ચૌભંગી–૧૪૫

(૨૧) ધર્મતત્વની ચૌભંગી–૧૪૬

(૨૨) તત્વના જાણુ અજાણુની અષ્ટ ભંગી–૧૪૭

(૨૩) બહિરાત્મભાવમાં ષટ્–કારકનું સ્વરૂપ–૧૪૮

(૨૪) અંતરાત્મભાવમાં ષટ્–કારકનું સ્વરૂપ–૧૪૯

(૨૫) પરમાત્મભાવમાં ષટ્–કારકનું સ્વરૂપ–૧૪૯

(૨૬) સાધુના પાંચ મહાવ્રતનું સ્વરૂપ–૧૫૦

(૨૭) શ્રાવકના બાર વ્રતનું સ્વરૂપ–૧૫૨

# શુદ્ધિ-પત્રમ્

| પાનું | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
| --- | --- | --- | --- |
| ૧ | ૬ | અંગશ્રતજ્ઞાન | અંગ—શ્રુતજ્ઞાન |
| ૧ | ૭ | શ્રનાર્થજ્ઞાન | શ્રુતાર્થકજ્ઞાન |
| ૨ | ૧૯ | ધ્રવપદના | ધ્રુવપદના |
| ૫ | ૧૪ | બાહર | બાદર |
| ૯ | ૧૪ | કુલ (૧૮) | કુલ (૧૦) |
| ૯ | ૧૬ | વમાનિક | વૈમાનિક |
| ૧૬ | ૨૨ | બાવમાં | ભાવમાં |
| ૧૮ | ૫ | સ્વરૂપ | સ્વરૂપને |
| ૨૨ | ૧૬ | પૂર્ણ | ચૂર્ણ |
| ૨૩ | ૧૦ | પ્રતિમધારી | પ્રતિમાધારી |
| ૩૩ | ૧ | બંધન દ્વેષાદિ | બંધી–રાગ–દ્વેષાદિ |
| ૩૭ | ૭ | તેતે સ્વરૂપ–તે–તે–તે | તે તે ભાવે–તે |
| ૩૮ | ૬ | તે | જાણવું |
| ૪૧ | ૨૦ | પ્રાપ્ત | પ્રાપ્ત થાય છે |
| ૪૫ | ૧૬ | બનાવેલા | પ્રરૂપેલા |
| ૪૯ | ૧૫ | ત્મક | ધ્રુવાત્મક |
| ૪૯ | ૨૦ | પપુરૂપર | પર+પર |
| ૪૯ | ૨૧ | વૃષ્યં | ધૃષ્યં |
| ૫૦ | ૨૨ | તેઈ | તેઈન્દ્રિય |
| ૫૨ | ૨૪ | यैर्जंड: | यैर्जडै: |

| પાનું | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૫૨ | ૨૬ | परमात्मा | परात्मा |
| ૫૭ | ૧૦ | ધર્માસ્તિકાય | ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય |
| ૬૪ | ૧૫ | તે અને પ્રવૃત્તિ અને | તે, અને |
| ૬૪ | ૨૦ | લખવા | લેખવા |
| ૭૭ | ૧૬ | સાધ્યશુદ્ધિ | સાધ્યશુદ્ધિની |
| ૭૮ | ૨૨ | અને | શુદ્ધ |
| ૧૦૧ | ૧૬ | અનંત–આત્મ પ્રદેશોમાં | અનેક આત્માના અનંત–આત્મ પ્રદેશોમાં |
| ૧૦૧ | ૧૭ | સમયના | સમયમાં |
| ૧૦૧ | ૧૮ | તે પરિણામનો | તેથી તેતે પરિણમનોને |
| ૧૦૫ | ૧ | દ્રવ્યવિષયચક્ર | દ્રવ્ય વિષયક |
| ૧૦૭ | ૧૬ | ૧૦૮ ભેદોથી | ૧૮૦ ભેદોથી |
| ૧૦૮ | ૧૪ | ૬–અધર્મ | ૬–અધમ |
| ૧૦૯ | ૧૭ | સ્વરૂપ લેવું | સ્વરૂપ વિચારવું |
| ૧૧૧ | ૭ | નૈગમતિકલ્પિત જેઓ | નૈગમ નયે જેઓ મતિકલ્પિત |
| ૧૧૪ | ૭ | જાણવું | સંસારમાં |
| ૧૧૫ | ૧૩ | આત્મભાવ | આત્મ ભાન |
| ૧૧૫ | ૧૬ | શાશ્વ | શાશ્વત |
| ૧૧૮ | ૮ | તેમ છે | તેમ કહે છે |
| ૧૧૯ | ૧૦ | જો અને | વળી જો |
| ૧૨૧ | ૨૨ | ભાવમાં | પરિણામી ભાવે |
| ૧૨૩ | ૧ | પરિમણુથી | પરિમણુનના પર્યાયથી |
| ૧૨૩ | ૪ | તેથી | આ રીતે |
| ૧૨૫ | ૮ | નય સાપેક્ષ | નય સાપેક્ષ |
| ૧૨૫ | ૯ | સાધિાત્વ | સિધ્ધત્વ |

| પાનું | પંક્તિ | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૩૨ | ૬ | પ્રતિ પાલન | પરિપાલન |
| ૧૩૩ | ૪ | શુદ્ધશુદ્ધ | શુદ્ધા શુદ્ધ |
| ૧૩૪ | ૧૪ | ભકિત | ભોકતા |
| ૧૩૫ | ૧૨ | અજીય | અજીવ |
| ૧૩૭ | ૧૧ | કર્મ પરનો સંયોગ | કર્મનો સંયોગ |
| ૧૩૯ | ૬ | સર્વ કર્મ | સર્વકર્મ |
| ૧૪૧ | ૧૩ | ભાવ પાશ | ભાવે ચડતી |
| ૧૪૩ | ૧૯ | એમ જેમકે જાણવું | એમ જાણવું, જેમકે |
| ૧૪૩ | ૨૨ | સ્વરૂપનું | કોઈપણ ભાવે |
| ૧૪૪ | ૧૬ | ઉદાહીનતાવાળુ | ઉદાસીનતાવાળુ |
| ૧૪૫ | ૧૬ | (૪) જેમણે | (૪) વ્યવહારકુદેવઃ– જેમણે |
| ૧૪૬ | ૧ | ભેદાભેદને | ભેદાભેદ |
| ૧૪૬ | ૮ | દર્શન– | આત્મ દર્શન તેમજ પરમાત્માની |
| ૧૪૬ | ૧૦ | પરમાત્માની | પૂજા |
| ૧૫૨ | ૧૭ | એટલે | ભાવ |

# અગમ-નિગમ

↓

## એટલે

| | |
|---|---|
| (૧) શ્રુતજ્ઞાન | અનુભવજ્ઞાન |
| (૨) શાસ્ત્ર-જ્ઞાન | ક્ષયોપક્ષિમિકજ્ઞાન |
| (૩) આપ્ત પુરુષની વાણી | તત્વબોધ |
| (૪) શ્રુતજ્ઞાનાનાવરણીય કર્મનો ક્ષયોપશમ | શુદ્ધ ઉપયોગ |
| (૫) ભણતર | ગણતર |
| (૬) અંગશ્રુતજ્ઞાન | દૃષ્ટિવાદનું જ્ઞાન |
| (૭) શ્રુતાર્થકજ્ઞાન | ગીતાર્થ-પરંપરાગતજ્ઞાન |
| (૮) જ્ઞાનદર્શનનો પરિણામ | ચારિત્ર તપનો પરિણામ |
| (૯) સાધનાત્મક જ્ઞાન | સિદ્ધજ્ઞાન |
| (૧૦) ભેદ શુદ્ધિકારક-જ્ઞાન | અભેદ શુદ્ધિકારક જ્ઞાન |
| (૧૧) સાપેક્ષજ્ઞાન | નિશંકજ્ઞાન |
| (૧૨) અવિસંવાદી જ્ઞાન | અવિકળજ્ઞાન |
| (૧૩) યથાર્થજ્ઞાન | પારમાર્થિકજ્ઞાન |
| (૧૪) ઉપયોગાત્મકજ્ઞાન | સહજજ્ઞાન |
| (૧૫) વ્યવહાર શુદ્ધિકારકજ્ઞાન | નિશ્ચય શુદ્ધિકારકજ્ઞાન |
| (૧૬) ધર્માર્થ સાધકજ્ઞાન | મોક્ષાર્થ સાધકજ્ઞાન |

| | |
|---|---|
| (૧૭) તત્વ સંવેદકજ્ઞાન | પરિણતિમત જ્ઞાન |
| (૧૮) પર-સમયજ્ઞાન | સ્વ-સમયજ્ઞાન |
| (૧૯) વિનય-જ્ઞાન | વિવેકજ્ઞાન |
| (૨૦) અક્ષર-જ્ઞાન | અનક્ષરજ્ઞાન |
| (૨૧) અભિલાપ્ય જ્ઞાન | અનભિલાપ્ય જ્ઞાન |
| (૨૨) ગુરૂ-લઘુ પરિણામનું જ્ઞાન | અગુરૂ-લઘુ પરિણામનું જ્ઞાન |
| (૨૩) વ્યતિરિક્ત ભાવનું જ્ઞાન | અન્વય સ્વરૂપનું જ્ઞાન |
| (૨૪) નયજ્ઞાન | પ્રમાણજ્ઞાન |
| (૨૫) સવિકલ્પકજ્ઞાન | નિર્વિકલ્પકજ્ઞાન |
| (૨૬) પ્રત્યયિકજ્ઞાન | પ્રત્યયરૂપજ્ઞાન |
| (૨૭) પરોક્ષજ્ઞાન | પ્રત્યક્ષ-જ્ઞાન |

આ રીતે જ્ઞાનના અનેક ભેદોને, તેમજ વળી તેને ઉત્પત્તિ લય અને સ્થિતિના ભેદથી નહિ જાણવા છતાં, પોતાની ક્ષુલ્લક એકાંતજ્ઞાન દૃષ્ટિમાં આગ્રહ રાખવા વડે, જેઓ અહંકાર અને અભિમાનમાં ઉન્મત્ત બનેલા છે, તેઓ નિશ્ચેયી મિથ્યાદૃષ્ટિ–યાને દુર્બુદ્ધિવાળા છે, અને તેથી તેઓનો સમસ્ત જ્ઞાનપ્રચાર અને પ્રવૃત્તિ અસત્ય, અને હિંસાત્મક હોવાથી તેને દુર્ગતિનું કારણ જાણીને, આત્માર્થી આત્માઓએ શુદ્ધસાત્વિક ધ્રવપદના અર્થી બનીને, નિરંતર ઉત્તમ–જ્ઞાની પુરૂષોની સેવા ભક્તિ વડે, સાચો આત્માર્થ સાધવા જાગ્રત રહેવું એ જ શ્રેયસ્કર છે, આ માટે અમોએ અમારી યથામતિ અગમ-

નિગમના સમસ્ત પર્યાયોને દૃષ્ટિ, સમક્ષ રાખીને સાપેક્ષભાવે આ પુસ્તિકામાં (૨૭) સત્તાવીશ યુગલ-વિષયોનું સ્વરૂપ બતાવ્યું છે, તેને સિદ્ધાંતથી અવિરોધી ભાવે અવધારવાથી, આત્માને પૂર્ણ-સમાધિની પ્રાપ્તિના સોપાન ઉપર ચઢવાનો અનુભવ, અવશ્ય પ્રાપ્ત થશે.

જેઓ સાચે જ ધર્મી બનવાના અર્થી છે તેઓ આ પુસ્તક વાંચવાના અધિકારી છે, અને જેઓ ધર્મી દેખાવવા માટે ખોટા ડોળ કરનારા છે તેઓ આ પુસ્તક વાંચવાના અનધિકારી જાણવા.

લેખક,

શા. શાંતલાલ કેશવલાલ

# જીવ-અજીવ

જીવ અને અજીવ દ્રવ્યોની રચનાવાળું ! આ સમસ્ત જગત અનાદિ અનંત અને ઉત્પાદ, વ્યય, ધ્રુવ સ્વરૂપવાળું છે. તેમાં જે દ્રવ્યો પોતાના પરિણમન, ભાવના, કર્તા, ભોક્તા અને જ્ઞાતા છે તે સઘળાએ જીવ-દ્રવ્યો છે અને તેથી ભિન્ન સ્વરૂપવાળા, એટલે જે પોતાના પરિણમન ભાવના કર્તા ભોક્તા અને જ્ઞાતા નથી તે સઘળાએ અજીવ દ્રવ્યો છે એમ જાણવું.

જીવદ્રવ્યોના મુખ્ય બે ભેદો જાણવા (૧) સંસારી જીવ (૨) સંસારથી મુક્ત થઈ સિદ્ધ થયેલા, સિદ્ધ, પરમાત્માઓ, તેમાં સંસારી આત્માઓ વિવિધ કર્મોદય સ્વરૂપે અનેક સ્વરૂપવાળા હોવાથી તેમના અનેક ભેદો જાણવા. તેમ છતાં અહીંયાં સર્વે સંસારીજીવો પોતાના આયુષ્ય કર્માનુસારે ચારગતિમાં જન્મ-મરણ કરતા હોવાથી તે ચાર ગતિમાંના-જીવોના ભેદોનું સામાન્યથી વર્ણન કરીશું.

(૧) નારકગતિના જીવો (૨) તિર્યંચગતિના જીવો (૩) મનુષ્યગતિના જીવો (૪) દેવગતિના જીવો. આ ચારે ગતિના જીવોના અનુક્રમે ૧૪+૪૮+૩૦૩+૧૯૮ એમ કુલ મળીને ૫૬૩ ભેદોનું યત્કિંચિત સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) નારકગતિના જીવોના સાતનારકના ક્ષેત્ર ભેદથી સાત ભેદો જાણવા તેઓ સર્વે સંજ્ઞિ-પંચેન્દ્રિય જીવો જાણવા

તેઓની ઉત્પત્તિ એટલે જન્મ—સમુચ્છિંમ કે ગર્ભજપણે નથી, પરંતુ તેઓ પોતપોતાના ઉત્પન્ન થવાના કુંભીરૂપ સ્થાનમાં ઉત્પન્ન થાય છે. એમ જાણવું તેથી તેઓ સર્વેને ઔપપાતિક જાણવા. તેમાં વળી તેઓના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ. બબ્બે ભેદો જાણવા. આ રીતે સર્વે નારકગતિના કુલ (૧૪) ચૌદ ભેદો જાણવા.

(૨) તિર્યંચ ગતિના જીવોના કુલ (૪૮) અડતાલીશ ભેદો છે. તેનું સ્વરૂપ નીચે મુજબ જાણવું. તેમાં એકેન્દ્રિય જીવોના (૨૨) બેઇન્દ્રિય જીવોના (૨) તેઇન્દ્રિય જીવોના (૨) ચૌરેન્દ્રિય જીવોના (૨) અને તિર્યંચ પંચેન્દ્રિય જીવોના (૨૦) એમ કુલ મળીને ૪૮ ભેદો છે.

જે જીવોને માત્ર એકલું શરીર જ હોય છે અને તેથી તેઓ સ્પર્શેન્દ્રિયના વિષયોને જાણે છે તેવા એકેન્દ્રિય જીવોના પ્રથમ સુક્ષ્મ, એકેન્દ્રિય, અને બાહર એકેન્દ્રિય એમ બે ભેદો જાણવા તેમાં સુક્ષ્મ એકેન્દ્રિયના (૧) સુક્ષ્મ—પૃથ્વીકાય (૨) સુક્ષ્મઅપ્કાય (૩) સુક્ષ્મ તેઉકાય (૪) સુક્ષ્મવાઉકાય (૫) સુક્ષ્મ-સાધારણ વનસ્પતિકાય એ પાંચ ભેદો જાણવા, આ પાંચે સુક્ષ્મ એકેન્દ્રિય જીવો, ચૌદે રાજલોકમાં રહેલાં છે. એમ જાણવું. પરંતુ તેઓ કોઇના બાળ્યા બળતા પણ નથી અને કોઇના માર્યા, મરતાં પણ નથી, તેમજ મનુષ્ય—પ્રાણીઓના ઉપયોગમાં પણ આવતા નથી એમ જાણવું. વળી તેમાં જે સુક્ષ્મ સાધારણ વનસ્પતિકાયના જીવો છે તેઓ આ ચૌદ રાજલોકમાં અસંખ્યાત ગોળાઓ, અને એક એક

ગોળામાં અસંખ્યાતિ નિગોદો અને તે એક નિગોદમાં અનંતા જીવો એ રીતે રહેલા છે. એમ જાણવું. વળી તેઓના જે જે અનંતાજીવોનું એક શરીર છે તે એક શરીરના જીવોને સાધારણ આહાર, સાધારણ શરીર, સાધારણ શ્વાસોશ્વાસ અને સાધારણ-આયુષ્ય હોવાથી તેને સાધારણ વનસ્પતિ-કાયના જીવો જાણવા, તેમનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગનું જાણવું અને આયુષ્ય અંતર્મુહુર્તનું જાણવું. હવે બાદર એકેન્દ્રિય જીવોના (૬) ભેદો છે તે આ પ્રમાણે જાણવા (૧) બાદર-પૃથ્વીકાય (૨) બાદર-અપકાય (૩) બાદર તેઉકાય (૪) બાદર વાઉકાય (૫) બાદર પ્રત્યેક વનસ્પતિકાય (૬) બાદર સાધારણ વનસ્પતિકાય, તેમાં માટી વિગેરે તે પૃથ્વીકાય, પાણી તે અપકાય, અને અગ્નિ તે તેઉકાય અને વાયુ તે વાયુકાય અને ઝાડ-પાન, ફલ-ફુલાદિ, તે પ્રત્યેક વનસ્પતિકાય અને કંદાદિ તે સાધારણ વનસ્પતિકાય એમ જાણવું. તેમાં કંદાદિ જે સાધારણ વનસ્પતિકાય છે તેઓને પણ અનંત-કાય જાણવી. આ રીતે એકેન્દ્રિયના (૧૧) ભેદો થયા. તેમાં પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ. બે ભેદો મળીને કુલ (૨૨) ભેદો જાણવા.

હવે શરીર અને જીભવાળા તે બેઇન્દ્રિય જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ બે ભેદોથી બેઇન્દ્રિય જીવોના (૨) બે ભેદો જાણવા. તેમજ શરીર, જીભ અને નાશિકા રૂપ ત્રણ ઇન્દ્રિયવાળા જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા એ (૨) બે ભેદો જાણવા. તેમ જ શરીર, જીભ, નાક અને

આંખ એમ ચાર ઇન્દ્રિયવાળી જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળીને (૨) બે ભેદો જાણવા. આ રીતે વિકલેંદ્રિય એટલે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના કુલ (૬) છ ભેદો જાણવા. એટલે એકેન્દ્રિયના (૨૨) બાવીશ અને વિકલેન્દ્રિયના (૬) છ ભેદ મળી કુલ (૨૮) અઠ્ઠાવીસ ભેદો થયા. એ સર્વેને તિર્યંચ ગતિમાં જ જાણવા. તેમજ હવે પંચેન્દ્રિય તિર્યંચના (૨૦) વીશ ભેદો બતાવીએ છીએ. (૧) ઉર-પરિ-સર્પ (૨) ભૂજ-પરિ-સર્પ (૩) જલચર (૪) સ્થલચર (૫) ખેચર એ પાંચે ભેદોના સમુચ્છિંમ અને ગર્ભજ એમ બે ભેદો મળી કુલ (૧૦) દશ ભેદો જાણવા. અને તે દશ ભેદોના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ (૨૦) ભેદો જાણવા. આ રીતે તિર્યંચગતિના જીવોના સર્વે મળીને કુલ (૪૮) અડતાલીશ ભેદો જાણવા.

હવે મનુષ્ય ગતિવાળા જીવોના કુલ (૩૦૩) ત્રણસોને ત્રણ ભેદો છે તેનું સ્વરુપ પણ નીચે મુજબ જાણવું. છ દ્રવ્યાત્મકપણે આ જગત અનાદિ અનંત છે તેમાં સર્વ દ્રવ્યોના આધારરૂપ આકાશ અનંતુ છે તેના માત્ર ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશરૂપ ભાગમાં જ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, તેમજ સર્વે જીવો, અને સર્વે પુદ્ગલો, રહેલા છે એમ જાણવું. તે ચૌદ રાજલોક પ્રમાણ લોકના ઉપરના સાતરાજ પ્રમાણ ક્ષેત્રમાં વૈમાનિક દેવો જાણવા. અને નીચેના સાતરાજ પ્રમાણક્ષેત્રમાં નારકીના જીવો જાણવા. તે બન્નેની મધ્યમાં માત્ર ૧૮૦૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં એટલે મેરૂ

પર્વતની સમભૂતલા પૃથ્વીથી (૯૦૦) નવસો યોજન પ્રમાણ ઉપર અને (૯૦૦) નવસો યોજન નીચે એમ ઉપર નીચેનું કુલ (૧૮૦૦) અઢારસો યોજન પ્રમાણ ક્ષેત્ર તે મધ્યલોક જાણવો. તેમજ વળી આ મધ્યલોક તિર્છો એક રાજલોક પ્રમાણ જાણવો. તેમાં અસંખ્યાતા દ્વીપો અને અસંખ્યાતા સમુદ્રો જાણવા. તેમાંના મધ્યના અઢીદ્વપમાં જ મનુષ્યોના જન્મમરણ થાય છે. એમ જાણવું. એટલે અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્ર જાણવું. આ અઢીદ્વીપમાં (૧૫) કર્મભૂમિના (૩૦) અકર્મકભૂમિના અને (૫૬) અંતરદ્વિપના મળીને સર્વે મનુષ્ય ક્ષત્રોને આશ્રયીને કુલ (૧૦૧) એકસોને એક ભેદો મનુષ્યોના જાણવા. તે સર્વેના વળી સમુચ્છિંમ અને ગર્ભજ એમ બબ્બે ભેદો જાણવા. તેમાં સમુચ્છિંમ મનુષ્યો તે ગર્ભજ મનુષ્યોના મળ--મૂત્રાદિક—અશુચિમાં ઉત્પન્ન થાય છે. અને તેઓ અપર્યાપ્તા જ હોય છે. અને તેમનું આયુષ્ય પણ અંતમૂર્હુતનું જ હોય છે. એમ જાણવું. એટલે ગર્ભજ મનુષ્યોના (૧૦૧) એકસોએક પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ (૨૦૨) બસોને બે ભેદો અને સમુચ્છિંમ મનુષ્યોના માત્ર (૧૦૧) એકસોને એક અપર્યાપ્તા મળી કુલ (૩૦૩) ત્રણસો ને ત્રણ ભેદો મનુષ્યોના જાણવા.

હવે દેવાના કુલ (૧૯૮) એકસો ને અઠ્ઠાણું ભેદો છે તેનું સ્વરૂપ નીચે મુજબ જાણવું. દેવો સમુચ્છિંમ કે ગર્ભજ પણે ઉત્પન્ન થતા નથી. પરંતુ ઓપપાતિક હોવાથી તેઓ પોતપોતાના ઉત્પત્તિ સ્થાન રૂપ કુલની—શય્યામાં ઉત્પન્ન

થાય છે. એટલે જન્મ પામે છે એમ જાણવું. વળી તે દેવો અંતમુહૂર્તમાં જ સર્વે પર્યાપ્તિઓ સંપૂર્ણ કરીને પૂર્ણ યુવાનભાવે ઉત્પન્ન થાય છે, દેવોને જરા અવસ્થા હોતી નથી. તેમજ મનુષ્યોની માફક આહાર-નિહાર પણ હોતો નથી વળી તેઓ વૈક્રિય શરીરવાળા હોવાથી વિવિધ રૂપો કરવાની શક્તિવાળા હોય છે એમ જાણવું. સામાન્યથી દેવોની પણ ચાર નિકાય છે તે આ પ્રમાણે—

(૧) ભુવનપતિના દેવો (૨) વ્યંતરદેવો (૩) જ્યોતિષ્ક દેવો (૪) વૈજ્ઞાનિક દેવો તેઓના ભેદો, ભવનપતિના (૧૦) દશ ભેદો છે. પરમાધાર્મિક દેવોના (૧૫) પંદર ભેદો છે વ્યંતરદેવોના (૮) આઠ ભેદો છે. અને વાણવ્યંતર દેવોના (૮) આઠ ભેદો છે. જ્યોતિષ્ક દેવોના ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એમ પાંચ-ચર અને પાંચ-સ્થિર મળી કુલ (૧૮) દશ ભેદો છે તેમાં અઢીદ્વીપની બહારના તે પાંચે-ભેદો, સ્થિર છે અને અઢીદ્વીપના ચર છે એમ જાણવું. વમાનિક દેવોના (૧૨) બાર ભેદો છે તેમજ નવ ગ્રૈવેયકના (૯) નવ ભેદો અને પાંચ અનુત્તર વિમાનવાસી દેવોના (૫) પાંચ ભેદો છે આ ઉપરાંત તિર્યંક-જંભૃકદેવોના (૧૦) દશ ભેદો છે વળી કિલ્બીષિક દેવોના (૩) ત્રણ ભેદો છે અને લોકાન્તિક દેવોના (૯) નવ ભેદો મળી કુલ સર્વે દેવોના (૯૯) નવ્વાણું ભેદોના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી કુલ (૧૯૮) એકસોને અઠ્ઠાણું ભેદો છે આ રીતે ચારે ગતિના જીવોના કુલ ૫૬૩ ભેદોનું સ્વરુપ સામાન્યથી

બતાવ્યું છે વિસ્તારથી તેમના શરીરોનું અને આયુષ્યાદિનું સ્વરૂપ જીવવિચાર–દંડકાદિ ગ્રંથોથી ગુરૂગમથી જાણી લેવું.

હવે અજીવ દ્રવ્યોનું સ્વરૂપ બતાવીએ છીએઃ— જે પોતાના પરિણામી ભાવોનું કર્તા-ભોક્તા અને જ્ઞાતા નથી તે અજીવ દ્રવ્ય જાણવું તે અજીવ દ્રવ્યોના પાંચ ભેદો છે એટલે તે પાંચે દ્રવ્યો અજીવ છે તેમજ અનાદિ, અનંત અને ઉત્પાદ વ્યય–ધ્રુવ સ્વરૂપવાળા છે એમ જાણવું.

(૧) ધર્માસ્તિકાય—જે દ્રવ્ય જીવ અને પુદ્ગલ દ્રવ્યને ગતિ પરિણામમાં સહાયક છે તેમજ અક્રિય અને અરૂપી છે અને લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી હોવા છતાં એક અને અખંડ દ્રવ્યાત્મક સ્વરૂપે રહેલું છે તે ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું.

(૨) અધર્માસ્તિકાયઃ—જે દ્રવ્ય જીવ અને પુદ્ગલ દ્રવ્યને સ્થિતિ (સ્થિર) પરિણામમાં સહાયક છે તેમજ અક્રિય અને અરૂપી છે અને લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી હોવા છતાં એક અને અખંડ દ્રવ્યાત્મક સ્વરુપે રહેલું છે તે અધર્માસ્તિકાય ય જાણવું.

(૩) આકાશાસ્તિકાયઃ—જે દ્રવ્ય જીવ, પુદગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચારે અસ્તિકાય દ્રવ્યોને અવકાશ આપવાના સ્વભાવવાળું છે તેમજ અક્રિય અને અરૂપી છે અને લોકાલોક પ્રમાણ એક અને અખંડ અનંત પ્રદેશી છે, તે આકાશાસ્તિકાય દ્રવ્ય જાણવું.

(૪) પુદ્ગલાસ્તિકાયઃ—જે દ્રવ્ય વર્ણ, ગંધ–રસ અને સ્પર્શાત્મક હોવાથી રૂપી છે તેમજ અચેતન હોવા છતાં સક્રિય છે અને પુરન–ગલન એટલે મળવું અને વિખરવું

તેવા સ્વભાવવાળું હોવાથી વિવિધ વિભાગી પણે ખંધ-દેશ પ્રદેશ તેમજ પરમાણું રૂપ પરિણામવાળું છે તેમજ વળી શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપાદિ અનેક પ્રકારના વિચિત્ર પરિણામ પામવાવાળું છે, તે અનંતીવર્ગણા રૂપે વિવિધ સ્વરૂપે અનંતા પુદ્ગલ દ્રવ્યો પ્રમાણુ છે, આ પ્રકારે પુદ્ગલો અનંતા-અનંત છે એમ જાણવું.

(૫) કાળઃ—કાળદ્રવ્ય મુખ્યત્વે ઉપર જણાવેલા પાંચે અસ્તિકાય દ્રવ્યોના પરિણમનની વર્તનાને વિવિધ સ્વરૂપે (ભૂત, ભવિષ્ય તેમજ વર્તમાન) આદિ-સ્વરૂપે જણાવનાર હોવાથી તે પાંચે અસ્તિકાયની વર્તના-લક્ષણને જાણવાના હેતુરૂપે ઉપચરિત દ્રવ્ય જાણવું, મુખ્યપણે તો સર્વે દ્રવ્યો પોતપોતાના પરિણામાદિક ભાવે સમયે સમયે વિવિધ પરિણામ પામ્યા જ કરે છે પરંતુ અઢીદ્વીપમાં ચર સૂર્ય, ચંદ્રના ચારે જે રાત્રિ-દિવસનો વ્યવહાર પ્રવર્તે છે તેની અપેક્ષાએ સર્વ દ્રવ્યોના વિવિધ પરિણામમાં વિ વધ કાળનો ઉપચાર કરાય છે માટે કાળ ઉપચરિત દ્રવ્ય છે એમ જાણવું. એટલે કાળ કોઈ સત્ દ્રવ્ય નથી પરંતુ પર્યાયે દ્રવ્યોપચાર રૂપે ઉપચરિત ભાવેદ્રવ્ય છે એમ જાણવું. જીવ-અજીવની રાશીવાળા આ સમસ્ત જગતના છ એ દ્રવ્યોનું સામાન્ય સ્વરૂપ ઉપર મુજબનું જાણીને વિસ્તારથી તેઓનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણવા નિરંતર પ્રયત્નશીલ રહેવું જેથી સંપૂર્ણ નિશંક-ભાવની આત્મશુદ્ધિ પ્રાપ્ત થશે.

## પુણ્ય અને પાપ

સંસારી આત્માઓ (૯) પ્રકારે પુન્ય બાંધે છે, અને (૪૨) પ્રકારે તે પુણ્યને ભોગવે છે. તેમજ વળી (૧૮) પ્રકારે પાપકર્મ બાંધે છે, અને (૮૨) પ્રકારે તે પાપ-કર્મને ભોગવે છે,

પુણ્યોદય જીવને શુભ-વિપાક આપે છે, એટલે તે-જીવને શુભ દ્રવ્ય, શુભ ક્ષેત્ર, શુભ કાળ, અને શુભ-ભાવનો યોગ કરાવી આપે છે, તેવી જ રીતે પાપોદય વડે જીવને અશુભ-દ્રવ્ય-ક્ષત્ર-કાળ-ભાવનો યોગ પ્રાપ્ત થાય છે. આ શુભાશુભતાના યોગથી-વેદનીય કર્મોદય પ્રમાણે દરેક જીવને શાતા-કે અશાતાનો પરિણામ થાય છે, તેમાં અજ્ઞાની આત્માઓ આત્મ-ભાવે સુખ-દુઃખની કલ્પનાઓ કર્યા કરે છે, તેથી જે પરસંબંધક-પર પરિણુતિ ભાવ છે તેમાં અજ્ઞાની આત્માઓ મોહને વશ થઈને રાગ-દ્વેષનો પરિણામ કરીને નવીન કર્મ-બંધ કરે છે, પરંતુ જે આત્માઓને સમ્યક્-જ્ઞાન પ્રાપ્ત થયેલું છે, તેઓને-આત્મ પરિણામ-અને જડ પરિણામના ભેદનું યથાર્થ જ્ઞાન-ભાન હોય છે. તેથી તેઓ પર પરિણામના યોગે લુબ્ધ કે ક્ષુબ્ધ થતા નથી અને તેથી નવીન કર્મ બાંધતા નથી, તેમ જ શુદ્ધાત્મ પરિણામમાં સ્થિર થઈને સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિના સુખના સ્વામી બને છે. એમ જાણવું. જેઓ પૌદ્ગલિક

વિષય સુખમાં આસકત છે, તેવા આત્માઓ આત્મ સાધના કરી શકતા નથી, તેમજ જેઓ પાપોદયમાં દીન થઈ હીનં કાર્યો કરે છે; અને નિરંતર આર્ત્તરૌદ્ર ધ્યાન કરે છે, તેઓ પોતે પણ પોતાથકી જ સ્વાત્મ-ભાવના વિરાધક છે એમ જાણવું. તેજ રીતે જેઓ પોતાના શુદ્ધાત્મ ભાવમાં જાગ્રત રહીને, પરભાવને પર રૂપે જાણીને તેથી અલિપ્ત રહીને, એટલે, જેઓ પર સંયોગી ભાવમાં લુબ્ધ કે ક્ષુબ્ધ થતા નથી તેઓ રાગ દ્વેષથી વિરામ પામીને શુદ્ધાત્મ ભાવને સંપૂર્ણ અને ક્ષાયક ભાવે પામે છે. એમ જાણવું. વળી ભૂત ભાવિ અને વર્તમાન એમ ત્રિકાલિક શુભ સંયોગી ભાવને જણાવનાર. પુણ્ય-પાપની ચૌભંગી જે શાસ્ત્રોમાં બતાવી છે તેનું યત્ કિંચિત્ સ્વરૂપ નીચે મુજબ-જાણવું.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય—જે પુણ્યોદયના શુભ વિપાકે આત્માને વિનય, વિવેક, અને સંત-સમાગમની રૂચિ અને પ્રાપ્તિ થાય. તેને પુન્યાનુબંધિ પુણ્યનોઉદય જાણવો.

(૨) પાપાનુબંધી પુણ્ય—જે પુણ્યોદયે જીવને અનેક પ્રકારની પૌદ્ગલિક ભોગોપભોગની સામગ્રી મળે, અને તેમાં તીવ્ર-આશકિત રહે તે પાપાનુબંધી પુણ્ય જાણવું.

(૩) પુણ્યાનુંબંધી પાપ—જે, જે, પ્રતિકુળતા વડે. આત્માને, સવિશેષ આત્મભાન થાય તેમજ વૈરાગ્યભાવની વૃદ્ધિ થાય, તેને પુણ્યાનુંબંધી પાપોદય સમજવો.

(૪) પાપાનુબંધી પાપઃ—અજ્ઞાન-મિથ્યાત્વ, અને રાગદ્વેષાદિ, પાપકર્મોના ઉદયે, હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, અને પરિગ્રહાદિના પાપો કરવા-કરાવવા, અને અનુમોદન કરવાની વૃત્તિ રહે, તેને પાપાનુબંધી પાપોદય સમજવો.

યદ્યપિ નિશ્ચયદૃષ્ટિએ તો પુણ્ય-પાપનો બંધ, આત્માના તે સમયના શુભાશુભ પરિણામને આધીન છે, તથાપિ વ્યવહાર દૃષ્ટિએ આત્માને જે શુભ-અશુભતાનો યોગ થયેલો હોય છે. તે, તે સમયના આત્મ-પરિણામમાં કારણ બને છે, તેથી આત્મ-પરિણામના કારણનું પણ કારણ-માનીને ઉપચારે આ ચોભંગી જણાવી છે, પરંતુ બંધ સમયે તો માત્ર બેજ વિભાગ-જાણવા, માટે આ ચૌભંગીને વિસ્તારથી-યથાર્થ સ્વરૂપે ગુરૂગમથી જાણીને આત્મશુદ્ધિ કરવા પ્રયત્નશીલ બનવું એજ શ્રેયસ્કર છે.

## આશ્રવ-સંવર

પરમોપકારી, સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓએ પ્રકાશ્યું છે કે, "સર્વે સંસારી આત્માઓ કર્મની પરવશતા વડે નિરંતર પીડાય છે." તે માટે અનાદિથી કર્મ સંયોગી એવા સંસારી આત્માઓ સર્વ કર્મના બંધનથી મુક્ત થઈ પોતાના સહજ અનંત જ્ઞાનાદિ ગુણોના સ્વામી બનીને સાદિ અનંતમે ભાગે એટલે શાશ્વત સ્વરૂપે સત્-ચિદાનંદ સ્વરૂપી સિધ્ધત્વ ભાવને જે રીતે પામે છે, તે સ્વરૂપને બતાવતાં જણાવ્યું છે કે, "સંસારી જીવે પ્રથમ જે દ્વારોથી એટલે જે હેતુઓ અને કારણોથી આત્મામાં નવિન કર્મ પ્રવેશ પામે છે તેને અનુક્રમે યથાશકિતએ બંધ કરવા જોઈએ" જે કર્મ આવવાનો પ્રકાર યાને હેતુ છે તેને આશ્રવ કહેવામાં આવે છે તે આશ્રવ હેતુઓને સંવરભાવ વડે આત્માએ રોકવા જોઈએ. એટલે જે સ્વરૂપથી આત્મા આવતા કર્મને રોકે છે તેને સંવર કહેવામાં આવે છે. યદ્યપિ સર્વે પ્રકારનો આશ્રવ રોકવાનો છે, અને તે માટે સર્વ સંવર-ભાવ-ઉપાદેય એટલે જરૂરી છે એમ જાણવું જોઈએ. તથાપિ દરેક આત્માને પોતપોતાના શુદ્ધ જ્ઞાનાદિ-ગુણોના ક્ષય-ઉપશમ અને ક્ષયોપશમાદિ ભાવે પ્રવર્તતા આત્મ-શુદ્ધિનું આરાધકપણું હોય છે, તેને સંવર ભાવ જાણવો અને ઔદયિકભાવની પૌદ્ગલિક સામગ્રીના-યોગમાં આશક્તિ અને આશંસા કરવાથી વિરાધકપણું હોય છે. તેને આશ્રવ-

ભાવ જાણવો. આ આશ્રવ તત્વના શાસ્ત્રોમાં (૪૨) બેંતાલીસ ભેદો બતાવ્યા છે તેમાં (૫) ઇન્દ્રિયો (૪) કષાય (૫) પ્રકારનો અવ્રતનો પરિણામ અને મન, વચન અને કાયયોગનું પરિણમન, એ ત્રણે પ્રકારનું યોગપ્રવર્તન તેમજ (૨૫) પ્રકારની ક્રિયાઓ આ રીતના જે કુલ બેંતાલીસ ભેદો છે તેનું દ્રવ્ય-ભાવથી યથાર્થ સ્વરૂપ પ્રથમ ગીતાર્થ ગુરૂ-ભગવંત પાસેથી બરાબર જાણી લેવું જોઈએ. હવે ઉપર જણાવેલા આશ્રવ-તત્વના સ્વરૂપથી બચવા માટે એટલે આવતાં કર્મને રોકવા માટે જ્ઞાની પુરુષોએ સંવરતત્વ પણ જે (૫૭) સત્તાવન ભેદવાળું બતાવ્યું છે તેમાં (૫) સમિતિ (૩) ગુપ્તિ (૨૨) પ્રકારના પરિગ્રહ (૧૦) દશ ભેદવાળો યતિધર્મ (૧૨) ભાવના અને (૫) પાંચ પ્રકારનું ચારિત્ર, આ રીતે કુલ (૫૭) સત્તા-વન ભેદોથી સંવરતત્વને પણ ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી દ્રવ્ય-ભાવથી યથાર્થ સ્વરૂપે જાણી લેવું. દરેક સંસારી આત્માઓ ઉપર જણાવેલા આશ્રવના યથાયોગ્ય હેતુઓ વડે સમયે-સમયે કર્મ બાંધ્યા જ કરે છે તેમજ તે તે દરેક સમયે જે જે આશ્રવ હેતુઓનો અભાવ હોય છે તે સ્વરૂપે તે આત્માને અનાશ્રવભાવ પણ હોય છે, પરંતુ જે આત્મા પોતાના સમ્યક્-ભાવ-પરિણામ વડે, એટલે ભાવસંવરતા વડે જે જે આશ્રવભાવને જેટલે જેટલે અંશે રોકે, છે તે તે ભાવે તે આત્માને ભાવ સંવરપણું જાણવું. “ આવા ભાવ સંવર-ભાવમાં વર્તતો આત્મા તે સાથે વળી સમ્યક્ત્યાગ ભાવની વિશુદ્ધિએ કરીને, પૂર્વે બાંધેલા કર્મોની સવિશેષ નિર્જરા

પણ તેજ સમયે કરે છે. એમ જાણવું. તે સકામ નિર્જરાના સ્વરૂપને વિસ્તારથી રસઘાત, સ્થિતિઘાતાદિના ભેદોથી ગીતાર્થ ગુરૂ પાસેથી યથાર્થ સમજી લેવું. આ માટે સામાન્યથી નિર્જરાતત્વના બાહ્ય તેમજ અભ્યંતર ભાવના મળી કુલ (૧૨) ભેદો વડે શાસ્ત્રોમાં બતાવેલા છે, તેનું સ્વરૂપ પણ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું. વળી વિશેષે જાણવું કે, સંસારમાં પ્રવર્તતો કોઇપણ સંસારી આત્મા સર્વથા આશ્રવ રહિત તો કોઇપણ સમયે હોતો નથી, માટે તેને કોઈપણ પ્રકારનો સંવરભાવ પણ ન જ હોય એમ ન કહેવું. કેમકે વસ્તુતઃ તો જે જે પ્રકારના આશ્રવ હેતુઓને જેવા જેવા ભાવથી રોકેલા હોય છે તે તે પ્રકારનો દ્રવ્ય અને ભાવ સંવરભાવ તે તે આત્માને અવશ્ય હોય છે અને સર્વસંવર ભાવ તો એટલે સર્વથા આશ્રવરહિતપણું તો આત્માને માત્ર (૧૪) ચૌદમે ગુણસ્થાનકે જ પ્રાપ્ત થાય છે, એમ જાણવું.

## વેદના-નિર્જરા

સર્વે સંસારી આત્માઓ ઔદયિકાદિ જે જે ભાવોમાં નિરંતર સમયે-સમયે જે જે ભાવે પરિણામ પામે છે, તે તે જીવોને તે તે ભાવોનું તે તે સમયે તથા સ્વરુપે વેદ્ય-સંવેદ્યપણું જાણવું, આત્માના આ વેદ્ય-સંવેદનના સ્વરૂપ જાણવા માટે આત્માની ત્રણ પ્રકારની ચેતનાનું સ્વરૂપ શાસ્ત્રોથી અને અનુભવથી યથાર્થ જાણવું જોઇએ.

(૧) જ્ઞાન ચેતના:—દરેક આત્માનો જ્ઞાન-દર્શનનો એટલે સામાન્ય વિશેષ સ્વરુપના જ્ઞેય-વિષયક જે જ્ઞાનોપયોગ તે જ્ઞાનચેતના જાણવી.

(૨) કર્મ ચેતના:—દરેક આત્માના કર્તૃત્વ પરિણામ, તે કર્મચેતના જાણવી.

(૩) કર્મફળ ચેતના:—દરેક આત્માને સ્વ-પર પર્યાયના ભોગ-ઉપભોગરૂપ જે વેદ્ય-સંવેદ્યપણું તે કર્મફળચેતના જાણવી.

દરેક સંસારી આત્માને બાહ્ય કે અભ્યંતર પરપૌદ્ગલિકભાવનો સંયોગ વિયોગ તે, તથાપ્રકારના કર્મના ઉદયાનુસારે જાણવો, તેમાં શુભ દ્રવ્યાદિનો યોગ પુણ્યોદયે હોય છે અને અશુભ દ્રવ્યાદિનો યોગ પાપોદયે હોય છે એમ જાણવું, તેમજ વળી તથાપ્રકારના કર્મોદયના અભાવે,

તેમજ અંતરાયકર્મના ઉદયે તેનો અયોગ હોય છે એમ જાણવું.

આ રીતના સમસ્ત પ્રકારના શુભાશુભ સંયોગ વિયોગમાં દરેક આત્માને શાતા કે અશાતાનો એટલે કે સુખનો કે દુઃખનો પરિણામ તે વળી તથાપ્રકારના વેદનીય કર્મના ઉદયાનુસારે થાય છે એમ જાણવું અને તે અંતમુહૂર્તે પરાવર્તીપણે હોય છે એમ જાણવું.

આ વેદનીય કર્મના ઉદય જન્ય પર-પ્રત્યયિક સુખ દુઃખમાં જે આત્માને ઈષ્ટાનિષ્ટત્વનો, અને રતિ-અરતિનો તેમજ રાગદ્વેષનો પરિણામ થાય છે તે તે જીવને તથા પ્રકારના પોતાના મોહનીય કર્મના ઉદયાનુસારે થાય છે એમ જાણવું.

હવે જે આત્માઓએ જે સ્વરૂપે દર્શન-મોહનીય કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરેલો હોય છે તે મુજબ તે આત્માઓને સુખ-દુઃખના સંવેદને પણ ઇષ્ટાનિષ્ટત્વનો આત્યંતિક પરિણામ હોતો નથી. કેમકે તેઓને શુદ્ધાત્મભાવના-સ્વરૂપનું તેમજ પરભાવના-વિષમતાનું ભેદ જ્ઞાન થયેલું હોય છે, જો કે સર્વે સંસારી આત્માઓને કર્મજન્ય સુખ દુઃખનું જ્ઞાનવરણીય કર્મના ક્ષયોપશમ મુજબ શુદ્ધાશુદ્ધત્વભાવે વેદન-સંવેદન જરૂર હોય છે. તે વેદન-સંવેદનનું સ્વરૂપ પણ જ્ઞાન ચેતનાના ત્રણ ભેદથી નીચે મુજબ જાણવું.

(૧) સર્વે મિથ્યાદષ્ટિ આત્માઓને મોહમૂલક માત્ર વિષય-પ્રતિભાસ જ્ઞાન જાણવું.

(૨) સર્વે સમ્યક્ત્વધારી આત્માઓને પોતાના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોના ક્ષયોપશમ મુજબ તત્ત્વસંવેદન જ્ઞાન જાણવું એટલે સ્વ-પર પર્યાયના યથાર્થભેદવાળું જ્ઞાન જાણવું.

(૩) જે જે આત્માને જે જે સ્વરૂપે ચારિત્ર મોહનીયનો ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ વર્તે છે તે મુજબ, તે તે આત્માને તત્વપરિણતિમત્ જ્ઞાન જાણવું. એટલે શુદ્ધાત્મ-સ્વરૂપમાં જ્ઞાન, દર્શન, ચારિત્રાદિગુણોના અભેદ પરિણામનું જ્ઞાન આસ્વાદન જાણવું.

આ રીતે સર્વે સંસારી આત્માઓને પૂર્વે બાંધેલા કર્મોદય પ્રમાણે તેમજ તે તે સમયના તે તે આત્માના મોહનીયકર્મના ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ ભાવ પ્રમાણે તે તે આત્માઓને સ્વ-પર ભાવનું શુદ્ધાશુદ્ધ વેદ્ય સંવેદ્ય-પણું જાણવું, સંસારી આત્માઓ મૂળ પ્રકૃતિરૂપે આઠ અને ઉત્તર પ્રકૃતિરૂપે (૧૨૦) એકસોને વીસ પ્રકૃતિઓનો વિવિધ પ્રકારે સમયે-સમયે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ સ્વરૂપે કર્મબંધ કરે છે તેમજ વળી તે કર્મબંધને પણ સ્પૃષ્ટ, બદ્ધ અને નિધત્ત અને નિકાચનાના સ્વરુપથી ચાર-ભેદવાળો જાણીને તેમાં એટલે બંધાયેલી કર્મ-પ્રકૃતિ-ઓમાં ઉદ્વર્તના, અપવર્તના અને સંક્રમણાદિ કરણો પણ સમયે સમયે આત્માના દરેક સમયના અધ્યવસાય પ્રમાણે

થયા જ કરે છે એમ જાણવું. પરંતુ જે કર્મ ઉદયાવલિકામાં આવેલું હોય છે તેને તો તથાસ્વરૂપે જીવને ભોગવવું પડે છે (ઉદય સમયથી આરંભીને એક આવલિકા પ્રમાણ-કાળને ઉદયાવલિકા કહેવાય છે, તે અસંખ્યાત સમયની એક આવલિકા જાણવી. તેમજ એક અંતર્મુહૂર્તની એટલે (૪૮) મિનિટની ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકાઓ જાણવી) આથી જે કર્મ જેવા સ્વરૂપે ઉદયાવલિકામાં આવેલું છે. તે કર્મને તો તથાપ્રકારના રસવિભાગ સહિત જીવને ભોગવવું પડે છે એમ જાણવું.

આથી સ્પષ્ટ સમજાયે કે પૂર્વે બાંધેલા કર્મમાં દરેક આત્મા પોતાના અધ્યવસાયથી અનેક પ્રકારના ફેરફારો પણ પ્રતિ સમયે કર્યાજ કરે છે તેથી કરીને જેવા પ્રકારનું કર્મ બાંધ્યું હોય તેવાજ પ્રકારથી તે કર્મને ભોગવવાનું જ છે; એવો એકાંતનિયમ રહેતો નથી; પરંતું દરેક કર્મ જે સ્વરૂપે ઉદયાવલિકામાં આવેલું હોય છે તેને તો તે પ્રકારે જ દરેક જીવને અવશ્ય ભોગવવું પડે છે. આ રીતે દરેક સમયે ઉદયમાં આવેલા જે જે કર્મને આત્મા–સુખ દુઃખાદિ રૂપે જેજેસ્વરુપે વેદે છે યાને ભોગવે છે તેને વેદના કહેવાય છે.

જે જે કર્મ ભોગવાઇને આત્મ પ્રદેશથી છુટું પડી જાય છે તેને નિર્જરા કહેવાય છે. દરેક આત્માને દરેક સમયે ભોગવાતા કર્મની નિર્જરા હોય જ છે. પરંતુ જે સમ્યક્-ત્વાન આત્માઓ પોતાના સમ્યક્ત્વ ભાવ વડે શાસ્ત્રોમાં

બતાવેલા બાર પ્રકારના તપ પરિણામ વડે એટલે કે વિષય, વૈરાગ્ય, અને મોક્ષાભિલાષી-ભાવવડે પોતાના અધ્યવસાયની વિશુદ્ધિથી પૂર્વે બાંધેલા કર્મોમાં વિશેષપ્રકારનો ફેરફાર કરે છે, અને વિશેષપ્રકારે આત્મામાંથી કર્મો છૂટા પાડે છે. તેમજ સ્થિતિઘાત-રસઘાતાદિ રૂપે જે જે ફેરફારો કરે છે તેને સકામનિર્જરા શાસ્ત્રોમાં કહી છે. આ સકામ-નિર્જરા મોક્ષનું કારણ જાણવી, આ સકામનિર્જરાનું રસ-ઘાત, સ્થિતિઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ અને અપૂર્નબંધક ભાવનું સ્વરૂપ ગીતાર્થગુરુ ભગવંત પાસેથી સમજી લેવું. વળી જે આત્માઓ શમ-સંવેગાદિ ગુણોયુક્ત નિર્જરાનો એટલે ત્યાગનો પરિણામ હોતો નથી, તે આત્માને જે જે કર્મ ભોગવાઈને આત્મ-પ્રદેશોથી છૂટું પાડે છે તેને અકામ નિર્જરા જાણવી. આવી અકામ-નિર્જરા મોક્ષનું કારણ નહિ હોવાથી તેને તત્ત્વતઃ નિર્જરા કહી નથી, કેમકે ત્યાં નિર્જરાના કારણ રૂપ આત્માના અધ્યવસાયનો અભાવ છે. તેથી જ શાસ્ત્રોમાં અકામ-નિર્જરાને હેડકાના પૂર્ણ સન્માન કહી છે એટલે તે ફરીને નવા અનેક પ્રકારના સવિશેષ બંધનું કારણ બની જાય છે એમ જાણવું. જ્યારે સકામ-નિર્જરા વડે આત્મા બંધવિચ્છેદ ભાવમાં આગળ વધતો ગુણસ્થાનક ઉપર ચડીને અંતે મોક્ષપદને પામે છે. એમ જાણવું.

આ માટે શ્રી ભગવતીસૂત્રને વિષે પ. પૂ. શ્રી ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામીજીના પ્રશ્નોત્તરમાં શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવાન શ્રી મહાવીર સ્વામીજી એ

નીચે મુજબ જણાવ્યું છે. તેનો પણ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી વિશેષથી અભ્યાસ કરવો.

પ્રશ્ન (૧) હે ભગવંત, ઘણી વેદનાએ અલ્પ નિર્જરા થાય છે?

જવાબ. હા. ગૌતમ, નારકીના જીવોને ઘણી વેદનાએ અલ્પ નિર્જરા થાય છે.

પ્રશ્ન (૨) હે ભગવંત, અલ્પ વેદનાએ અલ્પ નિર્જરા થાય છે?

જવાબ. હા. ગૌતમ, અનુત્તર વિમાનવાસી દેવોને અલ્પ વેદનાએ અલ્પનિર્જરા થાય છે.

પ્રશ્ન (૩) હે ભગવંત, ઘણી વેદનાએ ઘણી નિર્જરા થાય છે?

જવાબ હા. ગૌતમ, પ્રતિમધારી–શ્રાવક તથા મુનિભગવંતોને ઘણી વેદનાએ ઘણી નિર્જરા થાય છે.

પ્રશ્ન (૪) હે ભગવંત અલ્પવેદનાએ ઘણી નિર્જરા થાય છે?

જવાબ હા. ગૌતમ, ચૌદમે ગુણસ્થાનકે, અલ્પ વેદનાએ ઘણી નિર્જરા હોય છે. આ રીતનો વેદનાના–વેદ્ય સંવેદ્ય–પરિણામ સાથેનો નિર્જરા–તત્વોનો સંબંધ અમોએ શાસ્ત્રાધારે યત્‌કિંચિત્‌ બતાવ્યો છે, વિશેષથી અનુભવથી સમજી લેવો.

# બંધ મોક્ષ

આ સંસારના તમામ આત્માઓ અનાદિ કાળથી કર્મ-બંધનથી જકડાયેલા છે, પૂર્વે કોઈપણ કાળ એવો ન હતો કે, જે કાળે આ સંસારી આત્મા કર્મ-બંધન વગરનો હતો, માટે અનાદિ એટલે જેને આદિ કેતા શરૂઆત અને પ્રથમતા નથી તે સ્વરુપે, અનાદિ કાળથી આ સર્વે સંસારી આત્માઓ કર્મના બંધનથી જકડાયેલા છે એમ જાણવું. જો પૂર્વે કોઈ કાળે આ સંસારી આત્માને કર્મ-બંધન વગરનો વિચારીશું તો તે શુધ્ધ આત્માને કર્મ વળગ્યું કેમ ? જો શુધ્ધાત્માએ કર્મઉપાર્જન કર્યું એમ વિચારીએ તો શુધ્ધાત્માપણું જ નષ્ટ થઈ જશે ? વળી જો પ્રથમ કર્મ અને પછી તેની સાથે આત્મા બંધાયો એમ વિચારીશું તો તે પ્રથમનું કર્મ તે કોનું ? કેમકે જે કર્મ આત્માએ પોતે કરેલું નથી તે કર્મ તે આત્માને બંધનરૂપ કે ભોગવવા રૂપ પણ ન હોઈ શકે વળી જો આત્માને અને કર્મને એકીસાથે ઉત્પન્નતા માનીએ. તો પણ એકી સાથે ઉત્પન્ન થયેલ કર્મને પણ, તે કર્મ તે આત્માનું છે. એમ નહિ જ કહી શકાય. આ રીતે વિચારતાં અનેક દોષો આવે માટે દરેક સંસારી જીવને પોતાના કર્મનો સંયોગસંબંધ પ્રવાહથી અનાદિ કાળનો છે, એમ જે શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગપરમાત્માએ જણાવ્યું છે તેજ અર્થમાં શ્રધ્ધા કરવી એજ શ્રેયઃસ્કર .

હવે દરેક સંસારી આત્મા પૂર્વે બાંધેલા કર્મના ઉદયને અનુસારે નારકી તિર્યંચ મનુષ્ય અને દેવગતિ એ ચારગતિરૂપ સંસારમાં અનાદિ કાળથી જન્મ-મરણ કરે છે, અને તેમાં વિવિધ કર્માનુસારે વિવિધ પ્રકારના શરીર ધારણ કરીને, તે શરીરાદિદ્વારા મન, વચન તેમજ કાયયોગથી અજ્ઞાન અને સંમોહના જોરે નવા નવા કર્મ, સમયે સમયે બાંધે જ જાય છે. આ રીતે જે જે વિવિધ કર્મનું બંધન-આત્મા જે જે હેતુઓથી, અને જે જે સ્વરૂપે કરે છે તેનું કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

પ્રત્યેક સંસારી આત્મા પોતાના અસંખ્યાત આત્મ પ્રદેશે એક પ્રદેશાવગાઢ એટલે તે તે આત્મપ્રદેશ-ક્ષેત્રને વિષે રહેલી અનંતી કાર્મણ-વર્ગણાને પોતાના યોગવડે ગ્રહણ કરે છે. અને તેનો કષાય પરિણામવડે તેજ સમયે પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશરૂપ વિવિધસ્વરૂપે બંધ કરે છે, તે પ્રત્યેક કાર્મણવર્ગણાને અનંતા અનંત પુદ્ગલ પરમાણુઓના સ્કંધરૂપ, અને સર્વ જીવોથી અનંતા અનંત રસવિભાગથી યુકત જાણવી, અનંતા-અનંત કાર્મણ-વર્ગણાઓને પ્રતિ-પ્રદેશે આત્મા પોતાના યોગ અને કષાય-રૂપ અધ્યવસાયથી સમયે-સમયે ગ્રહણ કરે છે અને તે જ સમયે તે સર્વેને પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ સમુદાય રૂપે નિયત સ્વરૂપ પમાડીને તેનો આત્મપ્રદેશોની સાથે, જે ક્ષીર-નીરવત્ સંબંધ કરે છે; તેને કર્મબંધ જાણવો તે કર્મનું સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) પ્રકૃતિ બંધ એટલે :— બંધાયેલું તે કર્મ કેવા પ્રકારનું ફળ આપશે તે રૂપે તેને નિયત કરવું. તે તે મૂળ પ્રકૃતિઓ રૂપે જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારવાળું છે અને ઉત્તર પ્રકૃતિઓ રૂપે ૧૫૮ પ્રકારનું છે, તેમાંથી બંધમાં ૧૨૦ અને ઉદયમાં ૧૨૨ પ્રકૃતિઓ હોય છે તેનું સ્વરૂપ વિસ્તારથી ગીતાર્થ ગુરૂભગવંત પાસેથી સમજી લેવું.

(૨) સ્થિતિબંધ એટલે :—તે કર્મ કેટલા કાળ સુધી તથા પ્રકારનું ફળ આપશે તે, આ માટે દરેક કર્મપ્રકૃતિઓનો જે વિવિધ સ્થિતિકાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી બે પ્રકારનો હોય છે તેને, અને તે સ્થિતિકાળ પ્રમાણે તેનું જે અબાધાકાળનું સ્વરૂપ હોય છે તેને પણ ગુરુ-ગમથી જાણી લેવું.

(૩) રસ બંધ એટલે :—તે કર્મ કેવા અને કેટલા પ્રમાણમાં તીવ્ર કે મંદ ભાવથી ફળ આપશે તે, આ રસ-વિપાકના સ્વરૂપને પ્રથમ ઘાતિકર્મ અને અઘાતિકર્મ તેમ જ દેશઘાતિ અને સર્વઘાતિના સ્વરૂપથી યથાર્થ જાણી લેવું. તે પછી તેમાં અનુભવથી યથાર્થ શ્રધ્ધા કરવી, કેમકે આત્માની વિશુધ્ધિની–કારકતાનો આધાર આ રસવિપાકની તરતમતા ઉપર રહેલો છે.

(૪) પ્રદેશ બંધ એટલે :—વિવિધ કર્મ–વર્ગણાઓના જથ્થાની સંખ્યાનું પ્રમાણ એટલે જેટલી–જેટલી કાર્મણ–વર્ગણા જે જે સમૂહ ભાવે જે જે સ્વરૂપે બંધન પામે

છે તે, આ સાથે વળી તેની નિષેક રચનાનું સ્વરૂપ પણ ગુરુગમથી અવશ્ય જાણવું જરૂરી છે.

[દરેક આત્માને ઉપર મુજબના કર્મબંધનનું પ્રધાન કારણ આત્મ-સ્વરુપનું અજ્ઞાન છે. અને તેથી જ આત્મશુદ્ધિકરણના-પ્રયત્નના-અભાવ રુપે પ્રમદાચારણ હોય છે આ અજ્ઞાન તે મિથ્યાત્વમોહનીયના ઉદયજન્ય જાણવું અને આત્મશુદ્ધિકરણનો અભાવ તે ચારિત્ર-મોહનીયના ઉદયજન્ય જાણવો. આ માટે પ્રથમ મિથ્યાત્વ-મોહનીય કર્મનું જોર તોડવાને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જરૂરી છે અને ચારિત્રમોહનીયનું જોર તોડવાને પ્રથમ દર્શનમોહનીય કર્મનો ક્ષયોપશમ જરૂરી છે. આમ છતાં સામાન્ય રીતે જેટલું જેટલું મોહનીય કર્મનું જોર ઓછું તેટલું તેટલું આત્મસામર્થ્ય વિશેષ જાણવું. વળી તે આત્મસામર્થ્ય વડે જે જે આત્માઓ જે જે પ્રકારે અધિકતર મોહનીયકર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરે છે તે ભાવે તે તે આત્માઓની આત્મવિશુદ્ધિની કારકતા જાણવી. આ રીતે જે જે આત્માઓ જેમ જેમ આત્મ વિશુદ્ધિએ વધતા જાય છે તેમ તેમ તેમને બંધ વિચ્છેદતા પ્રાપ્ત થાય છે એમ જાણવું.

## મોક્ષ

આત્મગુણઘાતિ કર્મના બંધનથી મુકત થવાવડે આત્માને આત્મિકસુખની પ્રાપ્તિ થાય છે અને આત્માને સર્વે કર્મના બંધનથી સર્વથા મુકત કરવાથી આત્માને મોક્ષ-સુખની પ્રાપ્તિ થાય છે એમ જાણવું. યદ્યપિ શુદ્ધનિશ્ચયદૃષ્ટિએ વિચારીએ તો, આત્માને કર્મનું બંધન પણ નથી અને તેથી તેને મૂકાવારૂપ મોક્ષ પણ નથી. પરંતુ આમ નિશ્ચય દૃષ્ટિએજ શુદ્ધાત્મ સ્વરૂપ છે તેની નિશ્ચય સ્વરૂપથી શ્રદ્ધા કરીને, તેમ જ તે શુધ્ધ સ્વરૂપનું સાધ્યાવલંબન રૂપે સાધ્ય કરીને, હાલમાં જે પોતાનું અશુધ્ધ મોહ-પરિણામના વ-વહારવાળું આત્માનું જે અશુધ્ધપણું છે, તેને શુદ્ધ વ્યવહારમાં જોડતાં, એટલે વિષય-કષાયભાવથી નિવર્તાવીને, જ્ઞાનદર્શન ચારિત્રાદિના યોગરૂપ પંચાચારમાં પ્રવર્તન કરવા વડે, આત્માને યથાર્થ સ્વરૂપે દ્રવ્ય અને ભાવ કર્મના-બંધનથી છૂટવાપણું હોય છે એમ જાણવું. આ માટે જાણવું કે, દરેક સંસારી આત્મા અનાદિથી કર્મબંધનથી-યુકત છે અને સિદ્ધ-પરમાત્માઓ સર્વ કર્મબંધનથી મુકત થયેલા છે, તેમાં કોઈ એક સિધ્ધપરમાત્માની અપેક્ષા વડે સિધ્ધત્વ ભાવનું સાદિઅનંતપણુ જાણવું. અને સર્વ સિધ્ધ પરમાત્માની અપેક્ષાએ સિધ્ધત્વસ્વરુપનું અનાદિ-અનંતપણુ જાણવું આવી શુધ્ધ શાશ્વત સિધ્ધાવસ્થા પ્રાપ્ત કરવામાટે પરમો-પકારી શ્રી જિનેશ્વર ભગવંતોએ ઉપર જણાવ્યા મુજબનો

જે મોક્ષમાર્ગ બતાવ્યો છે તેમાં જ શ્રધ્ધા કરીને પોતાના આત્માને તે માર્ગમાં જોડતાં, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચારગુણઘાતિ કર્મના બંધન જેમ જેમ તુટતા જાય છે તેમ તેમ તે આત્માને શુધ્ધાત્મસ્વરૂપનો અનુભવ પ્રાપ્ત થાય છે, તે પછી તે કર્મ-પરિણામના વિકારથી રહિત, પોતાનું જે સહજ શુધ્ધાત્મ સ્વરૂપ છે, તેમાં જ એકત્વ ભાવે રમણતા કરતાં થકાં, તે આત્માને સર્વકર્મથી મુકત થવા વડે મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે એમ જાણવું, આ માટે કોઈ પણ આત્મા મનુષ્યભવ સિવાયના કોઈ પણ ભવથી સિધ્ધપદ પ્રાપ્ત કરી શકતો નથી એમ જાણવું. માટે તમામ સિધ્ધપરમાત્માઓને પ્રથમ સંસારી ભાવથી ઉત્તમ મનુષ્યભવ પામીને જ સર્વ-કર્મના બંધનથી મુકત થઈ સિદ્ધ પરમાત્માઓ બનેલા છે એમ જાણવું. જે કોઈ સિધ્ધ પરમાત્મા, જે કોઈ સ્વરૂપના મનુષ્ય ભવ, ક્ષેત્ર કાળાદિ ભાવની વિશુધ્ધએ સિધ્ધ-પદ પામેલ છે તે સિધ્ધ પરમાત્માની તે ભાવે સ્થિતિ જાણવી. આ રીતે સર્વસિધ્ધ પરમાત્માનું ભિન્નપણુ જાણવું. તેમજ સર્વ સિધ્ધ પરમાત્માઓનું શુધ્ધતામ સ્વરૂપે એકસરખાપણું જાણવું. વળી તે સર્વે સિધ્ધાત્માઓને કોઈપણ પ્રકારનું કર્મબંધન, આયુષ્ય, પ્રાણ, પર્યાપ્તિ, ઈન્દ્રિયો, કે શરીર હોતું નથી. પરંતુ તેઓ પૂર્ણજ્ઞાનાદિ ભાવે સત્‌ચિદાનંદ સ્વરૂપે પોતાના અરુપી. અગુરુંલઘુ તેમજ અવ્યાબાધાદિ અનંતાઅનંત

ગુણોમાં અનંતોકાળ શાશ્વત સ્વરુપે એટલે હવેથી તેમને કોઈ પણ કાળે પણ આ સંસારમાં જન્મ-મરણ કરવાના નથી તે રૂપે શુધ્ધ-ક્ષાયિક ભાવે સમયે-સમયે પૂર્ણ જ્ઞાનોપયોગમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય રૂપે પરિણામ પામી રહેલા છે. એમ જાણવું. આવું જે શુધ્ધ શાશ્વત અને ધ્રુવ સિધ્ધાત્મ સ્વરૂપ છે તેને યથાર્થ ભાવે તો ધ્રુવત્વ ભાવ વડે જ જાણી શકાય ? કેમકે અસ્થિર પરિણામ તો સ્થિર ભાવને પણ અસ્થિર રૂપે જુવે છે તો પછી ધ્રુવ ભાવને તો જાણી જ કેમ શકે ? પરંતુ ધ્રુવ ભાવની શ્રધ્ધાના જોરે કથંચિત્ સ્થિરતા ભાવ વડે કથંચિત ધ્રુવભાવનો અનુભવી પૂર્વે બતાવ્યા મુજબના સિધ્ધત્વ સ્વરૂપી પૂર્ણ ધ્રુવત્વભાવને પામવા સમર્થ થઈ શકે છે એમ જાણવું.

## હેય-ઉપાદેય

જીવ અને અજીવની રાશિરૂપ આ જગત્ છ દ્રવ્યાત્મક છે અને આ છ એ દ્રવ્યોના વિવિધ પરિણામો મુખ્યત્વે નવતત્વાત્મક છે. આ નવે તત્વોનો પ્રમાણ અને નયથી યથાર્થ બોધ કરતાં શ્રી વીતરાગ સર્વજ્ઞ અને સર્વદર્શી પરમાત્માઓએ બતાવેલ હેય-ઉપાદેય ભાવનું યથાર્થ શ્રધ્ધાન થાય છે, તેને સમ્યક્ત્વ જાણવું. આ હેય-ઉપાદેયમાં મુખ્યપણે આશ્રવતત્વને હેય રૂપે અને સંવર નિર્જરા અને મોક્ષતત્ત્વને ઉપાદેયરૂપે. જાણીને, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવ અને ભવની સાપેક્ષતાએ ત્યાગ ગ્રહણ કરવાથી આરાધકતા પ્રાપ્ત થાય છે એમ જાણવું. જે જીવો આશ્રવતત્વને ઉપાદેય જાણે છે અને સંવર-નિર્જરા અને મોક્ષતત્વને હેય સમજે છે તેઓ મિથ્યાદષ્ટિ જાણવા. અને તે ભાવે વર્તનારા જીવોની આ સંસારમાં ઘોર-દુર્દશા થાય છે એમ જાણવું. શાસ્ત્રોમાં આશ્રવ તત્વના (૪૨) બેંતાલીસ ભેદો બતાવ્યા છે તેમજ તેના બંધ હેતુઓના (૫૭) સત્તાવન ભેદો બતાવ્યા છે તે માંહે જે જે જીવો જેટલો જેટલો આશ્રવભાવનો નિરોધ કરે છે તેટલો તેટલો તે જીવને સંવર ભાવ જાણવો અને તેથી તેટલો તેટલો તે જીવને બંધ વિચ્છેદ જાણવો.

સંવર તત્વના શાસ્ત્રોમાં (૫૭) સત્તાવન ભેદો બતાવ્યા છે તેમાં સમિતિ, ગુપ્તિ, અને પરિષહ તે દ્રવ્યસંવર રૂપ

છે અને યતિધર્મ– ભાવના, અને પાંચ પ્રકારનું ચારિત્ર તે ભાવસંવરરૂપ છે, એટલે સમિતિ અને ગુપ્તિનું આચરણ તે દ્રવ્યસંવર જાણવો. અને સમિતિ તથા ગુપ્તિ રૂપ આત્માનો જે પરિણામ તે ભાવસંવર જાણવો. વળી પણ વ્યવહાર સંવર અને નિશ્ચય સંવરનું પણ યથાર્થ જ્ઞાન કરવું જરૂરી છે. કેમકે મિથ્યાદૃષ્ટિને જે સંવરપણું હોય છે, તે માત્ર વ્યવહાર સંવરપણું જાણવું કેમકે તેથી તે આત્માને નિર્જરા થતી નથી એટલે આત્મગુણોનો વિકાસ થતો નથી. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવને નિશ્ચયસંવર પ્રાપ્ત થયે સ્વરૂપ રમણતા વડે અવશ્ય આત્મિક ગુણોનો આવિર્ભાવ થાય છે. એમ જાણવું. જે જીવો આશ્રવ ભાવનો નિરોધ કરી સંવરભાવમાં સ્થિર થઈ પરભાવનો એટલે કે રાગદ્વેષની પરિણુતિનો જે જે સ્વરૂપે ત્યાગ કરે છે તે તે ભાવે તે તે જીવને પોતપોતાના પરિણામની શુદ્ધિને અનુસારે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોનો જે વિકાસ થાય છે. તેને ભાવ નિર્જરા જાણવી. આ પ્રમાણે ભાવ નિર્જરાએ આત્મ–શુદ્ધિ કરતો આત્મા અંતે સર્વ કર્મના બંધનથી છૂટો થઈ મોક્ષભાવને પામે છે. એમ જાણવું. આથી સ્પષ્ટ સમજાશે કે મોક્ષભાવનું કારણ નિર્જરા છે અને નિર્જરાનું કારણ સંવર, અને તે સંવરભાવની પ્રાપ્તિ અનુક્રમે આશ્રવભાવનો નિરોધ કરવાથી થાય છે. આશ્રવ ભાવનો નિરોધ અનુક્રમે આ પ્રમાણે કરવો જોઈએ (૧) પ્રથમ વિષય વિકારથી, તે પછી (૨) અનાદિ તીવ્ર અનંતાનું

બંધન દ્વેષાદિ કષાય પરિણામથી, અને તે પછી (૩) પ્રમાદ તેમજ અવ્રતના પરિણામથી, અને તે પછી છેવટે (૪) યોગ પરિણમન ભાવનો નિરોધ કરવાથી જીવને સર્વ-સંવર ભાવની પ્રાપ્તિ થાય છે એમ શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી જિનેશ્વર પરમાત્માઓએ પ્રકાશ્યું છે આ માટે શ્રીજીનેશ્વર ભગવંતોએ બતાવેલ મોક્ષમાર્ગના અનુક્રમમાં પ્રીતિ-પ્રતીતિ કરીને પાંચ પ્રકારના વ્યવહારનો અવિરૂધ્ધ ભાવે વ્યવહાર કરવાથી આત્માર્થ-સધાય છે એમ જાણવું. હવે અવિરૂધ્ધ વ્યવહારની પ્રાપ્તિ માટે જરુરી યથાર્થ જ્ઞાન-ક્રિયાનું સ્વરૂપ જણાવીશું.

## જ્ઞાન-ક્રિયા

### (જ્ઞાન)

મૂર્ત અને અમૂર્ત સમસ્ત દ્રવ્યોને તેના ત્રિકાલિક ગુણ-પર્યાય સહિત જાણવા, રૂપ આત્માનું જે સામર્થ્ય તે જ્ઞાન-ગુણ જાણવો. દરેક આત્મામાં આ જ્ઞાનગુણ તો હોય છે જ, કેમકે જીવ કહો કે આત્મા કહો, તે જ્ઞાનાદિ ગુણોના સમુદાયવાળો જ છે પરંતુ આ જ્ઞાનગુણ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મોથી જે જે સ્વરૂપે અવરાયેલો એટલે ઢંકાયેલો હોય છે તે તે સ્વરૂપે તે તે આત્માને તથા વિધ-જ્ઞાન પર્યાયમાં પરિણામ પામવાની શક્તિ દબાયેલી હોય છે એમ જાણવું. જો કે કોઇપણ આત્માનો જ્ઞાનગુણ કોઇ પણ કાળે સંપૂર્ણપણે એટલે સર્વથા અવરાયેલો હોતો નથી પરંતુ મતિજ્ઞાનાવરણ અને શ્રુતજ્ઞાનાવરણ કર્મોનો જે જે જીવને જે જે સમયે જેટલો જેટલો ક્ષયોપશમ હોય છે તે પ્રમાણે તે તે જીવોને તથા સ્વરૂપે જ્ઞાનગુણમાં પરિ-ણામ પામવાપણું હોય છે. એટલે તે જીવને તે કાળે તેટલું જ્ઞાન હોય છે એમ જાણવું, વળી પણ જે જે આત્માને અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણનો જેટલો જેટલો ક્ષયોપશમ પ્રાપ્ત થયેલો હોય છે તે મુજબ તે આત્માને તે તે નિરાવરણ જ્ઞાનગુણ વડે ઉપયોગ મૂકવાથી તે તે જ્ઞેય-ભાવોનું પ્રત્યક્ષ સ્વરૂપે જ્ઞાન થાય છે એમ જાણવું.

આથી સમજવું કે ઉપર જણાવેલા ચારે ક્ષાયોપશમિક જ્ઞાનગુણમાં જે જે આત્મા જે જે કાળે જેટલે જેટલે અંશે જે ભાવે ઉપયોગવાન હોય છે તે ભાવે તે સમયે તે આત્મામાં તથા રૂપ જ્ઞેયને જાણવાનો, જ્ઞાનપરિણામ હોય છે એમ જાણવું. વળી તેમા જેટલી જેટલી વિશુદ્ધિ તેટલો તેટલો શુધ્ધ-જ્ઞાનપર્યાય જાણવો અને જેટલો જેટલો મોહનીયકર્મનો ઉદય તેટલી તેટલી અશુધ્ધિ જાણવી. પરંતુ જ્યારે આત્મા સંપૂર્ણ વીતરાગ ભાવમાં આવે છે એટલે મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરે છે ત્યારે તે આત્માનું જ્ઞાનાવરણીય કર્મ સર્વથા નાશ પામે છે. અને તે સાથે દર્શનાવરણીય અને અંતરાયકર્મની પણ સર્વ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થઈ જાય છે, તેથી કરીને તે આત્માને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત વીર્યગુણની પ્રાપ્તિ થાય છે એટલે તે આત્માને પોતાના અનંતગુણોની સંપૂર્ણ ક્ષાયકભાવે સ્વાધીનતા પ્રાપ્ત થાય છે, તે પછી તે આત્મા સહજ સ્વરુપે પ્રત્યેક સમયે તે ગુણોમાં પૂર્ણપણે નિરંતર સર્વજ્ઞ અને સર્વદર્શીપણે પરિણામ પામે છે. આવા સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્માને જગતના સર્વ દ્રવ્યોના ત્રિકાલિક સર્વ પર્યાયો સંપૂર્ણપણે પોતાના પ્રત્યેક સમયના સહજ ઉપયોગમાં પ્રત્યક્ષ ભાવે એટલે હસ્તામળકવત્ જણાય છે એમ જાણવું. આથી જ શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતોએ પ્રકાશેલ હેયોપાદેય અર્થોને નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિએ અવિસંવાદી ભાવે જાણવાથી આત્માર્થ સંધાય

છે એમ જાણવું, વળી એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે ક્ષયોપશમિક જ્ઞાનગુણમાં પણ જે જ્ઞાન મોહાવેશવાળું હોય છે તે આત્મશુદ્ધિને બાધક હોય છે પરંતુ જે જ્ઞાનમાં જે સ્વરુપે મોહનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વર્તતો હોય છે તે જ્ઞાન તેટલા પ્રમાણમાં આત્મશુદ્ધિકારક હોય છે, તે માટે જાણવું કે જે જ્ઞાનમાં પુદ્ગલ દ્રવ્યના વિવિધ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અને શબ્દાદિ વિષયોમાં ઈષ્યાર્થપણું અને સુખ બુદ્ધિ હોય છે તે જ્ઞાન મોહાવેશવાળું હોય છે, અને જે જ્ઞાનમાં પોતાના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોના કર્તૃત્વ-ભોક્તૃત્વ ભાવનું સુખ હોય છે તે જ્ઞાન આત્મશુદ્ધિકારક હોય છે.

આ માટે શ્રી જીનેશ્વર ભગવંતોએ બતાવેલ અર્થોને નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ વડે અવિરુદ્ધપણે જાણતો-સમ્યક્દૃષ્ટિ-આત્મા પોતાના શુદ્ધ જ્ઞાનાદિ ગુણોનું આસ્વાદન કરી શકે છે એમ જાણવું.

( ક્રિયા )

જો કે છ એ દ્રવ્યોમાં કર્તાપણું એટલે "ક્રિયાને સ્વતંત્ર પણે કરે તે કર્તા," આવું કર્તૃત્વપણું તે માત્ર જીવ દ્રવ્યમાં જ છે, પરંતુ ક્રિયત્વ એટલે ક્રિયા પરિણામ જીવ અને પુદ્ગલ એ બન્ને દ્રવ્યોને વિષે હોય છે, એમ જાણવું.

દરેક આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણોમાં સમયે સમયે જે જે સ્વરૂપે ઉપયોગાદિ કર્તૃત્વ ભાવમાં પરિણામ પામે છે તે તે સ્વરૂપ-તે-તે તે આત્માનો ક્રિયા પરિણામ જાણવો, અને પુદ્ગલ દ્રવ્યોનો પૂરણ-ગલન સ્વભાવે જે ગત્યાદિ પરિણામ તે તેનો ક્રિયા પરિણામ જાણવો.

ઉપર જણાવ્યા મુજબ ઉપયોગાદિ ક્રિયા પરિણામ દરેક જીવને પ્રત્યેક સમયે હોય જ છે, પરંતુ આત્માને યથાર્થ વિધિ-નિષેધ રૂપ, ક્રિયા પરિણામ વડે જ ઇષ્ટાર્થ-સાધ્ય-સિદ્ધિ હોય છે, એમ જાણવું.

આ માટે આત્માને આત્મભાવ-સાધક ક્રિયા તો પોતાના શુદ્ધ આત્મિક ગુણોના સ્વરૂપમાં કર્તા-ભોકતાપણા વડે જાણવી. અને પર-પુદ્ગલ દ્રવ્યના પરિણમન ભાવમાં જે કર્તા-ભોકતાપણાનો ભાવ તે શુદ્ધ-નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મ સ્વરૂપને બાધક ક્રિયા છે એમ જાણવું.

વળી પ્રત્યેક સંસારી આત્માને ઔદયિક ભાવે-શરીરાદિ સંબંધે, જે મન-વચન-અને કાયાની પ્રવૃત્તિરૂપ યોગ પરિણામ

હોય છે, તે યોગ પરિણામમાં તે આત્મા જો ઉપયોગ શુદ્ધિ વડે પ્રવર્તે એટલે પ્રભુની આજ્ઞાએ. ઉત્સર્ગ-અપવાદે વિધિ સહિત યોગ પ્રવર્તન કરે, તો તે યોગ પ્રવૃત્તિ આત્મશુદ્ધિનું અવિકળ કારણ છે એમ જાણવું. પરંતુ તે યોગ શુદ્ધિને જ આત્મશુદ્ધિ લેખવી જોઈએ નહિ, આ રીતે યોગ પરિણામથી આત્માનું કથંચિત્ અભિન્નપણું તે તેમજ પરમાર્થે ભિન્ન પણું છે, એમ જાણીને, જ્યાં સુધી આત્મા-યોગાદિ પરિણામના વ્યવહારવાળો છે, ત્યાં સુધી તેના શુભ-યોગ વ્યવહારને વ્યવહારનય દૃષ્ટિએ કારણમાં-કાર્યનો ઉપચાર કરવા રૂપે તે શુભ યોગને આત્મ-શુદ્ધિરૂપ લેખવો જોઈએ. તેમજ વળી જે યોગ પ્રવૃત્તિ-પાંચ આશ્રવના કારણ ભુત સાવદ્ય હોય છે તે તમામ પ્રવૃત્તિ જીનાજ્ઞા વિરૂધ્ધ હોવાથી-વિષય-કષાયની વૃદ્ધિનું કારણ બને છે. તે માટે તેવી પ્રવૃત્તિને આત્મ સ્વરૂપને બાધક જાણવી જોઈએ.

આત્માના ક્રિયા પરિણામના સ્વરૂપ વિશેષથી આઠ પ્રકારો શાસ્ત્રમાં બતાવ્યા છે તે આ પ્રમાણે. (૧) જ્ઞાન પરિણામથી-જ્ઞાનાત્મા. (૨) દર્શન પરિણામથી દર્શનાત્મા, (૩) ચારિત્રના પરિણામથી-ચારિત્રાત્મા, (૪) તપના પરિણામથી-તપાત્મા, (૫) વીર્ય પ્રવર્તન પરિણામથી-વીર્યાત્મા, (૬) ઉપયોગ પરિણામથી-ઉપયોગાત્મા (૭) કષાય પરિણામથી કષાયાત્મા (૮) યોગ પરિણામથી-યોગાત્મા આ આઠે પ્રકારના આત્મ-પરિણામના ભેદાભેદનું તેમજ શુધ્ધાશુધ્ધ ભાવનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી-વિસ્તારથી અવશ્ય જાણી લેવું જરૂરી છે.

વળી શાસ્ત્રોમાં જે "જ્ઞાન-ક્રિયાભ્યામ મોક્ષ" એમ જે કહ્યું છે, તે માટે સમજવું કે જે જ્ઞાન અને દર્શનના પરિણામમાં ચારિત્રનો પરિણામ છે, તેથી તેમજ જે ચારિત્ર પરિણામમાં, શુધ્ધ જ્ઞાનોપ્રયોગ વર્તે છે તેથી આ રીતે જ્ઞાન-દર્શન-અને ચારિત્રના અભેદ પરિણામ રૂપ જ્ઞાન-ક્રિયાથી, આત્મશુદ્ધિ યાને મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. એમ જાણવું, આવી નિશ્ચય આત્મશુદ્ધિ માટે આત્માર્થી આત્માઓએ સ્વ પર ગુણ પર્યાયના ભેદાભેદના સ્વરુપને નિશ્ચય અને વ્યવહારથી યથાર્થ જાણીને, પછી જીનાજ્ઞાએ (૧) આગમ-વ્યવહાર (૨) શ્રુત-વ્યવહાર, (૩) આજ્ઞા-વ્યવહાર (૪) ધારણા-વ્યવહાર અને (૫) જીત-વ્યવહાર એ પાંચ પ્રકારના વ્યવહારને ભેદા-ભેદથી યથાર્થ સ્વરૂપે વિધિ-નિષેધરૂપે જાણીને, આત્માર્થ પણે ઉત્સર્ગે તેમજ અપવાદે પ્રવર્તન કરતાં અવશ્ય આત્મશુધ્ધિ થાય છે. એમ જાણવું. આ સ્વરૂપના અનેક દૃષ્ટાંતો શાસ્ત્રોમાં બતાવ્યા છે, તે જાણીને શુધ્ધ-માર્ગમાં શ્રદ્ધાવાન્ બનવું એ જ શ્રેયસ્કર છે.

## નિશ્ચયદૃષ્ટિ-વ્યવહારદૃષ્ટિ

પ્રમાણરૂપ હેયોપાદેયનું યથાર્થ જ્ઞાન નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિ સાપેક્ષ હોય છે માટે.

(૧) જે અભ્યંતર સ્વરૂપની સાથે બાહ્ય સ્વરુપનો પણ અભેદ હોય, તેમજ જે પોતાના દ્રવ્યત્વના શુધ્ધ પરિણામ રૂપ હોય, તેવા સ્વરુપ વિશેષથી પદાર્થને જાણે તે નિશ્ચય દૃષ્ટિ જાણવી.

(૨) જે એકજ દ્રવ્યના અનેક પરિણમનોને એકબીજાથી અલગ અલગ યાને ભિન્ન-ભિન્ન પણે ગ્રહણ કરે, તેમજ જગતમાં જે દ્રવ્યનો, તેના જે મુખ્ય પર્યાય વડે વ્યવહાર કરાતો હોય, તે દ્રવ્યને, તે સ્વરૂપ વિશેષથી ગ્રહણ કરે, તેમજ વળી જે પરિણમન નિશ્ચય શુધ્ધ પરિણમનનું કારણ હોય, તેને, તે તે સ્વરુપ વિશેષથી જાણે તે વ્યવહાર દૃષ્ટિ જાણવી.

જગતનો પ્રત્યેક પદાર્થ નિશ્ચય દૃષ્ટિએ શુદ્ધ-એકજ પરિણમન ભાવવાળો છે, તેમજ તે સાથે, તે પદાર્થ વ્યવહારદૃષ્ટિએ અનેક પરિણમન ભાવવાળો પણ છે. અત્રે આત્માર્થનું પ્રયોજન હોવાથી આત્મસ્વરૂપને, શુધ્ધાશુધ્ધ, નિશ્ચય-અને વ્યવહારદૃષ્ટિની ચોભંગી વડે જણાવીએ છીએ.

(૧) શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિએ, જોઈએ તો :—આત્માનું પોતાના શુધ્ધ જ્ઞાનાદિ ગુણોમાં જે પરિણમન, તે, તેનું સ્વ-સ્વરૂપ છે.

(૨) અશુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિએ જોઈએ તો :—રાગદ્વેષાદિ-કષાય પરિણામ તે અશુદ્ધ-આત્મસ્વરૂપ છે.

(૩) શુદ્ધ વ્યવહાર નયની દૃષ્ટિએ એઈએ તો :—જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારાદિ, તે આત્મ સ્વરૂપ છે.

(૪) અશુદ્ધ વ્યવહાર નયની દૃષ્ટિએ જોઈએ તો :—ગતિ, જાતિ, શરીરાદિનો પરિણામ તે અશુદ્ધ-આત્મસ્વરૂપ છે.

ઉપરની ચૌભંગીમાં જે શુદ્ધ વ્યવહારનું સ્વરૂપ છે, તે શુદ્ધ નિશ્ચયનું કારણ છે, અને જે અશુદ્ધ-નિશ્ચયનું સ્વરૂપ છે, તે અશુદ્ધ વ્યવહારનું કારણ છે એમ જાણવું. વળી સાધ્ય શુધ્ધિ માટે શુધ્ધ નિશ્ચય નયની દૃષ્ટિની ઉપકાર કર્તા છે, અને સાધન શુદ્ધિ માટે શુધ્ધ વ્યવહાર નયની દૃષ્ટિની આવશ્યકતા છે, આ માટે શુદ્ધ વ્યવહાર દૃષ્ટિએ-ઉત્સર્ગ-અપવાદે યથાર્થ વિધિ-નિષેધપણાનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું. આ માટે જાણવું કે. શુદ્ધ વ્યવહારથી, દાનગુણથી, શીલગુણ, શીલગુણથી તપગુણ, અને તપગુણથી ભાવ વિશુદ્ધિ પ્રાપ્ત અને શુદ્ધ નિશ્ચય દૃષ્ટિએ ભાવવિશુદ્ધિએ, સમ્યક્ તપ હોય, સમ્યક્ તપ વડે, સમ્યક્ ચારિત્ર જાણવું અને સમ્યક્ ચારિત્ર વડે શુદ્ધ દાન ગુણની

પ્રાપ્તિ થાય છે. એમ જાણવું હવે જેઓ શુદ્ધાત્મ પરિણામ રૂપે જ એકાંતે આત્મ પરિણામને માને છે. તેઓ એકાંત-નિશ્ચય દૃષ્ટિવાળા હોવાથી અતિ પરિણામી જીવો જાણવા તેમજ વળી જેઓ શરીરાદિ સ્વરૂપે જ એકાંતે આત્મ પરિણામને માને છે. તેઓ એકાંત વ્યવહાર દૃષ્ટિવાળા હોવાથી અ-પરિણામી જીવો જાણવા. પરંતુ જેઓ નિશ્ચય સ્વરૂપને નિશ્ચયથી જાણે છે, અને વ્યવહાર સ્વરૂપને વ્યવહારથી જાણે છે. તેઓ સાચા-પરિણામી જીવો જાણવા, આ પ્રકારના પરિણામી જીવોને શાસ્ત્રોમાં આરાધક ભાવવાળા જણાવ્યા છે.

## ઉત્સર્ગ–અપવાદ

હેયોપાદેય ભાવમાં જે વિધિનિષેધરૂપ (ક્રિયા) પ્રવર્તન તે ઉત્સર્ગ તેમજ અપવાદે સાપેક્ષભાવે ઉપકારક છે. અન્યથા અનુપકારક છે. એમ જાણવું.

(૧) જ્યાં ઈષ્ટાર્થ (મોક્ષ) સિદ્ધિના સાધ્ય પ્રતિ દ્રવ્ય-ક્ષેત્ર, કાળ, ભાવે અવિકલ પ્રવર્તન હોય છે, તેને ઉત્સર્ગ–માર્ગ જાણવો.

(૨) જેમાં મોક્ષાર્થ સિદ્ધિરૂપ સાધ્ય ભાવની તો અવિકલતા હોય છે પરંતુ સાધનતામાં દ્રવ્ય–ક્ષેત્ર કાળાદિની અપેક્ષાએ, વિકળપણે પ્રવર્તન હોય છે એટલે જે પરંપર કારણુતાવાળી ક્રિયા હોય છે તેને અપવાદ માર્ગ જાણવો. પરંતુ જેમાં સાધ્ય શુધ્ધિ જ નથી તેને તો, પરમાર્થે ઉન્માર્ગ જ જાણવો.

અહિયાં કેટલાક આચાર્યો કહે છે કે "ઉત્સર્ગના ફળનું ધ્યેય રાખીને અપવાદે જે પ્રવર્તન કરાય છે, તે અપવાદ પ્રવર્તન ઈષ્ટાર્થમોક્ષ સિધ્ધિ માટેનો જુદો સ્વતંત્ર માર્ગ છે. એમ કહીને તેઓ ઉત્સર્ગમાર્ગના ફળને ધ્યેય (સાધ્ય) તરીકે રાખીને સ્વતંત્રપણે અપવાદે પ્રવર્તન કરાય એમ કહે છે. વળી આ માટે તેઓ જણાવે છે કે શાસ્ત્રોમાં અપવાદમાર્ગનું પ્રાયશ્ચિત લેવાનું કહ્યું નથી. પરંતુ અતિચારનું પ્રાયશ્ચિત લેવાનું કહ્યું છે. માટે અપવાદને જુદો સ્વતંત્ર માર્ગ જાણવો જોઇએ.

જ્યારે આ માટે બીજા આચાર્યો કહે છે કે "જે ઉત્સર્ગ માર્ગની રક્ષા કરે તે અપવાદ માર્ગ જાણવો, એટલે ઉત્સર્ગ માર્ગની રક્ષાને અર્થે અપવાદે પ્રવર્તન કરાય એમ કહે છે." ઉપર જણાવેલા ભિન્ન અભિપ્રાયોને યથાર્થપણે જાણવા માટે ઉત્સર્ગ-અપવાદની ચોભંગીને ગીતાર્થગુરૂ ભગવંત પાસેથી શાસ્ત્રથી અવિરૂધ્ધ જાણવા ખપ કરવો. આ માટે સામાન્યપણે જો બન્ને અભિપ્રાયોને સાધ્ય-સિધ્ધિની અવિકળતા સાથે જોઇશું તો બન્ને વચનોમાં ખાસ વિવાદ કરવા જેવું રહેતું નથી, પરંતુ સાધનશુધ્ધિ માટે તો શાસ્ત્રોમાં જે આગમવ્યવહાર, શ્રુતવ્યવહાર, આજ્ઞાવ્યવહાર, ધારણાવ્યવહાર, અને જીતવ્યવહાર, એ પાંચ પ્રકારના વ્યવહારો બતાવ્યા છે. તેને પરસ્પર ભિન્નાભિન્ન ભાવે ઉત્સર્ગ અપવાદરૂપે ગુરૂગમથી યથાર્થ સમજીને યથાર્થ પણે શુધ્ધ સાધ્ય-સાધન દાવથી આત્માર્થ સધાય છે એમ જાણવું. આ માટે શાસ્ત્રોમાં જણાવ્યું છે કે "જેઓ એકાંતે ઉત્સર્ગમાર્ગનો જ આશ્રય કરનારા છે. એટલે એકાંતે ઉત્સર્ગમાર્ગ જ ઇચ્છે છે. તેઓ ક્રિયાનયની દષ્ટિએ અપરિણામી જીવો જાણવા. તેમજ વળી જેઓ એકાંતે અપવાદ માર્ગને જ ઇચ્છે છે. અને કેવળ અપવાદ માર્ગે જ વિવિધ-યોગ પ્રવર્તન કરે છે. તેઓ પણ ક્રિયાનયની દષ્ટિએ અતિપરિણામી જીવો જાણવા, પરંતુ જેઓ ઉત્સર્ગ-અપવાદ બંને માર્ગનો યથાતથ્યભાવે આશ્રય કરવાવાળા છે. તેઓ સાચા પરિણામી જીવો જાણવા. અને તેવા પરિણામી જીવો જ ઇષ્ટાર્થ-સિધ્ધિને પામે છે. એમ જાણવું. આથી સ્પષ્ટ

સમજવું કે શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી જિનેશ્વર ભગવંતોએ હેયોપાદેય ભાવોમાં યથાર્થ, વિધિ–નિષેધરૂપ પ્રવર્તન માટે, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ સાપેક્ષ ઉત્સર્ગ અપવાદ સહિતનો જે માર્ગ બતાવ્યો છે. તેમાં યથાર્થ શ્રદ્ધાએ પ્રવર્તન કરતાં અવશ્ય આત્મહિત સધાય છે. એમ જાણવું. આ રીતે ક્રિયા નયની દષ્ટિએ વિધિ-નિષેધમાં ઉત્સર્ગ અપવાદે પરિણામી, અતિપરિણામી, અને અપરિણામી જીવોનું સ્વરૂપ શાસ્ત્રાધાર જણાવ્યું તેમાં જે પરિણામી જીવો છે તેમને આરાધક ભાવવાળા જાણવા. પાંચ પ્રકારના વ્યવહારનું સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) જેમને અવિકળ અર્થ બોધ પ્રાપ્ત થયો છે, તેવા આપ્ત પુરૂષના વચનના આધારે પ્રવર્તન કરવું તે. આગમ–વ્યવહાર જાણવો.

(૨) આપ્ત પુરૂષના વચનને અવિરૂધ્ધપણે જણાવનાર શ્રુતના આધારે પ્રવર્તન કરવું તે શ્રુત–વ્યવહાર જાણવો.

(૩) આપ્ત પુરૂષે બનાવેલા અર્થોને અવિરૂધ્ધપણે જણાવનાર શ્રુત સાપેક્ષ આજ્ઞાના આધારે પ્રવર્તન કરવું તે–આજ્ઞા વ્યવહાર જાણવો.

(૪) આપ્ત વચનને અવિરૂધ્ધ પણે જણાવનાર શ્રુત–સાપેક્ષ ભાવે પ્રવર્તેલા ગીતાર્થોના પ્રવર્તનને અનુસારે પ્રવર્તન કરવું તે ધારણા-વ્યવહાર જાણવો.

(૫) જે થકી પોતાનો આત્મા રાગ–દ્વેષાદિ શત્રુઓ ઉપર વિજય મેળવે તે જીત–વ્યવહાર જાણવો.

## સત્-અસત્

જગતની સમસ્ત વસ્તુઓ સ્વરૂપે સત છે, અને પર રૂપે અસત્ છે, આ માટે દરેક પદાર્થને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચૌભંગી વડે અવશ્ય જાણવો જરૂરી છે. જેમકે

(૧) દ્રવ્યત્વ સ્વરૂપે ઘટ તે ઘટ છે, પરંતુ પટ નથી, તેમજ પટ તે પટ છે પરંતુ ઘટ નથી.

(૨) ક્ષેત્રત્વ સ્વરૂપે જે પદાર્થનું જે ક્ષેત્રમાં સત્પણું છે તે પદાર્થનું તેથી અન્ય ક્ષેત્રમાં અસત્ પણું છે.

(૩) કાળ-પરિણામે, જે પદાર્થ જે સમયે જે પરિણામવાળો છે, તેથી અન્ય સમયે તે પરિણામે અસત્ પરિણામવાળો છે.

(૪) ભાવસ્વરૂપે : દરેક પદાર્થ જે કાળે જે ભાવે સત છે, તે પદાર્થ તે કાળે અન્યભાવે અસત્ છે.

ઉપર જણાવ્યા મુજબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવના સ્વરૂપના ભેદથી (ભંગથી) તેમજ નિશ્ચય સ્વરૂપ અને વ્યવહાર સ્વરૂપના ભેદથી પ્રત્યેક વસ્તુના સત્-અસતપણાનું સ્વરૂપ ગીતાર્થ-ગુરૂ-ભગવંત પાસેથી જાણી લેવું, આથી સ્પષ્ટ સમજાશે કે કોઈપણ પદાર્થ એકાંતે સત પણ નથી તેમજ એકાંતે અસત્ પણ નથી પરંતુ પ્રત્યેક પદાર્થ સ્વ-ગુણ પર્યાય વડે સત્ છે અને પર-ગુણ-પર્યાય વડે અસત્

છે. એટલે જે પદાર્થ જે કાળે જે ભાવે અસ્તિ પણે છે, તે પદાર્થ તે કાળે તેથી વિપરીત ભાવે નાસ્તિપણે છે. આ રીતે પ્રત્યેક પદાર્થના અસ્તિ–નાસ્તિ ભાવ વડે સત્ અસત્પણાનું યથાર્થ પરિજ્ઞાન કરવું, તેને સમ્યક્–જ્ઞાન જાણવું.

દાખલાતરીકે :—સંસારી આત્માઓ કર્મપરિણામ સંસારીપણે જ્યારે સત્ છે ત્યારે તેઓ સિધ્ધ-પરમાત્મા પણે અસત્ છે. તેમજ સિધ્ધ-પરમાત્માઓ સિધ્ધત્વ સ્વરૂપે સત્ છે અને સંસારિ પણે અસત્ છે.

## નિત્ય—અનિત્ય

જે સ્વરૂપનો નાશ ન જણાય તે નિત્ય, અને જે સ્વરૂપનો નાશ જણાય તે અનિત્ય.

આ જગત્ જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ એ છ દ્રવ્ય મય અનાદિ-અનંત,,નિત્ય છે એટલે કે તે છ એ દ્રવ્યો દ્રવ્યત્વ ભાવે એટલે પોતપોતાની સ્વરૂપ સત્તા વડે સદાકાળ એટલે અનાદિ-અનંતકાળ નિત્ય સ્વરૂપે છે. તેમજ પર્યાય સ્વરૂપે એટલે પોતપોતાની સત્તાના સ્વરૂપમાં પરિણમન કરતાં હોવાથી તે તે પરિણમન ભાવ સ્વરુપે અનિત્ય છે. પણ આમાં, કાળ દ્રવ્યને પર્યાયે દ્રવ્યોપચાર કરીને દ્રવ્ય કહ્યું છે, વળી આ પાંચે અસ્તિકાય દ્રવ્યો પોતપોતાના ગુણોના સમુદાય મય સદાકાળ નિત્ય સ્વરૂપે છે, અને તે ગુણોની વર્તના તે અનિત્ય સ્વરૂપે છે. આથી સ્પષ્ટ સમજાશે કે પ્રત્યેક દ્રવ્યાર્થિક નય દૃષ્ટિએ નિત્ય છે, તેમજ પર્યાયાર્થિક નય દૃષ્ટિએ અનિત્ય પણ છે,

આથી વળી સ્પષ્ટ સમજવું કે પ્રત્યેક પદાર્થ ઉત્પાદ વ્યય અને ધ્રુવાત્મક છે, વળી આ ઉત્પાદ વ્યય ધ્રુવાત્મક પણું પણ પરસ્પર સાપેક્ષ છે તેનું યથાર્થ સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું. કેમકે દ્રવ્ય અને પર્યાયનો શુદ્ધ સ્યાદ્વાદ દૃષ્ટિએ પરસ્પર ભિન્નાભિન્ન સ્વરૂપે અવ

બોધ કરતાં સમ્યક્ જ્ઞાન થાય છે એમ જાણવું. આ માટે સકળ પર્યાયોને દ્રવ્યથી અભિન્ન જોઈશું તો સકળ પર્યાયો પણ શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતોને સદાકાળ જણાય છે. માટે દ્રવ્યાર્થમાં પર્યાયો પણ નિત્ય છે, તેમજ દ્રવ્યને પરિણમન ભાવ સ્વરૂપથી જ જોઇશું તો પ્રત્યેક સમય-સમયનું પરિણમન ભિન્ન ભિન્ન હોવાથી પર્યાય સ્વરૂપે દ્રવ્ય અનિત્ય પણ છે.

દ્રવ્યોના પરિણમન સ્વરૂપમાં જાણવું કે કોઈપણ દ્રવ્ય કોઈ કાળે પણ અન્ય દ્રવ્યના ગુણોના સ્વરૂપમાં પરિણામ પામતું નથી તેમજ પોતાના ગુણને છોડતું પણ નથી. આમ છતાં. વ્યવહાર નય દૃષ્ટિએ જીવ અને પુદ્ગલ દ્રવ્યોના સંયોગ સંબંધે વ્યવહારથી જીવ અને પુદ્ગલને પર પરિણામીપણું છે; તેજ આ જગતની ચિત્ર વિચિત્રતા છે. આ રીતે સમસ્ત દ્રવ્યોને સ્વપરિણમ અને પરપરિણમન ભાવથી ઉત્પાદ-વ્યય ત્મક સ્વરૂપે-તેના હેતુ સહિત જાણવાથી જ્ઞાન ગર્ભિત-વૈરાગ્યની પ્રાપ્તિ થાય છે એમ જાણવું

य एव दोषाः किल नित्यवादे
विनाशवादेपि समास्त एव
परस्परध्वंसिषु कण्टकेषु
जयत्य वृष्यं जिन शाशनांते

## એક—અનેક

જગતની સમસ્તવસ્તુઓમાં જ્યાં જ્યાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવાદિ જે જે સ્વરૂપે સામાન્યપણું જણાય ત્યાં ત્યાં તેઓનું એકત્વપણું જાણવું તેમજ જે જે સ્વરૂપ વિશેષ પણે ભિન્નત્વ જણાય, તે થકી તેઓનું અનેકત્વપણું જાણવું આ રીતે જોઈશું તો જગતનો કોઈપણ પદાર્થ સ્વસ્વરુપે યા પરસ્વરૂપે સામાન્ય વિશેષ-સ્વભાવથી એક અનેક સ્વરૂપવાળો સ્પષ્ટ જણાશે.

જગતના સમસ્ત જીવોને જીવત્વભાવે એટલે ચેતના લક્ષણવાળા જોઈશું, તો તે ચેતના લક્ષણે કરી સર્વ જીવો એકત્વ-ભાવ વાળા જણાશે. પરંતુ તે સાથે સર્વજીવોને પોત પોતાના ભિન્ન ભિન્ન ઉપયોગ પરિણામના કર્તૃત્વ ભોકતૃત્વ ભાવ વડે જોઈશું તો તે સર્વજીવો ભિન્ન ભિન્ન અનેકત્વ ભાવવાળા જણાશે. આજ રીતે સર્વ સિધ્ધ પરમાત્માઓને, સિધ્ધત્વ પરિણામ વડે જોઈશું તો સર્વે સિધ્ધ પરમાત્માઓમાં એકત્વ પણું જણાશે, તેમજ તે સાથે તે સર્વે અનંતા સિધ્ધ પરમાત્માઓને પોત પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ઉપયોગ ભાવાદિ સ્વરૂપે જોઈશું તો સર્વે સિધ્ધ પરમાત્માઓમાં ભિન્ન ભિન્નપણું યાને અનેકત્વ પણું પણ સ્પષ્ટ જણાશે.

વળી પણ આજ રીતે નારકી, તિર્યંચ, મનુષ્ય, અને દેવગતિના જીવોને તેમજ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તે ઇન્દ્રિય

ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનું, ગતિ-જાતિરૂપ સામાન્ય ભાવે તેઓનું એકત્વપણું પણ જણાશે. તેમજ તે સાથે પ્રત્યેક જીવાત્માને પોત પોતાના ભિન્ન ભિન્ન કર્મ પરિ-ણામ સહિત જોઇએ તો દરેક સંસારી જીવોમાં એક બીજાથી ભિન્નપણું યાને અનેકત્વપણું પણ સ્પષ્ટ જણાય છે.

વળી પણ, સામાન્ય વિશેષ સ્વરૂપથી એકત્વ અનેકત્વ સમજવા માટે જણાવવાનું કે કોઈની પાસે દશ રૂપિયાની એક નોટ છે, યા સો રૂપીયાની એક નોટ છે તે નોટને સામાન્યથી જોઈશું તો તે એક જ નોટ છે. પરંતુ તે જ નોટને વિશેષ સ્વરૂપથી જોઇએ એટલે રૂપીયાની કિંમતથી જોઈએ તો તેમાં દશ રૂપીયા યા સો રૂપીયા દેખાશે, તે એક નોટનું-અનેકત્વપણું છે આજ પ્રમાણે પ્રત્યેક જીવને દ્રવ્યત્વપણે એક પરિણામીપણું જાણવું, તેમજ પોત-પોતાના ગુણ-પર્યાય પરિણમન વડે અનેકત્વ પણું પણ જાણવું જોઈએ આ સ્વરૂપને ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી યથાર્થ સમજી લેવું અત્યંત જરૂરી છે.

વળી ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશા-સ્તિકાય, એ ત્રણે દ્રવ્યોને પણ પોત-પોતાના દ્રવ્યત્વ પરિ-ણામે અખંડ-વૃત્તિત્વ પણે પ્રત્યેકને એકત્વપણું છે તેમજ પ્રત્યેકને ભિન્ન ભિન્ન પ્રદેશ-પરિણામે ભિન્નવૃત્તિત્વ પણે અનેકત્વપણું પણ છે. એમ જાણવું.

ઉપર જણાવ્યા મુજબ એકત્વ-અનેકત્વનો સામાન્ય વિશેષ સ્વરૂપથી જેઓને સાપેક્ષ બોધ નથી તેવા અજ્ઞાની મૂઢ આત્માઓ આ સમસ્ત જગતને એક જ ઈશ્વર રૂપ જ

જણાવે છે; તેમજ જગતમાં જે ભિન્ન-ભિન્ન વિચિત્રતાઓ જણાય છે. તેને ઈશ્વરની માયા કહીને પોતાના અજ્ઞાનનું જ કેવળ પ્રદર્શન કરતાં હોય છે, કેમકે તેઓ માયામાં ઈશ્વર પણ સ્થાપે છે, અને ઈશ્વરને માયાવાળો કહે છે. આ તેમના ઘોર અજ્ઞાનનું જ સ્વરુપ છે એમ જાણવું. જો આ જગતને ખરેખર ઇશ્વરની માયા રૂપે જ તેઓ જાણતા હોય તો તેઓએ આ જગતના કોઈપણ ભાવને શુભ કે અશુભ કહેવો જોઈએ નહિ તેમજ તેમને માટે આદરવા લાયક, અને ત્યાગ કરવા લાયક કશું જ હોઇ શકે નહિ. પરંતુ તેઓ પણ પાછા સ્વતંત્ર ભાવે જ કર્તવ્ય-અકર્તવ્યના વિચારો-અને વર્તન કરવા ઉત્સુક જ દેખાય છે. આ રીતે તેમની ઇશ્વરમાં અને ઈશ્વરની માયા રૂપે જગતને જાણવામાં કેવળ મૂર્ખતા જ છે એમ જાણવું.

તેમજ વળી કેટલાએક એકાંત-અનેકત્વ વાદીઓ છે. તેઓ આત્માને એકાંતે ક્ષણિક માનીને પ્રત્યેક સમયે-સમયે ભિન્ન-ભિન્ન આત્મા જ કલ્પે છે, તેમજ કેટલાએક આત્માને કેવળ, શુદ્ધ કે કેવળ અશુદ્ધ જ માને છે, તેમજ કેટલાએક એક જ જ્ઞાન પરિણામવાળો, યા એક જ દર્શન પરિણામવાળો, યા એક જ ચારિત્રપરણિામવાળો જ આત્મા જાણે છે. તેઓ સર્વે પણ યથાર્થતયા આત્મસ્વરુપને નહિ ઓળખનાર હોવાથી અજ્ઞાનીઓ જ છે. અને તેથી જ તેઓમાં સાચુ આત્માર્થીપણું હોતું નથી એમ જાણવું.

अबंधस्तथैक स्थितो वा क्षयी वा
ऽप्यसद्वा मतो यैर्जडः सर्वथाऽऽत्मा
न तेषां विमूढात्मनां गोचरो यः
सएकः परमात्मा गतिर्मे जिनेद्रः

## સામાન્ય-વિશેષ

જગતના તમામ પદાર્થો સ્વસ્વરૂપથી તેમ જ પરસ્વરૂપથી સામાન્ય અને વિશેષ ઉભય સ્વરૂપવાળા હોવાથી ભિન્ના ભિન્ન સ્વરૂપી છે એમ જાણવું.

(૧) સ્વસ્વરૂપથી પ્રત્યેક દ્રવ્યનું સ્વગુણોની નિત્ય-સત્તા વડે સામાન્ય પણું જાણવું અને તે વિવિધ ગુણોના પર્યાય-પરિણમન વડે વિશેષપણું જાણવું.

(૨) પરસ્વરુપથીઃ—જે જે ભાવે એક-બીજા દ્રવ્યમાં જે જે સાધારણ સ્વરૂપ છે તે તે ભાવે તેઓને સામાન્ય સ્વરુપવાળા જાણવા અને જે જે ભાવે એક-બીજામાં જે અસાધારણતા જણાય તે તે ભાવે તેઓને વિશેષ સ્વરુપવાળા જાણવા.

પ્રત્યેક દ્રવ્યના ભેદાભેદ સ્વરુપને યથાર્થ જાણવા માટે પ્રથમ તેઓમાં જે સામાન્ય વિશેષતા છે. તેનું સ્વરુંપ જાણવું જોઇએ. અને ઉપર જણાવ્યા મુજબના સામાન્ય વિશેષ સ્વરુપને જાણવા માટે, પ્રત્યેક દ્રવ્યને તેના ગુણ પર્યાયના ભેદાભેદથી યથાર્થ જાણવું જોઇએ. આ માટે હવે દ્રવ્ય ગુણ પર્યાયના ભેદાભેદનું સ્વરુપ જણાવીએ છીએ.

ગુણો અને પર્યાયોના સમુદાય રૂપ-દ્રવ્યત્વ જાણવું, દ્રવ્યની સાથે રહેનારા ધર્મો તે ગુણો જાણવા, અને તેનાં

ક્ષણ-ક્ષણ વર્તી પરિણમનો તે પર્યાયો જાણવા આ રીતે દ્રવ્ય-ગુણ અને પર્યાયની ભિન્નાભિન્નતા ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી વિસ્તારથી જાણી લેવી. અત્રે અમો કેટલાક ભેદાભેદનું સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) દ્રવ્ય એક છે અને તેના ગુણ-પર્યાયો અનેક છે.

(૨) દ્રવ્ય એક અખંડ પરિણામવાળું છે, અને ગુણ-પર્યાયો ભિન્ન-ભિન્ન પરિણામવાળા છે.

(૩) દ્રવ્ય આધાર છે. અને ગુણ-પર્યાયો આધેય છે.

(૪) દ્રવ્ય ત્રિકાલિક સત્તાવાળું છે, અને પર્યાયો ક્ષણવર્તી પરિણામવાળા છે.

(૫) ગુણો એક દ્રવ્યને આશ્રીને રહેલા હોય છે, અને પર્યાય અનેક દ્રવ્યાશ્રિત હોય છે.

(૬) દ્રવ્યમાં સહવર્તીપણે રહેનારા ધર્મો તે ગુણો જાણવા અને દ્રવ્યનો સમય-સમયનો ક્રમ વર્તી પરિણામ તે પર્યાય જાણવો.

ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ સ્વરૂપનો કેટલોક વિચાર બતાવીને હવે અભેદ-સ્વરૂપનું-સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) કોઇપણ દ્રવ્ય પોતાના સમસ્ત ગુણ પર્યાયની સત્તાવાળું હોવાથી સમસ્ત ગુણ પર્યાયથી અભિન્ન જાણવું-આથી જ સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળી ભગવંતો ભૂત ભાવિ અને વર્તમાનના સઘળાએ પર્યાયોને, જાણે છે. અને બતાવે છે.

(૨) દ્રવ્યના અનેક પ્રદેશો અનેક ગુણોનું ભિન્ન ભિન્ન પરિણમન હોવા છતાં તે સઘળું એ દ્રવ્યના એક પરિણામવાળું હોવાથી તે સર્વ ભિન્ન ભિન્ન પરિણામોથી દ્રવ્ય અભિન્ન છે. એમ જાણવું. જો તેમ નહિ માનો તો તે ભિન્ન ભિન્ન પ્રદેશો અને ભિન્ન ભિન્ન ગુણો તે સઘળાએ ભિન્ન ભિન્ન દ્રવ્યો જ બની જશે અને તેથી કોઈ કાર્ય કારણભાવની વ્યવસ્થા નહિ રહે.

(૩) દ્રવ્યના અગુરૂ લઘુ ગુણના પરિણામમાં સર્વ ગુણોનું પરિણમન હોવાથી તે સર્વ પરિણમન દ્રવ્યથી અભિન્ન હોવાથી દ્રવ્ય તથા સ્વરૂપના પરિણામવાળું બને છે; તેમ છતાં દ્રવ્ય દ્રવ્યત્વપણે નિત્ય રહે છે, અને તે તે પર્યાય સ્વરૂપે અનિત્ય છે એમ જાણવું.

(૪) દ્રવ્યના–પોતાના–ગુણ–પર્યાયના અભેદ ભાવને અનુલક્ષીને જ જગતમાં શુદ્ધ–કાર્ય–કારણ ભાવનો વ્યવહાર પ્રવર્તે છે. દાખલા તરીકે જ્યાં તિખાસની જરૂર હોય છે ત્યાં સૂંઠ-મરી–મરચાં આદિ દ્રવ્યનો ઉપયોગ કરાય છે અને જ્યાં મીઠાશની જરૂર હોય છે, ત્યાં ખાંડ-સાકર–ગોળ આદિ દ્રવ્યનો ઉપયોગ કરાય છે.

જગતનો સમસ્ત વ્યવહાર દ્રવ્ય ગુણ–પર્યાયના ભેદ અને અભેદ ભાવને અનુલક્ષીને જ થાય છે એમ જાણવું. તે માટે ભેદાભેદસ્વરૂપથી પદાર્થના સામાન્ય–વિશેષ સ્વરૂપનું જ્ઞાન કરવું જોઈએ. કોઈપણ પદાર્થનો, નામ, જાતિ, ગુણ–

ક્રિયા સહિતનો અવબોધ તે વિશેષજ્ઞાન, અને તેથી રહિત તે. સામાન્ય જ્ઞાન જાણવું.–દ્રવ્યની સહજ સત્તા તે સામાન્ય સ્વરૂપ જાણવું અને વિશેષ સ્વરૂપ વિશિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિ સાપેક્ષ જાણવું, તેથી કરીને સામાન્ય જ્ઞાન પ્રમાણરૂપ પણ નથી. તેમજ અપ્રમાણ પણ નથી અને વિશેષ જ્ઞાન તે સાપેક્ષાભાવે પ્રમાણરૂપ છે, અને નિપેંક્ષભાવે અપ્રમાણરૂપ છે એમ જાણવું.

नाप्रमाणं प्रमाणं वा सर्वमप्यविशेषितम्
विशेषितं प्रमाणं स्यादिति सर्वनयज्ञता ॥

## અનાદિ–અનંત

મુખ્યપણે અનાદિ–અનંત સ્વરૂપ કાળ–ભાવનું સૂચક છે. પરંતુ કાળ વસ્તુતઃ કોઈ દ્રવ્ય નહિ હોવાથી અને પંચાસ્તિકાયની વર્તનાના લક્ષણરૂપ પર્યાયમાં ઉપચાર કરવા રૂપ હોવાથી તેનો જ્યાં જ્યાં ઉપચાર કરાય તે તે પર્યાયમાં તે તે સ્વરૂપવાળો કાળ સમજવો. આથી જ શાસ્ત્રોમાં જીવની વર્તનાને જીવકાળ અને અજીવની વર્તનાને અજીવકાળ ગણીને કાળને જીવાજીવ રૂપ કહ્યો છે. વળી કાળ તે દ્રવ્યના વર્તના પરિણામનો હેતુ નથી પરંતુ તે તે વર્તનાના લક્ષણમાં ઉપચાર રૂપ છે એમ જાણવું.

જીવાસ્તિકાય. પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય રૂપ જે પાંચ દ્રવ્યો છે તે દ્રવ્યત્વ સ્વરૂપે અનાદિ અનંત છે એમ શ્રી સર્વજ્ઞ ભગવંતોએ જણાવ્યું છે કેમકે તે દ્રવ્યોનો દ્રવ્યત્વ સ્વરૂપે કોઈ આદિકાળ નથી તેમજ તેનો અંતકાળ પણ નથી. વળી તે તે દ્રવ્યોના વિવિધ પર્યાય પરિણામોને જે જે કાળભાવ છે તે પણ શ્રી સર્વજ્ઞ ભગવંતના વચનના આધારે જ યથાર્થ જાણી શકાય છે. અન્યથા કોઈપણ છદ્મસ્થ આત્મા–ગમે તેટલો જ્ઞાનવાન હોય તો પણ તે કોઈપણ દ્રવ્યના એક સમયના પરિણામને તેજ સમયે પોતાના જ્ઞાન વડે જોઈ જાણીશકતો નથી તો પછી તે દ્રવ્યના ત્રિકાલિક સમસ્ત પર્યાયનું જ્ઞાન

તો તેને હોય જ ક્યાંથી ? તેમ છતાં જેઓ છદ્મસ્થભાવે સર્વજ્ઞ વચનની વિરૂદ્ધ બકવાટ કરે છે તેઓ પારમાર્થિક શુદ્ધ સ્વરૂપના અજાણ અને અંધ હોવાથી મિથ્યા દૃષ્ટિ જાણવા.

ઉપર જણાવી ગયા તે પંચાસ્તિકાયના પારિણામિકાદિ ભાવોના વિવિધ પર્યાયે સ્વરૂપોને વિવિધકાળથી શ્રીસર્વજ્ઞ ભગવંતોએ જણાવ્યા છે તેમાં જીવ દ્રવ્યના પરિણામિક પરિણમનના મુખ્ય ત્રણ ભેદો જણાવ્યા છે.

(૧) ભવ્યત્વભાવમાં પરિણમનતા : જે સંસારી જીવો પોતાના આત્માને સિદ્ધિગમન યોગ્ય ભાવમાં પરિણામ પમાડી રહેલા છે તે તે જીવોને ભવ્યત્વભાવ જાણવો. આ ભવ્યત્વ ભાવની આદિ નથી પરંતુ જ્યારે તે આત્મા પૂર્ણ સિદ્ધ પરમાત્મા ભાવને પામે છે ત્યારે તેના તે ભવ્યત્વ પરિણામનો અંત આવે છે માટે તે ભવ્ય જીવનો તે ભવ્યત્વ પરિણામ કાળ ભેદે અનાદિ સાંત ભાંગે જાણવો.

(૨) અભવ્યત્વભાવમાં પરિણમનતા : જે સંસારી જીવો પોતાના આત્માને કોઈ કાળે પણ સિદ્ધિગમન યોગ્ય ભાવમાં પરિણામ પમાડતો નથી તે, તે જીવોનો અભવ્યત્વ પરિણામ જાણવો. અને તેથી જ તે જીવોનો તે અભવ્ય પરિણામ કાળથકી અનાદિ અનંત ભાંગે જાણવો.

(૩) જીવતભાવમાં પરિમણનતા : દરેક જીવાત્માઓને પોતાના જ્ઞાનાદિ ગુણોમાં પ્રત્યેક સમયે જે પરિણમન છે તે, દરેક આત્માનો જીવત્વ–પરિણામ જાણવો. આ જીવત્વ ભાવના પરિણમનના ત્રણ ભેદ છે તે આ પ્રમાણે (૧)

ઉપશમભાવ (૨) ક્ષાયોપશમિક ભાવ (૩) ક્ષાયિકભાવ આ ત્રણે ભાવોનું યથાર્થ સ્વરૂપ ગીતાર્થ ગુરૂભગવંત પાસેથી જાણી લેવું.

ઉપર અમોએ જીવ સ્વરૂપમાં કાળભેદથી બે ભાંગાનું સ્વરૂપ જણાવ્યું તેમાં (૧) અનાદિ સાંત (૨) અનાદિઅનંત હવે કાળ-વિષયક ત્રીજો ભાંગો જે (૩) સાદિ સાંત ભાવનો છે તે અને (૪) ચોથો ભાંગો સાદિઅનંત ભાવના સ્વરૂપનો છે તેનુ યત્કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.

પૂર્વે જે દરેક જીવનો જીવત્વ પરિણામ બતાવ્યો છે, તેમાંના ઉપશમ, અને ક્ષયોપશમ ભાવ રૂપના બે ભેદો સાદિ સાંત ભાંગે જાણવા અને જે ક્ષાયિક ભાવનું પરિણમન છે તે સાદિ અનંતમે ભાંગે જાણવું. જે આત્માઓ સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધિમાં ગયા છે તેમને સહજ શુદ્ધ અનંત ક્ષાયિકભાવમાં જે પરિણામીપણું છે તે આ સાદિ અનંતમે ભાંગે જાણવું. બાકી જેઓએ પોતાના સર્વ કર્મનો સર્વથા ક્ષય કરેલો નથી તેમ છતાં પોતાના આત્માને અનાદિ અનંત શુદ્ધ પરિણામવાળો માને છે તેઓ સર્વે મિથ્યાદૃષ્ટિ-નિન્હવો જાણવા.

આ ઉપરાંત સંસારી જીવને ઔદયિકભાવનું પરિણમન જે વિવિધ કર્મોદયના હેતુવાળું છે તે પણ સાદિ સાંત એટલે અમુક કાળે આદિ ભાવ અને અમુક કાળે જેનો અંત છે તે ભાંગે જાણવું. એટલે આ સંસારમાં જે જે

જીવને જે જે જન્મમરણાદિ તથા વિવિધ ગતિ જાત્યાદિ ભાવો પ્રાપ્ત થાય છે તે સર્વે કર્મોદય જન્ય પરિણામો કાળથકી સાદિ સાંત ભાંગે જાણવા.

વળી દરેક સંસારી આત્માને કર્મનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે તેમ છતાં વિવિધ કર્મોની બંધ, ઉદય, ઉદીરણા, અને સત્તાની સાદિ સાંત ભાગે જે જે સ્થિતિ છે તેને પણ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી યથાર્થ જાણી લેવી જરૂરી છે. આ રીતે, (૧) આદિ નથી પણ અંત છે, (૨) આદિ પણ નથી અને અંત પણ નથી, (૩) આદિ પણ છે અને અંત પણ છે, (૪) આદિ છે. પણ અંત નથી એ. ચારે પ્રકારના કાળ ભેદથી જીવ દ્રવ્યનું સ્વરૂપ જણાવ્યું.

હવે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના પરિણમનનો કાળ બતાવીએ છીએ, મુખ્યપણે તો પુદ્ગલાસ્તિકાય દ્રવ્યનો ગુણ પુરન–ગલન સ્વભાવ છે, એટલે કોઇ એક પુદ્ગલ દ્રવ્યનો કોઇ પરિણામ અનંત–કાળની સ્થિતિવાળો હોતો જ નથી, પરંતુ વધુમાં વધુ અસંખ્યાતા કાળની સ્થિતિ જાણવી તેમ છતાં શાસ્ત્રોમાં શ્રી જીનેશ્વરદેવોના શાશ્વતા ચૈત્યો તેમજ મેરૂ પર્વત તેમજ દેવલોકના વિમાનો આદિને જે શાશ્વતા બતાવ્યા છે, તે તેજ પુદ્ગલ–પરિણામોથી ન જાણતાં માત્ર સંસ્થાનાદિ પર્યાય રૂપે શાશ્વતા છે એમ જાણવું. એટલે તે તે શાશ્વતા ભાવો થકી તે તે સંસ્થાન પર્યાય પરિણામ સ્વરૂપે અનાદિ અનંત જાણવા બાકી પુદ્ગલાસ્તિકાયના

પુદ્ગલ પરમાણુઓના સર્વે પર્યાય પરિણમનો કાળથકી સાદિ સાંત ભાંગે જાણવા.

ઉપર જણાવ્યા મુજબના પુદ્ગલ દ્રવ્યનું પર્યાય પરિણમન (૧) પ્રયોગસા (૨) વિશ્રસા અને (૩) મિશ્રિકા એમ ત્રણ પ્રકારના ભાવવડે ઉત્પન્ન થાય છે તેનું વિસ્તારથી સ્વરૂપ તેમજ ( તે તે પર્યાયનો–ભાવ) તેમજ તે સાથે તેનો કાળ ) કેટલો હોય તેનું યથાર્થ સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું. તેમજ વળી ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્યોનો પર્યાય પરિણમન–ભાવ પણ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી યથાર્થ સમજીને શ્રી જીવનવચનમાં નિશંકિત બનવું. એજ પરમાર્થ છે.

પ્રશ્નઃ–જે અનાદિ હોય તે અનંત જ હોવું જોઈએ, અને જેની સાદિ–એટલે–ઉત્પતિરૂપે આદિ છે. તે સાંત જ હોવું જોઈએ.

ઉત્તર—દ્રવ્યાર્થિક નય દૃષ્ટિએ જે. અનાદિ દ્રવ્યત્વ પરિણામ છે. તે અનંત જાણવો, તેમજ પર્યાયાર્થિકનયથી છે. જે. જે. પર્યાય–પરિણમનની ઉત્પત્તિ યાને આદિ છે. તે તે પર્યાય સાંત–ભાવ યુકત જ હોય છે–આ નય દૃષ્ટિનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી વિસ્તારથી જાણી લેવું.

## સ્વ—પર

જે ઉત્તમ આત્માઓને આત્મ પરિણામમાં સ્વ-પર ભાવનું એટલે સ્વ પરિણતિનું અને પર પરિણતિનું યથાર્થ ભેદ જ્ઞાન પ્રાપ્ત થયેલું છે તેવા જ્ઞાની આત્માઓ સ્વ-પર ઉભય આત્માઓના હિત-સાધક પણે પ્રવર્તન કરનારા હોય છે. કેમકે તેઓ વ્યવહારથી પરદયા પ્રધાન સ્વદયા જાણે છે અને નિશ્ચયથી સ્વદયા પ્રધાન-પરદયાના સ્વરૂપને પણ જાણનારા હોય છે, આથી આવા ઉત્તમજ્ઞાની આત્માઓનો સમસ્ત વ્યાપાર-સ્વ-પર ભાવે નિશ્ચય-વ્યવહાર સાપેક્ષપણે પ્રવર્તતો હોવાથી સ્વ-પર ઉભય આત્માઓને કલ્યાણ અને મંગલકારી હોય છે યદ્યપિ નિશ્ચય સ્વરૂપે કોઈપણ આત્મા કોઈપણ અન્ય આત્માના પરિણામનો કર્તા નથી તથાપિ વ્યવહાર સ્વરૂપથી જે ઉત્તમજ્ઞાની આત્માઓએ જે જે સ્વરૂપે પરભાવ પરિણતિનો જેટલે જેટલે અંશે ત્યાગ કરેલો હોય છે, તે થકી તજ્જન્ય-વિશુદ્ધિ વડે તે આત્મા અન્ય આત્માને વિશુદ્ધિના નિમિત્તરૂપે ઉપકારક બની રહે છે, એમ જાણવું, આજ રીતે જે આત્માઓ સંસારાભિલાષી યાને ભવાભિનંદિ હોય છે. તેઓ પોતાના અશુદ્ધ ભાવ વડે અન્ય આત્માઓને સાવદ્યયોગપ્રતિકરણ-કરાવણ-અને અનુમોદનથી સ્વ-પરને કર્મબંધના કારણરૂપે ઉપઘાતક બને છે, એમ જાણવું.

વળી સમસ્ત જગતના લોક-વ્યવહારને હિતાત્મક રૂપે સ્વ-પર સંબંધે નીચે મુજબની સાપેક્ષ દૃષ્ટિએ વિચારતાં આત્મશુદ્ધિ થાય છે એમ જાણવું.

(૧) કોઇપણ અન્ય આત્માની કોઇપણ પ્રકારની શુભ-ક્રિયા યાને શુભયોગ તે તેને ભાવ-વિશુદ્ધિનું કારણ છે એમ જાણવું.

(૨) તેમજ પોતાની અમે તેટલી ઉત્કૃષ્ટ સ્વરૂપની શુભ-ક્રિયા યાને શુભયોગ પરિણતિને જો ભાવ-વિશુદ્ધિ રહિત હોય તો એટલે. આત્મ-વિશુદ્ધના સાધ્ય-સાધન ભાવ રહિત હોય તો તેને ભાવનું કારણ ન માનતાં, નિષ્ફળ જાણવી જોઇએ. કેમકે નિશ્ચયથી ક્રિયા કાળ-અને કાર્યકાળ, એકજ સમયે જીનેશ્વરોએ બતાવ્યો છે.

સંસારી આત્માઓને પરસંગભાવે પરપરિણતિ હોય છે અને તે પરપરિણતિ ભાવની આશક્તિ વડે તે આત્માને કર્મબંધ થાય છે. અને તે કર્મબંધના અનુસારે આત્માને સંસારમાં ચારે ગતિમાં જન્મ-મરણરૂપે ભટકવું પડે છે. પરંતુ જે આત્માઓએ શુદ્ધાત્મ સ્વરૂપની ઓળખાણ કરીને પરપરિણતીની આશક્તિને તોડીને પરસંગની નિવૃત્તિનો પરિણામ ધારણ કર્યો છે, તેઓને નવિન કર્મ બંધ થતો નથી. અને પૂર્વે બાંધેલા કર્મોનો પણ ક્ષય થવા વડે તે આત્માઓ અંતે મુકિતના શાશ્વત સુખના સ્વામી બને છે. એમ જાણવું,

આ માટે નિશ્ચય અને વ્યવહાર બંને સ્વરૂપથી શુદ્ધા-શુદ્ધ આત્મ-સ્વરૂપની યથાર્થ ઓળખાણ નીચેની ચોભંગીથી કરી લેવી કરાવી લેવી અવશ્ય જરૂરી છે.

(૧) શુદ્ધ-નિશ્ચયદૃષ્ટિએ :-દરેક આત્માનો પોતાનો જ્ઞાન, દર્શન, અને ચારિત્રાદિમાં જે ઉપયોગ ભાવ. તે તેનું સ્વસ્વરૂપ જાણવું.

(૨) અશુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ :—સંસારી આત્માનો જે રાગ–દ્વેષાદિનો પરિણામ તે તેનું સ્વ–સ્વરૂપ જાણવું

(૩) શુદ્ધ–વ્યવહાર દૃષ્ટિએ :—દરેક આત્માનું જ્ઞાનાચારાદિ સ્વરૂપે પોતાના જ્ઞાનાદિ ગુણોમાં, જે કર્તૃત્વ, ભોક્તૃત્વ અને જ્ઞાતૃત્વ તે તેનું સ્વ–સ્વરૂપ જાણવું.

(૪) અશુદ્ધ–વ્યવહાર દૃષ્ટિએ :—સંસારી આત્માનું કર્મોદયજન્ય, જે ગતિ, જાત્યાદિ ભાવે, જન્મ–મરણાદિ ભાવનું સ્વરૂપ તે, તેનું સ્વસ્વરૂપ જાણવું.

આ રીતે નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિએ આત્માના શુદ્ધાશુદ્ધ સ્વરૂપને જાણીને-વળી તે તે સ્વરૂપને ઉત્પત્તિ લય, અને સ્થિતિના પરિણામથી પણ યથાર્થ જાણવા માટે પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અને અન્યોન્યાભાવ,અને અત્યંતા ભાવ વડે તેના હેતુઓ સહિત ગીતાર્થ–ગુરૂ ભગવંત પાસે જાણી લેવું.

વળી પણ સ્વ–પર વિષયક વિધિ–નિષેધમાં–(વિધિ એટલે હિતકારક ભાવમાં પ્રવૃત્તિ કરવી તે અને પ્રવૃત્તિ અને નિષેધ એટલે અહિતકારી ભાવથી વિરમવું તે) સામાન્યથી સમસ્ત આત્માઓની સમસ્ત શુભ–પ્રવૃતિ યાને દાન, શીલ, તપ અને શુભ ભાવનાના પરિણામો, તેને વિધિ રૂપે જાણવા જોઇએ, અને હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહાદિકના પરિણામો તેને નિષેધ રૂપે-લખવા જોઈએ આમ છતાં વિશેષ સ્વભાવથી જોઇએ તો જેથી જેનું પારમાર્થિક અહિત થતું હોય તેનો તેણે નિષેધરૂપે ત્યાગ-કરવો જોઇએ. આ રીતે સમસ્ત–વિધિ–નિષેધ ને પોતાના પારમાર્થિક હિતભણી યથાતથ્ય ભાવે વિધિ–નિષેધની યોજના કરવી જોઈએ.

## દ્રવ્ય-પર્યાય

કોઇપણ પદાર્થની જે ત્રિકાલિક સત્તા તે દ્રવ્યત્વ જાણવું અને ક્ષણવર્તી-પરિણામ તે પર્યાય જાણવો-આ વ્યાખ્યા પ્રમાણે વ્યવહાર દષ્ટિએ-આ જગતના કોઈપણ પદાર્થની દ્રવ્યરૂપે કે પર્યાયરૂપે વિવક્ષા કરી શકાય છે. પરંતુ અનાદિ અનંત ત્રિકાલિક ધ્રુવ સત્તારૂપ દ્રવ્યત્વપણું તો શ્રી સર્વજ્ઞ અને સર્વદર્શી જીનેશ્વર ભગવંતોએ બતાવેલા (૬) દ્રવ્યોને વિષે જાણવું-કેમકે તે છ એ દ્રવ્યોને વિષે સ્વ-ગુણ-પર્યાયની ધ્રુવસત્તા છે. તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે જાણવું.

## દ્રવ્ય-પર્યાય

**જે ગુણોના સમુદાયની ત્રિકાલલિક સત્તારૂપે છે,** તે દ્રવ્ય જાણવું અને તે વિવિધ ગુણોનો જે ક્ષણવર્તી પરિણામ, તે પર્યાય જાણવો. અહીંયા એટલું વિશેષે જાણવું જરૂરી છે કે ગુણો પોતપોતાના દ્રવ્યને વિષે આધાર-આધેયભાવે અભેદભાવે રહેલા હોય છે. અને પર્યાયો તો ઉભય દ્રવ્ય સંબંધી પણ હોય છે. કેમકે દરેક દ્રવ્ય વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિના યોગે, જેવા પ્રકારનો પરિણામ પામે છે તે તે દ્રવ્યનો પર્યાય છે, તેમાં દ્રવ્ય તો સ્વગુણ સત્તારૂપ છે. આ રીતે દ્રવ્ય, ગુણ અને પર્યાયનું કથંચિત્ ભિન્નપણું જાણવું. વ્યવહારની અપેક્ષા-વિશેષે કરીને આ જગતના કોઈપણ પદાર્થને દ્રવ્યરૂપે કે પર્યાયરૂપે વિવક્ષા કરી

શકાય છે પરંતુ નિશ્ચયસ્વરૂપે (૧) જીવાસ્તિકાય, (૨) પુદ્ગલાસ્તિકાય, (૩) ધર્માસ્તિકાય (૪) અધર્માસ્તિકાય (૫) આકાશાસ્તિકાય (૬) કાળ દ્રવ્ય આ પ્રમાણે પાંચ દ્રવ્યો-અસ્તિકાય રૂપે છે. અને છટ્ઠે કાળ દ્રવ્ય તે ઉપર જણાવેલા પાંચે અસ્તિકાય દ્રવ્યોના પર્યાયોમાં ઉપચાર કરવા રૂપ ઉપચરિત દ્રવ્ય છે એમ જાણવું. આ છએ દ્રવ્યોના ગુણોનો તેમજ તેઓના સ્વભાવ પર્યાય અને વિભાવ પર્યાયનો યથાર્થ બોધ, આત્માર્થી આત્માને આત્મ-સાધનતામાં ઉપકાર છે તે માટે શ્રી સર્વજ્ઞ ભાષિત સિદ્ધાંતથી તેનો યથાર્થ-બોધ કરી તેમાં શ્રદ્ધા કરવાથી આત્માને આત્મ સ્વરૂપનું યથાર્થ-અવિરોધી જ્ઞાન થાય છે, આ માટે તેનું કિંચિત્ સ્વરૂપ બતાવીએ છીએ.

(૧) જીવ દ્રવ્યના :-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્યાદિ ગુણો જાણવા.

(૨) પુદ્ગલ દ્રવ્યના :-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ આદિ ગુણ-પર્યાયો જાણવા, તેમજ મુખ્યપણે પુરણ ગલન ગુણ જાણવો.

(૩) ધર્માસ્તિકાય દ્રવ્યનો :-મુખ્યપણે જીવ અને પુદ્ગલને ગતિ પરિણામમાં સહાયકરૂપ ગુણ જાણવો.

(૪) અધર્માસ્તિકાયનો :-મુખ્યપણે જીવ અને પુદ્ગલને સ્થિતિ (સ્થિર) પરિણામમાં સહાયકરૂપ ગુણ જાણવો.

(૫) આકાશાસ્તિકાય દ્રવ્યનો :-જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એ ચારે દ્રવ્યને અવકાશ યાને

આધારતા આપવાનો ગુણ જાણવો. અહીંયા એટલું વિશેષે ખાસ સમજવું જરૂરી છે કે આકાશાસ્તિકાય દ્રવ્ય પોતાના અગુરૂ-લઘુ ગુણ વડે એક જ આકાશ પ્રદેશમાં તે ચારે દ્રવ્યોને આધાર આપે છે અને તે ચારે દ્રવ્યો પોત-પોતાના અગુરૂ-લઘુ પરિણામની વિવિધતા વડે જરૂરી આકાશક્ષેત્રને અવગાહે છે એમ જાણવું.

(૬) કાળ-દ્રવ્ય :-મુખ્યપણે તો ઉપર જણાવેલા પંચાસ્તિકાયના, પર્યાયોમાં ઉપચાર કરવારૂપે ઉપચરિત દ્રવ્ય છે, એટલે કે તે પાંચે દ્રવ્યોની વિવિધ વર્તનાને, ભૂત,-ભાવિ અને વર્તમાન રૂપે જણાવવા રૂપ લક્ષણવાળું છે. શ્રી ભગવતીજી સૂત્રમાં જીવ દ્રવ્યની વર્તનાને જીવકાળ અને અજીવ-દ્રવ્યોની વર્તનાને અજીવકાળ કહ્યો છે, તે માટે કાળ દ્રવ્ય તે પંચાસ્તિકાયની વર્તનામાં ઉપચાર કરવારૂપ લક્ષણવાળું ઉપચરિત દ્રવ્ય જાણવું.

ઉપર જણાવ્યા પ્રમાણે છ એ દ્રવ્યો પોત-પોતાના સ્વ સ્વગુણોમાં સદાકાળ એટલે અનાદિ-અનંત અને નિરંતર પણે પરિણામ પામ્યા જ કરે છે, તેમ છતાં તેઓમાંના જીવ દ્રવ્યોનું અને પુદ્ગલ દ્રવ્યોનું, જે વ્યવહારથી-પર-પરિણામીપણું છે તેનું સ્વરૂપ નીચે મુજબ જાણવું. સર્વ સંસારીજીવોને કર્મ સંયોગે અનાદિથી પરભાવ-પરિણામી-પણું છે. એટલે કે સંસારીજીવોને જે મિથ્યાત્વ, અવિરતિ કષાય અને યોગ પરિણામન ભાવો છે. તે તેનું પર-પરિણામી પણું જાણવું. હવે પુદ્ગલ દ્રવ્યને સ્વપર-પરિણમનપણું કેવી

રીતે છે, તે બતાવીએ છીએ. પુદ્ગલ દ્રવ્યનું પરિણમન (૩) ત્રણ પ્રકારે હોય છે.

(૧) જીવના પ્રયોગથી કરાતું તે પ્રયોગસા પરિણમન જાણવું, જેમકે ઘર-હાટ-પ્રમુખની રચના કરવી તથા યાંત્રિક સાધનો જેવા કે મોટર વિગેરે ચલાવવાં તે.

(૨) વિશ્રસા ભાવનું પરિણમન એટલે પુદ્ગલ દ્રવ્યના પોતાના પુરણ-ગલન સ્વભાવથી થતું પરિણમન.

(૩) મિશ્રિકા પરિણમન, એટલે જીવ પ્રયોગની સાથે તે તે પુદ્ગલ દ્રવ્યોના ગુણ પ્રમાણે જે પરિણમન થાય તે. જેમકે શરીર આદિનું પરિણમન આ ત્રણે પ્રકારના વિવિધ પરિણમનોનું તેના હેતુઓ સહિત વિસ્તારથી સ્વરૂપ ગુરૂ-ગમથી સમજી લેવું.

હવે પુદ્ગલ દ્રવ્યના જે અનેક પરિણમનો છે, તેમાં જીવ દ્રવ્ય સાથે મુખ્યપણે સંબંધ પામતા પરિણમનના આઠ પ્રકારો છે, તેનું સ્વરૂપ સામાન્યથી નીચે પ્રમાણે જાણવું.

(૧) ઔદારિક વર્ગણા, (૨) વૈક્રિય વર્ગણા, (૩) આહારક વર્ગણા, (૪) તૈજસ વર્ગણા, (૫) ભાષા વર્ગણા, (૬) શ્વાસોશ્વાસ વર્ગણા, (૭) મનો વર્ગણા, (૮) કાર્મણ વર્ગણા.

આ વર્ગણાના સ્વરૂપને સિદ્ધાંતથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વર્ગણાના સ્વરૂપથી-ગીતાર્થ પાસે અવશ્ય સમજી

લેવું. સામાન્યથી ઉપરની આઠે વર્ગણાઓ દ્રવ્યથી અનંતા અનંત પરમાણુઓની બનેલી હોય છે. એમ જાણવું પરંતુ ઉત્તરોત્તર અધિક પરમાણુંઓવાળી અને સુક્ષ્મ-સુક્ષ્મતર જાણવી. એટલે ઔદારિક વર્ગણા સ્થુળ જાણવી, અને વૈક્રિય વર્ગણા તેનાથી અધિક પરમાણુંઓવાળી અને તેનાથી સુક્ષ્મ જાણવી આ રીતે છેલ્લી જે કાર્મણ વર્ગણા છે તે સર્વથી અધિક પરમાણુંઓ વાળી અને સુક્ષ્મતર જાણવી. આ કાર્મણ વર્ગણાઓના (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ય (૬) નામકર્મ, (૭) ગોત્રકર્મ અને (૮) અંતરાય કર્મરૂપ આઠ મુખ્ય પ્રકારો થાય છે. તેમજ તેના ઉત્તર પ્રકારોના (૧૫૮) એકસો અઠ્ઠાવન આદિ અનેક પ્રકારો જાણવા.

આ જગતના દરેક જીવો પોતાના અસંખ્યાત આત્મ પ્રદેશો વડે, એક પ્રદેશાવગાઢ એટલે તે તે આત્મ પ્રદેશના એક જ આકાશપ્રદેશમાં રહેલી કાર્મણ વર્ગણાઓને સંસારી આત્માઓ દરેક સમયે-સમયે પોતાના મિથ્યાત્વ, પ્રમાદ, કષાય, અને યોગ પરિણામના હેતુઓથી ગ્રહણ કરે છે, અને તેને ઉપર જણાવ્યા પ્રમાણે આઠ પ્રકારના કર્મ પરિણામરૂપે પરિણામ પમાડે છે અને તેનો પોતાના આત્મ પ્રદેશોની સાથે ક્ષીર-નીરવત બંધ (સંબંધ) કરે છે. ત્યાર પછી તે તે વિવિધ કર્મના વિપાકો ઉદયે દરેક સંસારી આત્માને તે તે કર્મ બળને આધીન થવા

વડે, તથાવિધ સંસારિક ભાવમાં પરિણામ પામવું પડે છે. આ રીતે જીવ દ્રવ્યને કર્મ—સંયોગે જે પરભાવ પરિણમન છે, તેનું, તેમજ જીવ પ્રયોગે પુદ્ગલદ્રવ્યને જે કર્મ—પરિણામપણું પ્રાપ્ત થાય છે, તેનું કિંચત્ સ્વરૂપ અમોએ બતાવ્યું છે. વિસ્તારથી ગુરૂ-ગમથી જાણી લેવું.

જીવને અનાદિ કર્મ સંયોગે વિવિધ કર્મના વિવિધ વિપાકે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ રૂપ પર-પરિણામમાં-પરિણમવું પડે છે અને તેથી જીવને ફરીને નવો કર્મબંધ થાય છે અને તેથી કરીને સંસારમાં અથડાવું પડે છે. પરંતુ જે જીવો કારણ-વિશેષતા પામીને આત્મ-સામર્થ્ય વડે એટલે પોતાના જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપાદિ ગુણો વડે પરપરિણમન ભાવનો ત્યાગ કરીને સ્વ-પરિણામમાં કર્તા-ભોક્તાપણે પરિણામ પામે છે, તેઓ અંતે સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિના શાશ્વત સુખના સ્વામી બને છે એમ જાણવું.

હવે છ એ દ્રવ્યોના પરસ્પરના સામાન્ય અને વિશેષ પરિણમન ભાવનું યત્ કિંચિત્ સ્વરૂપ શાસ્ત્રાધારથી બતાવીએ છીએ.—

(૧) પરિણામીપણું—છ એ દ્રવ્યો નિશ્ચયદૃષ્ટિએ પોત પોતાના સ્વભાવમાં નિરંતર પારિણામિક ભાવે પરિણામ પામ્યા જ કરે છે, તેમ છતાં વ્યવહાર દૃષ્ટિએ જીવદ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યને જે પરભાવ પરિણામીપણું છે તેને

લઇને જ આ સમસ્ત જગતની ચિત્ર–વિચિત્ર લીલા જાણવી. આમ છતાં તેઓ કોઇ કાળે પણ પોતાના મૂળ સ્વભાવને છોડતા નથી. તે ખાસ ધ્યાનમાં રાખવું.

(૨) જીવત્વપણું—છ એ દ્રવ્યોમાં ફક્ત જીવ દ્રવ્યોમાં જ જીવત્વપણું છે. બાકીના પાંચે દ્રવ્યો અજીવ જાણવા.

(૩) મૂર્તત્વ—છ એ દ્રવ્યોમાં માત્ર પુદ્ગલ દ્રવ્ય જ વર્ણ–ગંધ–રસ સ્પર્શયુક્ત હોવાથી મૂર્ત છે, બાકીના પાંચે વર્ણાદિ રહિત હોવાથી અમૂર્ત છે.

(૪) સપ્રદેશત્વ—છ એ દ્રવ્યોમાં કાળ દ્રવ્ય સમય રૂપ હોવાથી અને સમયનો સમુહ નહિ હોવાથી કાળ દ્રવ્ય અપ્રદેશી છે. બાકીના પાંચે દ્રવ્યોને સપ્રદેશી જાણવા. જો કે પરમાણું સમુહરૂપ નથી તેમ છતાં સમુહપણું પામતો હોવાથી તેને સપ્રદેશી કહ્યો છે. તેમજ વિવિધ વર્ણાદિ ગુણોની સત્તાના સમુહરૂપ હોવાથી પરમાણુને પણ સપ્રદેશીપણું જાણવું.

(૫) એકત્વપણું—છ એ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય, એ ત્રણે દ્રવ્યો એક એક જાણવા, બાકીના ત્રણેમાં જીવો અનંતા છે. પુદ્ગલો તેનાથી અનંતગુણા છે. તેથી વળી જીવ અને અજીવ દ્રવ્યોનો સમય પ કાળ તેથી અનંતગુણો જાણવો. તેથી સર્વ દ્રવ્યોના પ્રદેશો અનંતગુણા જાણવા તેમાં વળી આકાશાસ્તિકાય દ્રવ્યના પ્રદેશોની અનંતતા ઘણી મોટી જાણવી, સર્વ દ્રવ્યોના પ્રદેશોથી સર્વ દ્રવ્યોના ગુણો અનંતા છે અને તેથી તેના અસ્તિ

નાસ્તિરુપ પર્યાયો અનંતગુણા છે. આથી પણ કેવળી ભગવંતોનું-એક સમયનું કેવળ જ્ઞાન અનંતગુણ જાણવું.

(૬) ક્ષેત્ર દ્રવ્ય—છ એ દ્રવ્યોમાં માત્ર આકાશાસ્તિકાય દ્રવ્ય તે ક્ષેત્ર દ્રવ્ય છે, અને બાકીના પાંચે ક્ષેત્રી છે આકાશાસ્તિકાય દ્રવ્ય સ્વયં પ્રતિષ્ઠિત છે એમ જાણવું.

(૭) ક્રિયત્વ પરિણામ—છ એ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાં ક્રિયત્વગુણ છે. અને બાકીના ચારે અક્રિય દ્રવ્યો જાણવા.

(૮) નિત્યત્વ ધર્મ— છ એ દ્રવ્યો નિશ્ચયદૃષ્ટિએ, એટલે પોતપોતાના સ્વભાવમાં નિરંતર જે પરિણામ પામે છે, તે સ્વરૂપે નિત્ય છે. પરંતુ જીવ અને પુદ્ગલ દ્રવ્યોનું વ્યવહારથી અન્ય ભાવમાં પરિણામીપણું છે. તે રૂપે તે બે દ્રવ્યોનું અનિત્યપણું જાણવું.

અહિંયા સર્વ પરિણમનો પર્યાયાર્થિક નયથી અનિત્ય જાણવા પરંતુ દ્રવ્યાર્થિક નયથી (શુદ્ધ દ્રવ્યમાં) શુદ્ધ પર્યાયનું નિત્યપણું જાણવું. જ્યારે અશુદ્ધ પર્યાયનું તો દ્રવ્યાર્થિક નય વડે પણ અનિત્યપણું જાણવું કેમકે અશુદ્ધ-દ્રવ્યત્વ પણુંજ અનિત્ય છે.

(૯) કારણત્વપણું—છએ દ્રવ્યોમાં જીવ દ્રવ્યને અન્યના પરિણામીપણામાં કારણપણું નથી, જ્યારે બાકીના પાંચે દ્રવ્યોને અન્યના પરિણામીપણામાં કારણપણું છે.

(૧૦) કર્તૃત્વપણું- છ એ દ્રવ્યોમાં ક્રિયાનું સ્વતંત્ર પણે કર્તૃત્વપણું માત્ર જીવ દ્રવ્યને વિશેષ છે. બાકીના પાંચે દ્રવ્યો અકર્તા જાણવા.

(૧૧) સર્વંગતપણું- છ એ દ્રવ્યમાં માત્ર આકાશ દ્રવ્ય જ સર્વંગત એટલે લોકાલોક વ્યાપી છે બાકીના પાંચે દ્રવ્યો અસર્વંગત છે. એટલે માત્ર ચૌદરાજ લોકમાં જ છે એમ જાણવું.

(૧૨) અપ્રવેશીપણું- છ એ દ્રવ્યોમાં અપ્રવેશી-પણું છે, કેમકે અનાદિ કાળથી એક જ આકાશમાં એકી સાથે રહેલા હોવા છતાં કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપનો ત્યાગ કરીને કોઇપણ કાળે કોઈપણ અન્ય દ્રવ્યના ગુણ રૂપે પરિણામ પામતું નથી એમ જાણવું. આ રીતે સમસ્ત જગતના સમસ્ત પદાર્થોના ગુણું-પર્યાયનું ત્રિકાલિક સ્વરૂપ જણાવ્યું તેને યથાર્થતયા જાણવા માટે યથાર્થ જ્ઞાનની જરૂર છે. તે માટે હવે જ્ઞાન પ્રાપ્તિનું સ્વરૂપ બતાવીશું.

## કાર્ય—કારણ

કોઈ પણ દ્રવ્યનો (વસ્તુનો) કોઇ પણ પરિણામ તે તેના પૂર્વ પર્યાયનું (પરિણમનનું) કાર્ય છે અને ઉત્તર પર્યાયનું કારણ છે. આથી સ્પષ્ટ સમજાશે કે કોઇ પણ દ્રવ્યનો કોઈ પણ પર્યાય કાર્ય-કારણ ઉભય રૂપ છે અને તેને અપેક્ષા વિશેષથી કાર્ય રૂપ અથવા કારણ રૂપ વિવક્ષાય છે. અહિયાં એટલું ખાસ ધ્યાનમાં રાખવાનું કે જે પરિણામ જે અપેક્ષાએ કારણં રૂપ છે. તે પરિણામ તે જ અપેક્ષાએ કાર્ય રૂપ નથી :તેમજ જે પરિણામ જે અપેક્ષાએ કાર્યરૂપ છે તે પરિણામ તે જ અપેક્ષાએ કારણ રૂપ નથી. તે માટે સાપેક્ષ ભાવે કાર્ય કારણનો ભેદ સમજવો. શાસ્ત્રોમાં કાર્ય-કારણ ભાવના અપેક્ષા વિશેષથી અનેક પ્રકારો બતાવ્યા છે. પરંતુ અત્રે આત્માના શુદ્ધ કાર્યરૂપ-પરિણામ માટે જે કારણતાની યોજકતા અનિવાર્ય આવશ્યક છે. તેવા મુખ્ય ભેદોનું યત્કિંચિત્ સ્વરૂપ જણાવીએ છીએ.
(૧) ઉપાદાન કારણ એટલે સ્વ દ્રવ્ય પર્યાય પરિણમનનીકારણતા
(૨) નિમિત્ત કારણ એટલે પર દ્રવ્ય-પર્યાય-પરિણમનની કારણતા

જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ આ છ એ દ્રવ્યોમાં, સ્વ દ્રવ્ય પર્યાય પરિણમનની કારણતા સદા કાળ હોય જ

છે. પરંતુ જીવાસ્તિકાય દ્રવ્ય વિના બાકીના પાંચે દ્રવ્યોમાં પર દ્રવ્ય પર્યાય પરિણમનની કારણતા પણ છે. માત્ર જીવ દ્રવ્યને વિષે નિશ્ચયથી પર દ્રવ્ય પરિણામની કારણતા નથી એમ જાણવું.

પ્રત્યેક શુદ્ધાશુદ્ધ જીવાત્માને પોતાના સ્વ-ગુણ-પર્યાયની કારણતા વડે જ્ઞાનાદિ ગુણોના પરિણામરૂપ કાર્યપરિણામ હોય છે અને પર દ્રવ્ય-પર્યાયની કારણતા વડે અનેક પ્રકારનું ચિત્ર-વિચિત્ર ભાવ વાળું સંસારિક સ્વરૂપ હોય છે તેમાં તે આત્માના ક્ષાયોપશમિકાદિ ભાવના સામર્થ્ય પ્રમાણે જીવમાં બે પ્રકારની પર દ્રવ્ય કારણતા જાણવી.

(૧) સ્વસ્વરૂપ સાધક ભાવને ઉપકારક પર દ્રવ્ય હેતુતા

(૨) સ્વસ્વરૂપને બાધક પરદ્રવ્ય હેતુતા

આ માટે જે સંસારી આત્માઓ શુદ્ધભાવ પરિણમન વાળા, પર દ્રવ્ય પરિણામનું નામ-સ્થાપના-દ્રવ્ય કે ભાવસ્વ રૂપથી જે જે નિક્ષેપે આલંબન લે છે. તે તે પર દ્રવ્ય પરિણામ તે તે આત્માઓને સ્વરૂપે સાધક રૂપ જાણવો. અને જે આત્માઓ અશુદ્ધભાવ-પરિણમન વાળા પર દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવાદિનું જે જે નિક્ષેપે જેવા પ્રકારનું આલંબન લે છે. તે આત્માઓને તે તે પર દ્રવ્ય પરિણામ તથા સ્વરૂપે પોતાના આત્મ સ્વરૂપને બાધક જાણવો.

ઉપરની હકીકતના દષ્ટાન્તરૂપે મદિરાદિ દ્રવ્યોના ભક્ષણનો પરિણામ અને સારસ્વત-બ્રાહ્મી આદિ શુધ્ધ દ્રવ્યોના ભક્ષણનો પરિણામ જાણી લેવો.

જેઓ સંસારી આત્માના સાધક-બાધક ભાવવાળા વ્યવહાર પરિણમન ભાવથી નિશ્ચય પરિણમનને એટલે

આત્મ-પર્યાયને એકાંતે ભિન્ન માનનારા છે, અથવા તો જેઓ સંસારિક પરિણમનને અસત્ કે માયા રૂપ જ માને છે. તેઓને પોતાના શુધ્ધ-અશુધ્ધ પરિણમન ભાવના કાર્ય-કારણ ભાવની કોઈ ગતાગમ જ હોતી નથી એમ જાણવું. તેમજ વળી જેઓ સંસારિક પરિણમન ભાવને, નિશ્ચય પરિણમનથી એકાંતે અભિન્ન માનીને વ્યવહાર પરિણમન ભાવને જ શુદ્ધાત્મ પરિણમન ભાવ રૂપે ઓળખે છે. અને ઓળખાવે છે. તેઓ પણ આત્મપરિણમન ભાવના અજ્ઞાને કરીને અંધ જ જાણવા.

આત્માના કોઇ પણ પરિણમન ભાવમાં નિશ્ચય દષ્ટિએ ઉપાદાન કારણતાની બળવત્તા જાણવી. અને વ્યવહાર દષ્ટિએ નિમિત્તકારણની બળવત્તા જાણવી. આ રીતે ઉપાદાન નિમિત્ત કારણની સાપેક્ષભાવે મુખ્યતાગૌણતા વિચારતાં આત્માને અવિરૂદ્ધ મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે. એમ જાણવું. ઉપર જણાવી ગયા તે (૧) ઉપાદાન કારણતા (૨) નિમિત્તકારણતા. તે બંનેના વળી બે બે પ્રકારો છે. તે નીચે પ્રમાણે જાણવા. (૧) અનંતર ઉપાદાન કારણતા, (૨) પરંપર ઉપાદાન કારણતા. (૧) વ્યવસાયી નિમિત્ત કારણતા. (૨) અવ્યવસાયિ યાને અપેક્ષિત નિમિત્તકારણતા અહિંયાં કાર્યની અપેક્ષા મુખ્ય છે. એટલે કે જે કાર્યની નિકટવર્તી તેમજ સમયાંતર રહિત કારણતા છે. તેને અનંતર કારણતા જાણવી, અને જે કારણતા અપેક્ષિત કાર્યથી દૂર વર્તી હોય તેને પરંપર કારણતા જાણવી, પરંતુ ગમે તે કાર્યમાં ગમે તે પૂર્વપર્યાયની કારણતા જોડતાં અને ગમે તે

કાર્ય પરિણામ માટે ગમે તેવા કારણભાવને જોડતાં મિથ્યા-ભાવની પ્રાપ્તિ થશે. કેમકે તેથી તો કાર્ય કારણ ભાવ જ નષ્ટ થઈ જશે. આ માટે ખાસ જાણવું કે "કારણભાવની મુખ્યતાએ જે કાર્યનું જે કારણ છે તે કારણભાવને આધીન જ તે કાર્ય છે. અને કાર્યપરિણામની મુખ્યતાએ, જે જે કાર્યપરિણામો છે. તે તે તદ્દયોગ્યકારણતા સહિત જ હોય છે" માટે જે કારણનો જે કાર્યપરિણામ સાથે જેવા પ્રકારનો સંબંધ હોય તે અપેક્ષાએ તેની તેવા પ્રકારની કારણતા જાણવી. અને જે કાર્ય જે કારણતાને આધીન છે. તે કાર્યને તથાવિધ કારણતા સહિત જાણવું જોઈએ. કોઇ પણ સંસારી આત્માના સાધક યા બાધકભાવના કાર્યપરિણમનમાં નિમિત્ત કારણ યા ઉપાદાનકારણની ઉપકારકતા અથવા તો અનુપ-કારકતા મુખ્યત્વે તો આત્માના કર્તૃત્વસ્વભાવને આધીન છે. અને આત્માનો કર્તૃત્વસ્વભાવ પોતાના સાધ્ય (કાર્ય) ભાવને અનુરૂપ પ્રવર્તે છે એમ જાણવું, માટે આત્માર્થી આત્મા-ઓને આત્માર્થ માટે સૌ પ્રથમ સાધ્યશુદ્ધિ અનિવાર્ય આવશ્યકતા છે એમ જાણવું. સર્વે જીવો કોઇને કોઈ ભાવના સાધક તો હોય છે જ પરંતુ આત્માર્થ સિવાયની સર્વ સાધના આત્માને વિડંબક છે એમ જાણવું.

આત્માને મોક્ષાર્થની સિદ્ધિમાં આત્માના સમ્યક્ત્વ-નામના ગુણપરિણમનરૂપ ઉપાદાન કારણતાની અનિવાર્ય આવશ્યકતા છે. માટે તે સમ્યક્ત્વપરિણમનની પ્રાપ્તિનું કિંચિત સ્વરૂપ જણાવીએ છીએ. સમ્યક્ત્વપરિણામને શાસ્ત્ર કારોએ શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિકય

ગુણુ એ પાંચલક્ષણુવાળો કહ્યો છે. તેમાં સૌ પ્રથમ સંસારી જીવે સદ્દગુરૂની વાણીના યોગે ષટ્ સ્થાનની શ્રદ્ધા કરવી જોઇએ, એટલે કે જીવ છે જીવ નિત્ય છે. જીવ કર્મનો કર્તા છે. જીવ કર્મનો ભોકતા છે. જીવનો મોક્ષ છે. અને જીવને મોક્ષ માટેના ઉપાયો પણુ છે. આ ષટ્ સ્થાનની શ્રદ્ધાના પરિણુામ વડે તે આત્માને –" અનુકંપા ગુણુની પ્રાપ્તિ થાય છે. તે અનુકંપા ગુણુથી, આત્માને દુઃખથી મુક્ત કરાવવા રૂપે નિર્વેદ ભાવની પ્રાપ્તિ થાય છે. તે પછી તે નિર્વેદ ભાવ વડે શુદ્ધ સંવેગ ભાવની પ્રાપ્તિવાળા તે મોક્ષાભિલાષી જીવને સહજ ભાવે શમ–ભાવની પ્રાપ્તિ થાય છે. એમ જાણુવું. આ રીતે આત્માના ઉપાદાન ગુણુની કારણુતા જાણુવી.

હવે નિમિત્ત કારણુની હેતુતા જણુાવીએ છીએ. અનાદિ અનંત આ જગતમાં સર્વ પાપથી ( દુઃખથી ) મૂકાવનાર અને સર્વ પ્રકારના કલ્યાણુ (મંગલ) ના હેતુ રૂપ, શ્રી અરિહંત પરમાત્મા, શ્રી સિદ્ધ પરમાત્મા, શ્રી આચાર્ય, ભગવાન, શ્રી ઉપાધ્યાય ભગવાન, અને શ્રી સાધુ ભગવંતોના (૧૦૮) એકસોને આઠ ગુણોનું આલંબન જાણુવું. આ આલંબન નમસ્કારાદિ યોગ વડે અનેક નિક્ષેપાવાળુ છે પંચપરમેષ્ઠિના યથાવસ્થિત આલંબનથી પાંચ પ્રકારનું મિથ્યાત્વ, અને પાંચે ઇન્દ્રિયોના વિકારો નષ્ટ થતાં સંસારી આત્માઓ ઉપર જણુાવેલ સમ્યક્ પરિણુામ રૂપ અને શમ સંવેગાદિ પાંચ ગુણો પ્રાપ્ત કરે છે. અને તે થકી તે પંચ પરમેષ્ઠિનું ભાવ–અવલંબન લઇ તે આત્મા પાંચ આશ્રવભાવોને

ત્યાગ કરી, પંચાચારનું વિશુદ્ધ પાલન કરી, સંપૂર્ણ જ્ઞાન. દર્શન ચારિત્ર, અને વીર્યાદિ અનંત આત્મગુણોને પ્રાપ્ત કરીને આત્મા મુક્તિના શાશ્વત સુખનો સ્વામી બને છે. એમ જાણવું.

જે આત્માઓ આ રીતે તેમજ પૂર્વે બતાવ્યા મુજબ ષડ્દ્રવ્યમય જગતને, ઉત્પાદ-વ્યય-અને ધ્રુવાત્મક સ્વરૂપે ઓળખી શકયા નથી, તેવા મૂઢ આત્માઓ જગતને ઈશ્વર કર્તા સ્વરૂપે માને છે, તેમાં વળી વિશેષ મૂઢતા રૂપે ઈશ્વરને ઉપાદાન કારણ રુપે તેમ જ નિમિત્ત કારણ રૂપે એટલે ઉભય કારણતા સહિત જાણે છે, તેમ છતાં તેઓ આ જગતમાં જ્યારે જ્યારે અધર્મ-વધી જાય છે ત્યારે ત્યારે તે ઈશ્વરને પાછો ધર્મ સ્થાપવા માટે અવતાર લેવો પડે છે, એમ કહે છે. આ છે, તેમની કાર્ય-કારણ-અને કર્તા પણાના સ્વરૂપની વિસંવાદિ માન્યતાઓ,

આ માટે એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે. "જે કાર્ય કર્તાથી-ભિન્ન હોય છે, તેનો કર્તા પણ ભિન્ન હોય છે, અને જે-કાર્ય કર્તાથી-અભિન્ન હોય છે, તેનો કર્તા પણ અભિન્ન હોય છે, અને તેનું ભોકતૃત્વ પણ તેનાથી અભિન્ન હોય છે. એમ જાણવું. તેમ જ વળી જે જે સ્વરૂપે ભિન્ન છે, તે તે જ સ્વરૂપે અભિન્ન નથી. અને જે જે સ્વરૂપે અભિન્ન હોય છે તે-તે જ સ્વરૂપે ભિન્ન નથી. તે માટે સ્યાદ્વાદ દૃષ્ટિએ દરેક પદાર્થની ભિન્નાભિન્નતાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિ ભેદે યથાર્થ સ્વરૂપ ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી જાણવું જોઈએ.

# કર્તા-કર્મ

અનાદિ અનંત છ દ્રવ્યાત્મક આ જગતમાં છ એ દ્રવ્યો પોત-પોતાના પારિણામિક ભાવમાં નિરંતર પરિણામ પામે છે. તેમાં માત્ર જીવદ્રવ્યોને વિષે જ કર્તૃત્વ સ્વભાવ છે. બાકીનાં પાંચે દ્રવ્યોમાં કર્તૃત્વસ્વભાવ નહિ હોવાથી પાંચે દ્રવ્યો અકર્તા છે. એમ જાણવું. આથી ક્રિયા-પરિણામનું સ્વતંત્રપણે કર્તૃત્વ તેમજ તે કર્મપરિણામનું ભોક્તૃત્વ અને જ્ઞાતૃત્વ માત્ર જીવનદ્રવ્યને વિષે હોય છે. એમ જાણવું.

જે કાર્ય કર્તાથી ભિન્ન હોય છે. તેનો કર્તા પણ તે કાર્યથી ભિન્ન હોય છે જેમકે ઘટનો કર્તા કુંભાર-અને અને પટનો કર્તા વણકર. વળી જે કાર્ય કર્તાથી અભિન્ન હોય છે તેનો કર્તા પણ તે કાર્યપરિણામથી અભિન્ન હોય છે જેમકે જે—જે આત્માઓ પોતાના જ્ઞાનાદિ ગુણોના ઉપયોગાદિ જે—જે ભાવે કર્તા છે. તેઓ તે તે કાર્યપરિણમનના અભેદભાવથી જ્ઞાતા-ભોક્તા પણ છે, તેમજ વળી જે જે આત્માઓ, વિચિત્ર વિભાવ-સ્વભાવની અભિન્નતા વડે રાગ-દ્વેષાદિ પરિણામના કતૃત્વ ભાવમાં પરિણામ પામે છે. તેઓને પણ તે તે રાગ-દ્વેષાદિથી બંધાતા કર્મપરિણામથી પણ તથા સ્વરૂપે અભિન્ન જાણવા. અહિંયા સ્વભાવ

વના કર્તૃત્વપરિણામના અને વિભાવના કર્તૃત્વપરિણામના કાર્યની અભિન્નતામાં એટલો ભેદ જાણવો કે સ્વભાવના કર્તૃત્વનો કાર્ય—પરિણામ તે જીવની સાથે સમવાયસંબંધવાળો હોય છે. અને વિભાવસ્વભાવના કર્તૃત્વનો કર્મરૂપ જે કાર્ય—પરિણામ, તે તે જીવનની સાથે સંયોગસંબંધથી અભિન્ન જાણવો. જે જે સંયોગસંબંધો હોય છે. તેનો વિયોગ પણ અવશ્ય થાય છે એમ જાણવું. કેમકે આત્માને કર્મનિર્જરાવડે આત્મશુદ્ધિ પ્રયત્યક્ષ દેખાય છે.

વળી વિશેષે જણાવાનું કે છએ દ્રવ્યોમાં કર્તા—દ્રવ્ય માત્ર જીવદ્રવ્ય છે. પરંતુ ક્રિયત્વપરિણામ જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય એ બે દ્રવ્યોને વિષે છે. બાકીના ચાર દ્રવ્યોને સર્વજ્ઞભગવંતોએ અક્રિય કહ્યાં છે. હવે પુદ્‌ગલદ્રવ્યોનુ સ્વતઃ અને પરતઃ જે વિવિધ પ્રકારનું ક્રિયત્વ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. પુદ્‌ગલદ્રવ્યોમાં કર્તૃત્વપરિણામ નહિ હોવા છતાં જે જે સંસારીજીવોએ રાગ—દ્વષાદિપરિણામોથી પોતાના આત્મપ્રદેશોની સાથે જે જે કર્મપુદ્‌ગલોનો ક્ષીર—નીરવત્ અભેદસંબંધ કરેલો છે. તે તે વિવિધકર્મ-પુદ્‌ગલોમાં ઉદયકાળે જેવી જેવી શક્તિ હોય છે. તેવા પ્રકારના તેના ક્રિયત્વપરિણામની શક્તિવડે તે તે જીવોને તથા પ્રકારનો વિપાક અનુભવો પડે છે. એટલે તથા સ્વરૂપે અવશ્ય (ઔદયિકભાવે) તે જીવને પરિણામ પામવું પડે છે. તે કર્મપુદગલ દ્રવ્યના સ્વરૂપનું સ્વતઃ ક્રિયત્વપરિણામ જાણવું તેમજ પુદ્‌ગલોમાં જે વિશ્રસાપરિણામ થાય છે. તે

પણ સ્વતઃ ક્રિયત્વ—પરિણામ જાણુવો. બીજુ જે પુદ્ગલદ્રવ્યમાં પરતઃ ક્રિયત્વપરિણામપણું છે. તે તો વિવિધ પુદ્ગલદ્રવ્યોનો વ્યવહારિક કાર્યોથી ઘર–હાટ-ઘાટ રૂપે પ્રત્યક્ષ છે. તેમજ મંત્ર–તંત્ર અને વિજ્ઞાનીઓ વડે પુદ્ગ-લોના વિવિધ સંયોજન–વિભાજનના પ્રયોગોથી જે અનેક પ્રકારનું પુદ્ગલદ્રવ્યોમાં ચિત્ર-વિચિત્ર કાર્ય ઉત્પન્ન કરાય છે. તે પણ પરતઃ ક્રિયત્વ પરિણામ જાણુવો. છેવટે પારમા-ર્થિક દૃષ્ટિએ જણાવવાનું કે જે આત્માઓ કર્મના બંધનથી સર્વથા મુકત થયા છે. તેવા સિદ્ધપરમાત્માઓને કોઇ પરદ્રવ્યસંબંધી પરભાવપરિણમન હોતું નથી પરંતુ તેઓને **માત્ર પોતાના** શુદ્ધ અનંત જ્ઞાનાદિગુણોમાં ક્ષાયિકભાવે કર્તૃત્વ, ભોકતૃત્વ અને જ્ઞાતૃત્વ ભાવનું પરિણમન નિરંતર હોય છે. તેઓનું જે સત્-ચિદાનંદસ્વરૂપ છે. તે પરમજ્ઞાની-ઓને અનુભવગમ્ય હોય છે. પરંતુ તેનુ પૂર્ણસ્વરૂપ કહેવાને તો કોઇ પણ આત્મા સમર્થ નથી. એમ જાણુવું.

## સાધ્ય-સાધન

જે આત્માઓને પોતાના ઈષ્ટાનિષ્ટત્વનું ભાન હોતું નથી તેઓને સાધ્ય-શૂન્ય જાણવા, તેવા આત્માઓની સઘળીએ પ્રવૃત્તિ ગાંડા માણુસની માફક આમથી તેમ ભટકાતી હોય છે તેમ જ જે આત્માઓને જીવન માટેનો કોઇ આદર્શ હોતો નથી તેઓ અન્ય સમુચ્છિંમ પ્રાણીઓની માફક જેમ જીવાય તેમ જીવનારા હોય છે જ્યારે વિવેકી આત્માઓએ ઉત્તમ આદર્શ બાંધ્યો હોય છે, અને તે પ્રમાણે. એટલે પોતાને જેમ જીવવું છે તે પ્રમાણે જીવનારા હોય છે.

પરમજ્ઞાની પુરૂષોએ સઘળાએ જીવાત્માઓની પ્રવૃત્તિને ત્રણ વિભાગથી જણાવી છે. તેમાં પ્રથમ જે જીવો બાહ્ય-ધન, યશ, કીર્તિ તેમ જ શરીર કુટુંબાદિને માટે જ પ્રવૃત્તિ કરતા હોય છે. તે સઘળાએ જીવોને બહિરાત્મા જણાવ્યા છે. અને જે જીવો આત્માશુદ્ધિનો લક્ષ રાખીને આત્માને મલીન કરનારા-વિષય-કષાયોથી દૂર રહેવા પ્રયત્ન કરી રહ્યા છે તેઓને અંતરાત્માપણે જણાવ્યા છે, તેમ જ વળી જે જીવો પોતાના ગુણઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરી. અક્ષય અનંત કેવળ-જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરીને-પ્રવૃત્તિ રહ્યા છે. તેઓને પરમાત્મ સ્વરૂપે જણાવ્યા છે.

ઉપર જણાવેલ ત્રણ પ્રકારની પ્રવૃત્તિના ભેદથી ત્રણ પ્રકારના આત્માઓ જાણવા તેમાં પ્રથમ ભેદવાળા બહિરા-

ત્માઓ સંસાર સુખના યાને ઇંદ્રિયોના વિષય સુખના રાગી હોવાથી પોત-પોતાની ઇચ્છાનુસારે તે તે પ્રકારના વિષયો મેળવવામાં નિરંતર ઉદ્યમશીલ હોય છે. તેમ છતાં તેઓને પોત-પોતાના કર્માનુસારે-ઇષ્ટાનિષ્ઠત્વની પ્રાપ્તિ થાય છે એમ જાણવું, આથી કેટલાક બહિરાત્માઓમાં વળી વિશેષ કરીને, પરની નિંદા કરવાની, અને પરને દુઃખી કરવાની પ્રવૃત્તિ પણ હોય છે, અને આ માટે તેઓ નિશંકપણે હિંસા, જૂઠ, ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહાદિના ઘોર પાપો કરતાં હોય છે.

હવે જે આત્માઓને આ સંસારમાં કર્મની પરાધીનતા વડે એકેદ્રિંયાદિક અનેક યોનીયોમાં અનેક જન્મ-મરણ કરતાં કરતાં જયારે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તિપણાની-લબ્ધિ પ્રાપ્ત થાય છે ત્યારે તે જીવને પોતાના હિતાહિતનું ભાન કરાવનાર જીન-વાંણી સાંભળવાનો યોગ પ્રાપ્ત થયે, તે જીવને ષડ્-સ્થાન સ્વરૂપી આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે, તેથી ષડસ્થાનીય આત્મસ્વરૂપમાં શ્રદ્ધા કરવા વડે, તે જીવને અનાદિ મોહનીય કર્મના જોરે. જે અભિગ્રહાદિક પાંચ પ્રકાર વાળી મિથ્યામતિ હતી તે દૂર થતાં, આત્મ-શુદ્ધિનો લક્ષ કરતાં, યથા-પ્રવત્તિ, કરણ,-અપૂર્વકરણ-અને અનિવર્ત્તિકરણ રૂપ વિશુદ્ધ પરિણામથી અનાદિની સંસાર રાગની પરિણતિંની જે ગાંઠ બંધાયેલી હતી તે ગ્રંથીનો ભેદ કરતાં તે આત્માંને આત્મ-દર્શન પ્રાપ્ત થાય છે, આ રીતે જે જીવોને આત્મ-દર્શન પ્રાપ્ત થયું છે તેવા જીવોમાં આત્માને

જન્મ-મરણ અને આધિ-વ્યાધિ-અને ઉપાધિના દુઃખોમાંથી મુક્ત કરવાના પરિણામ રૂપ અનુકંપા હોય છે, તે અનુ-કંપાના જોરે તે જીવોમાં ભવ-નિર્વેદતા પ્રગટે છે, આથી સાંસારિક સુખમાંની આશક્તિ ઘટતાં, સંસારના બંધનથી મુક્ત થવા રૂપ તીવ્ર સંવેગ ભાવ પ્રગટે છે, તેથી તેઓ કર્મોદયજન્ય, અનુકુળ કે પ્રતિકુળ સંયોગોમાં શમત્વ-ભાવ ધારણ કરે છે. આ સ્વરૂપે જેઓ આત્માભિમુખ હોય છે, તેવા અંતરાત્માઓ પોતાની પરિણતીની તુલના કરીને એટલે પોતાનું આત્મસામર્થ્ય (ક્ષાયોપશમિક, જ્ઞાન, દર્શન, ચારિત્ર)ને તપાસીને, તે પ્રમાણે યથાશકિત દેશવિરતિ, અથવા સર્વવિરતિપણું અંગીકાર કરે છે. આ પ્રમાણે સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી વીતરાગ પરમાત્માઓએ બતાવેલ મોક્ષ માર્ગમાં જે આત્માઓ દેશ-વિરતિ યા-સર્વવિરતિ ભાવથી જોડાઇને પોતાના આત્માને કર્મ-મળથી નિર્મળ કરી રહ્યા છે તેઓને શુદ્ધ-સાધ્ય-સાધનભાવ વાળા જાણવા.

આ રીતે અમોએ સિદ્ધાંતથી-અવિરૂદ્ધભાવે સંક્ષેપથી શુદ્ધ-સાધ્ય-સાધન ભાવનું સ્વરૂપ બતાવ્યું છે. વિસ્તારથી ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી ગુણસ્થાનક-ક્રમારોહણના સ્વરૂપથી-સિદ્ધાંતથી-અવિરૂદ્ધભાવે જાણી લેવું.

## યોગ—ઉપયોગ

પ્રત્યેક સંસારી આત્માને પોત-પોતાના કર્મોદય પ્રમાણે યોગ-પરિણામ જાણવો, અને જ્ઞાના વરણીય તથા દર્શના વરણીય કર્મના ક્ષય-અને ક્ષયોયપશમ પ્રમાણે (૧૨) ભેદે-ઉપયોગ પરિણામ જાણવો.

મન, વચન, અને કાયાના યોગ રૂપે પ્રવર્તનારા દ્રવ્યોનો આત્માની સાથે જે પરિસ્પંદાત્મક વ્યાપાર તે દ્રવ્ય યોગ જાણવો. અને આત્માનો યોગ હેતુક જે અધ્યવસાય તે ભાવયોગ જાણવો. યોગ પરિણામની શુભાશુભતા કૃષ્ણ, નીલ અને કાપોત તેમજ તેજો, પદ્મ, અને શુકલલેશ્યાના છ ભેદથી જાણવી. ઉપર જણાવેલી પ્રથમના ત્રણ ભેદ વાળી લેશ્યાને અશુભ જાણવી. અને પાછળના ત્રણ ભેદ વાળી લેશ્યાને શુભ જાણવી. અને તે રૂપે આત્માનો જે શુભ-કે અશુભ પરિણામ તે ભાવલેશ્યા જાણવી. વળી આત્માનો જે ચલાચલ યોગ પરિણામ હોય તેને લેશ્યા રૂપ જાણવો. અને નિશ્ચલ યોગ પરિણામ હોય તેને ધ્યાન સમજવું હવે દરેક સંસારી આત્માને પોતાના વીર્યાન્તરાય-કર્મના-ક્ષયોપશમ પ્રમાણે અને વિવિધ નામ-કર્મના-ઉદયે, જેટલો જેટવો યોગ પરિણામ હોય છે તેનું સ્વરૂપ આ પ્રમાણે સિદ્ધાન્તથી અવિરોધીપણે જાણવું.

પ્રત્યેક સંસારી આત્માના એક એક આત્મ-પ્રદેશે, જઘન્યથી અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણ અવિભાગી

અંશો રૂપ વીર્ય ગુણુ છે. અને ઉત્કૃષ્ઠથી પણ અસંખ્યાતા લોકાકાશ પ્રદેશ પ્રમાણુ અવિભાગી અંશો રૂપ વીર્ય ગુણુ જાણુવો. પરંતુ જઘન્ય સ્થાનકના અવિભાગી અંશો કરતાં ઉત્કૃષ્ઠ સ્થાનકના અવિભાગી અંશો અસંખ્યાત ગુણા અધિક જાણવા. આ સમજવા માટે અસંખ્યાતાના અસંખ્યાત ભેદોનું સ્વરૂપ ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી સમજી લેવું.

દરેક આત્માને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ પ્રમાણે લબ્ધિવીર્ય સર્વ આત્મપ્રદેશે સરખું હોય છે, પરંતુ કરણ-વીર્ય જે અસંખ્યાત ભેદ વાળું હોય છે. તે યોગ સ્થાનકનું સ્વરૂપ નીચે મુજબ જાણવું.

સરખા વીર્યવિભાગવાળા આત્મ પ્રદેશોનો સમુહ તે એક વર્ગણા જાણવી. તેવી એક વર્ગણામાં પણ અસંખ્યાત આત્મ પ્રદેશો જાણવા. આવી એકોત્તર અધિક વીર્ય વિભાગ વાળી અસંખ્યાતી વર્ગણાઓનો જે સમુહ તેને સ્પર્ધક જાણવું. અને આવા અસંખ્યાતા સ્પર્ધકના સમુહ રૂપ જે વીર્ય પ્રવર્તન તેને યોગ સ્થાનક જાણવું. જો કે સર્વ જીવો આશ્રયી આવા યોગ સ્થાનકો અસંખ્યાતા છે. પરંતુ એક જીવ આશ્રયી એક સમયે એક જ યોગસ્થાનક જાણવું, એક યોગ સ્થાનકે એક જીવ જનન્યથી એક સમય અને ઉત્કૃષ્ઠથી આઠ સમય સુધી રહે છે. એમ જાણવું.

હવે સર્વ સંસારી જીવોના યોગસ્થાનકનું તારતમ્ય સિદ્ધાન્તથી અવિરોધીભાવે નીચે મુજબ જાણવું.

સૌથી અલ્પવીર્યવાળા લબ્ધિઅપર્યાપ્તા સુક્ષ્મનિગોદના જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે અલ્પયોગ હોય છે તેથી લબ્ધિ અપર્યાપ્તા બાદર-એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, અને સંજ્ઞી પંચેન્દ્રિયનો પ્રથમસમયનો જઘન્ય-યોગ ક્રમશઃ અસંખ્યાત ગુણો જાણવો. તેથી લબ્ધિ અપર્યાતા સુક્ષ્મ નિગોદ અને બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણો જાણવો. તેથી પર્યાપ્તા સુક્ષ્મ નિગોદ અને બાદર એકેન્દ્રિનો જઘન્ય યોગ અને ઉત્કૃષ્ઠયોગ ક્રમશઃ અસંખ્યાત ગુણો જાણવો. તેથી લબ્ધિ અપર્યાપ્તા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ઠ યોગ અસંખ્યાતગુણો જાણવો. તેથી પર્યાપ્તા બેઈન્દ્રયાદિ. ત્રસ જીવોનો જઘન્ય યોગ ક્રમશઃ અસંખ્યાત ગુણો જાણવો. તેથી પર્યાપ્તા બે ઈન્દ્રિયાદિ ત્રસ જીવોનો ઉત્કૃષ્ઠ યોગ અનુક્રમે અસંખ્યાત ગુણો જાણવો. આથી જાણવું કે જે જીવનને જેટલો અધિક યોગ હોય ત્યારે તે જીવ તે પ્રમાણે અધિક કર્મ ગ્રહણ કરે છે. એટલે વધુ કર્મબંધ કરે છે અને જેટલો અલ્પયોગ હોય છે તે પ્રમાણે તે ઓછાં કર્મ ગ્રહણ કરે છે, આથી શ્રી જીનેશ્વર ભગવંતોએ ગુપ્તિ-પ્રધાન-ધર્મ બતાવ્યો છે.

જે મુગ્ધઆત્માઓ પોતાના ક્ષાયોપશમિક વીર્યગુણને પર-પૌદ્ગલિક ભાવમાં ઇષ્ટાનિષ્ટ ભાવથી યોગ પરિણામના કર્તાપણામાં અને ભોકતાપણામાં પ્રવર્તાવે છે. તે આત્માઓ તે ભાવે તથાવિધ નવીન કર્મોનો બંધ કરે છે. અને જે

આત્માઓ પોતાના ક્ષાયોપશમિક વીર્ય ગુણ વડે સમિતિ અને ગુપ્તિ ધર્મમાં ઉપયોગી બની પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ પરિણામમાં રમણતા કરે છે. તેઓ તે ભાવે નિર્જરા કરે છે અને આત્મવિશુદ્ધિ પ્રાપ્ત કરે છે. એમ જાણવું.

મુખ્યપણે આત્માને તીવ્રબંધના કારણરૂપ વિષયાશક્ત ભાવે પરભાવનું કર્તા-ભોકતાપણું દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીયના ઉદયાનુસારે જાણવું, અને તે મોહનીય કર્મના ઉદયને ક્ષીણ કરવા તેમજ તોડવા માટે સમ્યગ્જ્ઞાનનું ઉપકારીપણું જાણવું. આ માટે આલંનીયપર-ઉપકારીતા રૂપ પ્રશસ્ત અને અપ્રશસ્તયોગનું સ્વરૂપ-યથાર્થ સમજવું-જરૂરી છે ( જે યોગ પ્રવૃત્તિથી આત્મા વિષય કષાયની નિવૃત્તિ કરી, આત્મા-આત્મ વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે. તે ભાવે જે પંચાચારની પ્રવૃત્તિ તેને પ્રશસ્તયોગ જાણવો.) જે યોગ પ્રવૃત્તિથી આત્મામાં વિષય-કષાય અને પ્રમાદની વૃધ્ધિ થાય તે અપ્રશસ્તયોગ જાણવો જો કે સંપૂર્ણ શુધ્ધ સ્વરૂપે અયોગી થયા સિવાય કોઈ જીવ મુક્તિમાં ગયો નથી જતો નથી. અને જશે પણ નહિ. તેમજ ગુણઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરીને, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યગુણને પ્રાપ્ય કર્યા સિવાય, કોઈ જીવ અયોગી થઈ શકતો નથી. તેમજ શુધ્ધ પંચાચારના પાલન સિવાય કોઇ જીવ ઘાતિ કર્મોનો ક્ષય કરી શકતો નથી. માટે શુધ્ધ પંચાચારના પ્રાલનને મોક્ષ માર્ગ જાણવો જોઇએ.

## ઉપયોગ

હવે ઉપયોગનું સ્વરૂપ જણાવીએ છીએ. ઉપયોગ તે આત્માનો પરિણામ છે. અને તેના બાર ભેદો છે. દરેક દરેક આત્મા પ્રત્યેક સમયે ઉપયોગીતો હોય છે જ, પરંતુ પ્રકૃષ્ટ ઉપયોગ પરિણામ. તે શુદ્ધભાવે સાધક છે. અને અશુદ્ધભાવે બાધક છે. એમ જાણવું.

અનાદિ મિથ્યાત્વ પરિણામનો,--એટલે મોહનીય કર્મના દર્શન સપ્તકનો જે આત્માને ક્ષય, ઉપ્રશમ, કે ક્ષયોપશમ હોતો નથી, તે આત્માનો ઉપયોગ પોતાના આત્મ સ્વરૂપને તથા સ્વરૂપે બાધક જાણવો, અને જે આત્માને જેવા સ્વરૂપે સમ્યકત્વનો પરિણામ વર્તે છે. તે આત્માનો ઉપયોગ પોતાના આત્મભાવને તથા સ્વરૂપે સાધક ભાવવાળો જાણવો. મુખ્યપણે જ્ઞેયને જાણવારૂપ આત્માનો જે પરિણામ તે ઉપયોગ જાણવો. તેમાં જ્ઞેયને વિશેષ સ્વરૂપે જાણનાર એટલે નામ, જાતિ, ગુણ અને ક્રિયાના ભેદથી જાણનાર ઉપયોગને સાકારોપયોગ એટલે જ્ઞાનોપયોગ જાણવો. અને જ્ઞેયનો નામ–જાતિ–ગુણ–ક્રિયા રહિત જે અવબોધ તે દર્શનો ઉપયોગ એટલે નિરાકાર ઉપયોગ જાણવો આ ઉપયોગ પરિણામના બાર ભેદો નીચે મુજબ જાણવા તેમાં સાકારોપયોગના આઠ ભેદો છે અને નિરાકારોપયોગના ચાર ભેદો છે.

આ બારે ભેદો જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષય અને ક્ષયોપશમ ભાવથી હોય છે. એમ જાણવું.

(૧) મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પ્રમાણે મતિજ્ઞાનોપયોગ હોય.

(૨) શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પ્રમાણે શ્રુતજ્ઞાનોપયોગ હોય.

(૩) અવધિજ્ઞાના વરણીયકર્મના ક્ષયોપશમ પ્રમાણે અવધિજ્ઞાનોપયોગ હોય.

(૪) મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ પ્રમાણે મનઃપર્યવજ્ઞાનોપયોગ હોય છે.

(૫) કેવળજ્ઞાનવરણીય કર્મના ક્ષય**થી** કેવલજ્ઞાનોપયોગ હોય છે. ( કેવળજ્ઞાનક્ષયોપશમિક હોતું નથી )

(૬) મિથ્યાત્વયુક્ત મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે મતિઅજ્ઞાનોપયોગ હોય છે.

(૭) મિથ્યાત્વયુકત શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે શ્રુતઅજ્ઞાનોપયોગ હોય છે.

(૮) મિથ્યાત્વયુકત અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમે વિભંગજ્ઞાનોપયોગ હોય છે.

પ્રથમના જે પાંચે સાકારોપયોગ છે, તે સમ્યકત્વ સહિત હોવાથી સમસ્ત જ્ઞેયપ્રતિ સુવિશુદ્ધ હોવાથી આત્માને અનુગ્રહકારી જાણવા. અને પાછળના ત્રણે સાકારોપયોગ

તે મિથ્યાત્વસહિત હોવાથી જ્ઞેય-પતિ-અવિશુદ્ધ હોવાથી આત્માને વિષયકષાયની વૃદ્ધિ કરાવવારૂપે ઉપઘાતક જાણવા.

(૯) ચક્ષુદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય— **ચક્ષુદર્શનોપયોગ** જાણવો.

(૧૦) અચક્ષુદર્શનાવરણીય એટલે ચક્ષુસિવાયની બીજી ઇન્દ્રિયોથી થતુ જ્ઞાન તેના આવારક કર્મના ક્ષયોપશમથી જે જ્ઞાન થાય તે-અચક્ષુ-દર્શન-નિરાકારોપયોગ જાણવો. (૧૧) અવધિદર્શનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય-નિરાકારોપયોગ તે અવધિ દર્શનો ઉપયોગ જાણવો.

(૧૨) કેવળ દર્શનાવરણીય કર્મના સર્વથા ક્ષયથી—સકલ જગતના સમસ્ત ભાવોને હસ્તકમલવત્ જોનાર-નિકારોપયોગ તે કેવળ દર્શનો ઉપયોગ જાણવો.

સામાન્ય નિરાકારોપયોગ પોતાના સ્વરૂપે, આત્માને અનુગ્રહ કે ઉપઘાત કરતો નથી. પરંતુ સાકારોપયોગ તે સાધક-બાધક જાણવો. બારે પ્રકારના ઉપયોગમાં પ્રથમના પાંચ સાકારોપયોગ આત્માને ઉપકારી છે. અને તે માટે મિથ્યાત્વનો પરિહાર, અને સમ્યકત્વના પરિણામની પ્રાપ્તિ જરૂરી છે. માટે સમ્યકત્વપ્રાપ્તિના ઉપાયો નય-સાપેક્ષ નીચે મુજબ સિદ્ધાન્તથી અવિરોધિપણે વિચારી-સમ્યક-પરિણામી બનવું અનિવાર્ય-આવશ્યક છે.

### સમ્યકત્વ પ્રાપ્તિના હેતુઓ.

(૧) નૈગમ નયથી:—પાપ ભિરૂતા. તે સમ્યકદર્શનનો હેતુ છે.

(૨) સંગ્રહ નયથીઃ—વિષય કષાયની ઉપશમતા, તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૩) વ્યવહાર નયથીઃ-સુદેવ, સુગુરૂ, અને સુધર્મનો યોગ તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૪) ઋજુસૂત્ર નયથીઃ- આત્માર્થીપણું તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૫) શબ્દનયથીઃ-નવે તત્ત્વોનો હેયોપાદેયાત્મક યથાર્થ બોધ તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૬) સમભિરૂઢનયથીઃ-યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અને અનિવૃત્તિ કરણરૂપ કરણવિશેષ પરિણામ તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

(૭) એવંભુતનયથીઃ-મોહનીયકર્મના દર્શન સપ્તકનો, ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમનો પરિણામ તે સમ્યગ્દર્શનનો હેતુ છે.

સામાન્યથી યોગ-ઉપયોગના ફળભેદની ચોભંગી આ પ્રકારે જાણવી. વિશેષ થકી ગીતાર્થ ગુરૂભગવંત પાસેથી યથાર્થ સમજી લેવી.

(૧) શુભયોગે—શુભગતિ હોય

(૨) અશુભયોગે—અશુભગતિ હોય

(૩) શુધ્ધ ઉપયોગે—મોક્ષપ્રાપ્તિ હોય

(૪) અશુધ્ધ ઉપયોગે—સંસારવૃધ્ધિ હોય

**આત્મસ્વરૂપની શુભાશુભતા યોગ આશ્રયી જાણવી. અને આત્મસ્વરૂપની શુદ્ધાશુદ્ધતા ઉપયોગ આશ્રયી જાણવી.**

## આરાધક—વિરાધક

નિશ્ચયદૃષ્ટિએ કોઈપણ આત્મા આરાધક કે વિરાધક એક ભાવવાળો હોય છે. એટલે જે આરાધક છે તે વિરાધક હોતો નથી તેમજ જે વિરાધક છે તે આરાધક નથી. જ્યારે વ્યવહાર નય દૃષ્ટિએ આત્મા અપેક્ષા-વિશેષે કરીને આરાધક અને વિરાધક-બંને ભાવવાળો હોય છે.

નિશ્ચયદૃષ્ટિએ આત્માનું-આત્માને આત્માથી પણે એટલે શુદ્ધ-ઉપયોગ પરિણામ આરાધકપણું જાણવું અને વિષય-કષાય-અને પ્રમાદ ભાવે વિરાધકપણું જાણવું,

વ્યવહાર નયદૃષ્ટિએઃ- સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્-તપ આદિભાવે આત્માને આરાધકપણું જાણવું તેમજ મિથ્યાત્વ, અવિરતિ. કષાય અને યોગ પરિણામ ભાવે વિરાધકપણું જાણવું

વ્યવહારથી-દ્રવ્ય-સમ્યક્ શ્રુતને સમ્યકદર્શનનું કારણ જાણવું અને નિશ્ચયથી-સમ્યકજ્ઞાનને, સમ્યક દર્શનનું કાર્ય જાણવું.

આથી સ્પષ્ટ સમજવું કે. વ્યવહારથી કોઈપણ સંસારી આત્માની કોઈપણ પ્રવૃત્તિ સર્વથા અવિરાધકભાવવાળી હોતી નથી. તેથી એકાંત નિશ્ચયદૃષ્ટિવાળાઓને એકલો આરાધક-ભાવ કયાંય પ્રાપ્ત થશે નહિ.

તેમજ વળી જેઓ શુભયોગમાં જ એકાંતે સમ્યક જ્ઞાનદર્શન–ચારિત્રાદિનો **ઉપચાર** કરીને શુભયોગ ક્રિયામાં જ આરાધકપણું માને છે,–તેઓને પણ સમ્યક–જ્ઞાનાદિ–ભાવરહિત પણે આરાધકતા હોતી નથી. એમ જાણવું. આ માટે શાસ્ત્રોમાં સ્પષ્ટ જણાવ્યું છે કે નિશ્ચય અને વ્યવહાર બંને દષ્ટિઓને સાપેક્ષ ભાવે યથાસ્થાને જોડતાં ઈષ્ટાર્થ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે, યોગ પરિણામને નિશ્ચયથી–વિરાધકપણું છે તેમ જ વ્યવહારથી પણ શુભાશુભ આશ્રવ રૂપે, વિરાધકપણું છે. તથાપિ જ્યાં સુધી આત્મા સંપૂર્ણ અયોગી નથી થયો ત્યાં સુધી તેને યોગ–પરિણામ હોય જ છે. પરંતુ આ યોગ–પરિણામના મુખ્ય બે પ્રકારો છે. (૧) પુણ્ય બંધના હેતુવાળો, શુભયોગ અને (૨) પાપ બંધના હેતુવાળો અશુભયોગ તેમાં પુણ્યોદયની ઉપકારકતા મુખ્યપણે નીચે મુજબ જાણવી.—

સંસારી આત્મા અનંતિ પુણ્યાઈએ મનુષ્ય ભવ પામે છે, ત્યારે તેથી પણ અધિક પુણ્યાઇએ દ્રવ્યથી–સમ્યક-શ્રુતરૂપ–પરમાત્માની વાણીને સાંભળવાનો લાભ પામે છે, જે મુખ્યપણે સમ્યક–દર્શનનું કારણ છે, માટે કારણમાં કાર્યનો ઉપચાર કરવા વડે પરંપરાએ શુભયોગ–પરિણામમાં ઉપચારે, આરાધકપણું–જાણવું જોઇએ.

હવે નિશ્ચય અને વ્યવહારે અન્વય વ્યતિરેક ભાવે આરાધકપણું તેમજ વિરાધકપણું જણાવીએ છીએ.

અન્વય સ્વરૂપથી જોઈશુ તો અનાદિ મિથ્યાદષ્ટિ જીવને પ્રથમ દ્રવ્ય સમ્યક–જ્ઞાનરૂપ–પરમાત્માની વાણી સાંભ-

ળીને, તે અર્થમાં શ્રદ્ધા કરવા વડે, આત્મભાન રૂપ-સમ્યક્ દર્શનની પ્રાપ્ત થાય છે, તે પછી તે સમ્યક-દર્શન ગુણની વિશુદ્ધિ વડે તે આત્મા સમ્યકજ્ઞાન અને સમ્યક—ચારિત્ર ગુણને પ્રાપ્ત કરે છે. અને તે સમ્યક—ચારિત્ર ગુણમાં સ્થિર થઈને સમ્યક-તપ પરિણામ વડે સર્વ-ઘાતિ કર્મોનો ક્ષય કરીને તે જીવ પોતાના અનંત જ્ઞાનાદિ ગુણોને ક્ષાયક ભાવે પ્રાપ્ત કરી-સિધ્ધિ-પદને પામે છે, હવે વ્યતિરેક ભાવથી આરાધકપણું વિચારીએ તો પ્રત્યેક સંસારી જીવને જીવને જે અનાદિ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ પરિણામે વિરાધકપણું છે તેમાથી પ્રથમ મોહનીય કર્મના દર્શન સપ્તકનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરવાથી તે મિથ્યાત્વના પરિણામની વિરાધકતા તે જીવને પ્રથમ ટળી જાય છે, તે પછી પ્રાપ્ત થયેલ-સમ્યક દર્શનના યોગે તે જીવને અનાદિનું જે વિષયોમાં સુખરૂપે અજ્ઞાન ભાવમાં પરિમન હતું તે ટળી જવાથી સમ્યક જ્ઞાન ગુણની પ્રાપ્તિ થાય છે. તે પછી તે આત્મા પોતાના હિતાહિતના યથાર્થ જ્ઞાન રૂપ સમ્યક જ્ઞાનના બળે, અવિરતિ રૂપ વિરાધક ભાવનો ત્યાગ કરીને, વિરતિભાવરૂપ સમ્યક ચારિત્ર ગુણને પ્રાપ્ત કરે છે. તે પછી તે આત્મા સમ્યક ચારિત્ર ગુણ વડે કષાય ભાવનો ત્યાગ કરે છે, કષાય ભાવના ત્યાગ કરવા વડે આત્માને સમ્યક તપ ગુણની પ્રાપ્તિ થાય છે. અંતે સમ્યક તપ (શુકલ ધ્યાન) ગુણ વડે આત્મા છેવટે યોગ પરિણામની વિરાધકતાને ટાળીને અયોગી થઈને મુક્તિના અનંત, સહજ, શાશ્વત સુખને પામે છે એમ જાણવું. આ રીતે મોક્ષ પ્રાપ્તિનો માર્ગ અન્વય-વ્યતિરેકભાવે અમોએ અમારી યથામતિ સિધ્ધાંતથી અવિરૂધ્ધ ભાવે જણાવ્યો છે. વિસ્તારથી ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણવા ઉદ્યમ કરવો છે.

## લૌકિક—લોકોત્તર

અનાદિ અનંત એવા આ જગતને વિષે વિવિધ ક્ષેત્રે જે જે વિવિધ ભાવો પ્રવર્તે છે તેમાં લૌકિક દેવ, લૌકિક ગુરૂ અને લૌકિક ધર્મને તેમજ લોકોત્તરદેવ, લોકોત્તર ગુરૂ અને લોકોત્તર ધર્મના સ્વરૂપને, યથાર્થસ્વરૂપે ઓળખીને જેઓ લૌકિક ભાવોનો પરિહાર કરીને લોકોત્તર તત્વત્રયીનું શરણું લે છે તેઓ યથાતથ્યભાવે પોતાનું શુધ્ધ આત્મ સ્વરૂપ પ્રગટ કરીને અનંત શાશ્વત સુખને પામ્યા છે, પામે છે અને પામશે એમ જાણવું.

(૧) આ જગતમાં જ્યાં જ્યાં પૌદ્ગલિક રિદ્ધિ, સિધ્ધિની સત્તા જણાય છે. ત્યાં ત્યાં દેવત્વપણું માનવામાં આવે છે, તેથી તે તે દેવ પાસે પોતાના ઐહિક-સુખના સ્વાર્થ માટે, તે તે દેવની વિવિધ પ્રકારે સેવા પૂજા ભક્તિ કરી, તેમને પ્રસન્ન કરવામાં આવે છે. આ રીતે સેવા-ભક્તિના રાગી, તે લૌકિક દેવ જાણવા,

(૨) જે જે આત્માને જે જે વિષય સુખમાં ઇષ્ટત્વ હોય છે તે તે મેળવવાના ઉપાયની યુક્તિ પ્રયુક્તિઓ કરનારા અને બતાવનારા લૌકિક ગુરૂ જાણવા.

(૩) જે જે અર્થ-કામના પુરૂષાર્થથી પાંચે ઇન્દ્રિયોને યથેચ્છ અનુકૂળ પોતપોતાના વિષયોની પ્રાપ્તિ થાય તે લૌકિક ધર્મ જાણવો.

(૧) જે આત્માઓએ, પોતાના ગુણઘાતિ, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચારે ઘાતિ કર્મોનો સર્વથા ક્ષય કરીને, અનંતજ્ઞાન, અનંતદર્શન અનંત ચારિત્ર, અને પોતાના અનંત વીર્ય ગુણની સર્વ સત્તા સ્વાધીન કરીને, તીર્થંકર નામ કર્મના ઉદયે, ધર્મતીર્થ પ્રવર્તાવેલ છે, તેમના પરમાત્મ સ્વરૂપને શુધ્ધ સાધ્ય સાધન દાવે અનુસરનારા આત્માઓ લોકોત્તર દેવપદના આરાધક અને ઉપાસક જાણવા.

(૨) જે આત્માઓ પોતાના શુધ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ માટે, સર્વ સંસારિક ભાવોનો ત્યાગ કરીને, છ એ કાયના જીવોની દયા સહિત, પાંચ મહાવ્રતોનું પાલન કરવા પૂર્વક પંચાચારના પ્રવર્તન વડે પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, અને વીર્ય એ પાંચ ગુણની વિશુધ્ધિએ વધી રહ્યા છે તેવા આત્માર્થી આત્માઓના જ્ઞાન સંયમાદિગુણોની આત્માર્થે સેવા ભક્તિ કરવી તે લોકોત્તર ગુરૂની સેવા જાણવી.

(૬) અનાદિ કાળથી જે કર્મ સત્તા આ સંસારમાં પોતાના આત્માને અનેક પ્રકારના જન્મ મરણાદિ દુઃખો આપી રહી છે તે કર્મ સત્તાને તોડનારી જે સંવર–નિર્જરા રૂપ ધર્મ સત્તા તેનું શરણું લેવું તે લોકોત્તર ધર્મ સેવા જાણવી.

આ રીતે લૌકિક અને લોકોત્તર દેવ ગુરૂ ધર્મનું સ્વરૂપ જાણીને, લૌકિક દેવ, ગુરૂ ધર્મને આત્મિક શુધ્ધિના હેતુ પણે સેવવાથી તેમજ લોકોત્તર દેવ, ગુરૂ, ધર્મને સંસા-

રિક સુખના કારણપણે સેવવાથી મિથ્યાત્વ અને અજ્ઞાનની વૃધ્ધિ થાય છે એમ જાણવું.

જો કે આ ઉપર જણાવેલા લૌકિક દેવ ગુરૂ અને ધર્મને વિષે લોક સંજ્ઞાએ જીવનારા જીવોને સંસારિક હેતુએ ઇષ્ટત્વ અને આરાધ્યપણું હોય છે. પરંતુ તે લૌકિક, દેવ, ગુરૂ, ધર્મની ઉપાસનાને આત્મ શુધ્ધિકર માનવી તે, મિથ્યાત્વનું પરિણામ છે એમ જાણવું

જે આત્માઓને સદ્‌ગુરૂના યોગે યા નિસર્ગભાવે પોતાના આત્મસ્વરૂપમાં પરમાત્મ–સ્વરૂપની શક્તિરૂપ આત્મ દર્શન થયેલું હોય છે તેઓ યથાર્થ ભાવે લોકોત્તર દેવ-ગુરૂ અને ધર્મને ઓળખી શકે છે અને તે સત્તામાં રહેલા પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરવા તેની સાચી ઉપાસના પણ કરી શકે છે.

## ભૂતકાળ અને ભવિષ્યકાળ

કોઈપણ વસ્તુને ભૂતકાળથી કે ભવિષ્યકાળથી જાણવા માટે પ્રથમ તેના નિત્ય-દ્રવ્યત્વભાવને જાણવો જોઇએ, કેમકે દ્રવ્ય-તેના સકળગુણ પર્યાયસહિત-ત્રિકાળ, નિત્ય હોય છે. પરંતુ તે જ દ્રવ્યને જો તેના સમય-સમયના વિવિધ પર્યાય પરિણામણી જોઈશું તો તે સકળ પર્યાય-પરિણામો સ્થાયી નહિ હોવાથી, તે તે પર્યાય સ્વરૂપે તે દ્રવ્ય અનિત્ય જણાશે. આથી સ્પષ્ટ સમજવું કે, કોઈપણ દ્રવ્યના પર્યાય પરિણમને ભૂત કે ભાવિપણું નથી પરંતુ દ્રવ્યને-દ્રવ્યત્વ ભાવે વિવિધ પર્યાય-પરિણામ સહિત ભૂત-ભાવિ અને વર્તમાનપણું છે. જેમકે સુવર્ણ દ્રવ્યનો, પ્રથમ હાર (કંઠી) બનાવ્યો, પછી તે હારને ગાળી નાખીને તે જ સુવર્ણનું કડું બનાવ્યું, પછી તે કડું ગાળી નાખીને તેજ સુવર્ણમાંથી કુંડલ બનાવ્યા. આ અને હાર, કડુ અને કુંડલ રૂપ વિવિધ પર્યાયોમાં સુવર્ણ નિત્ય છે તેથી તે સુવર્ણ દ્રવ્યને હાર, કડુ અને કુંડલરૂપે અપેક્ષા વિશેષે ભુત, ભાવિ અને વર્તમાનપણું જાણવું. અને હાર-કડુ-કુંડલરૂપ પર્યાય વિશેષને પર્યાયસ્વરૂપે-ભિન્નભિન્ન કાળે અસ્તિપણે જાણવા. વળી કોઈપણ મનુષ્ય, બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા રૂપ ત્રિવિધ ભાવથી મનુષ્યત્વપણે નિત્ય છે. પરંતુ તે બાળ, યુવાન, અને વૃદ્ધાવસ્થા વડે તે તે પર્યાય સ્વરૂપે વિભિન્ન-કાળે નાસ્તિરૂપ હોવાથી અનિત્ય પણ છે. એટલે

મનુષ્યત્વને બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા વડે મનુષ્યત્વરૂપ દ્રવ્યત્વભાવે ભુત, ભાવિ અને વર્તમાનપણું એમ ત્રિવિધ અવસ્થા પ્રાપ્ત થશે. પરંતુ પ્રત્યેક અનિત્ય પર્યાય સ્વરૂપને અન્યકાળે હોતું નથી એમ જાણવું, વળી જાણવું કે કોઈ પણ આત્મદ્રવ્યને નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ ભવના પર્યાય વડે જોઈશું તો તે તે વિવિધ ભવની અપેક્ષાએ તે આત્માને-વિષે ભૂત-ભાવિ અને વર્તમાન રૂપે તે તે મનુષ્યાદિ ભવો અનિત્ય જણાશે. એટલે સ્વતંત્રભાવે કોઇપણ પર્યાયને ત્રિકાલિકપણું નથી પરંતુ તે આત્મા જેમ દ્રવ્યત્વભાવે સકળ પર્યાયના આધાર સ્વરૂપે નિત્ય છે. તેમ સર્વે દ્રવ્યો સકળ પર્યાય સહિત નિત્ય હોવાથી સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળ જ્ઞાની પરમાત્માઓ આત્મદ્રવ્યોને સર્વ તેના ત્રિકાલિક સર્વ પર્યાયો સહિત એક જ સમયમાં જાણે છે અને જુએ છે, વળી કાળ તે વિવિધ-દ્રવ્યોના વિવિધ પર્યાયોમાં ઉપચાર કરવા રૂપે ઉપચરિત દ્રવ્ય છે કેમકે એકજ આકાશ પ્રદેશને વિષે રહેલા, અનંતા-આત્મ પ્રદેશોમાં, અને અનંતા પુદ્ગલ દ્રવ્યમાં એકજ સમયના વિવિધ પરિણમન ભાવ હોય છે તે પરિણામનો તે તે દ્રવ્ય સાપેક્ષ-ભિન્ન-ભિન્નકાળ જાણવો. આ માટે ખાસ જાણવું જરૂરી છે કે કોઈપણ દ્રવ્યના કોઈપણ પર્યાયમાં-વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિ વડે તેના આવિર્ભાવ-યા તિરોભાવ સ્વરૂપથી તેમજ પૂર્વાપર ભાવથી તેમજ વિવિધ ક્રિયા પરિણામથી તેમજ વિવિધ ભેદાભેદ સ્વરૂપથી સર્વ કાળે ભૂત-ભાવિ અને વર્તમાન સ્વરૂપનો આરોપ પણ કરી શકાય છે. આ વાતને સ્પષ્ટ તથા-યથાર્થ સ્વરૂપે ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી સમજી લેવી.

## વાચ્ય-વાચક

જગતના સમસ્ત દ્રવ્યો અને તેના ત્રિકાલિક સમસ્ત પર્યાયો જ્ઞેયરૂપ છે એટલે જાણવા રૂપે છે, અને તે સકળ જ્ઞેય ભાવને જાણવાનું જે જ્ઞાન=સામર્થ્ય તે શ્રી વીતરાગ-સર્વજ્ઞ અને સર્વદર્શી કેવળી પરમાત્માઓમાં પ્રત્યેક સમયે સહજ-ઉપયોગે-પ્રવર્તે છે એમ જાણવું. સકળ જ્ઞેય વસ્તુમાં અનંતા ધર્મો રહેલા છે પરંતુ તેનો અનંતમો ભાગ જ વાચ્ય એટલે અભિલાપ્ય હોય છે. બાકીના અનંતા ધર્મો અવાચ્ય હોય છે એમ જાણવું. વળી જે અનંતા વાચ્ય ધર્મો છે તેનો પણ અનંતમો ભાગ કેવળી ભગવંતો શબ્દથી વાણીદ્વારા પ્રરૂપે છે એટલે જણાવે છે. જો કે શ્રી કેવળી ભગવંતોને પ્રત્યેક સમયે વાચ્ય તેમજ અવાચ્ય સર્વે ધર્મોનું સંપૂર્ણ જ્ઞાન તો હોય જ છે તથાપિ આયુષ્ય અને ભાષાનું પરિમિતપણું હોવાથી, એક પદાર્થના પણ સર્વે વાચ્ય ભાવો કેવળી-ભગવંતો પણ શબ્દો દ્વારા જણાવી શકે નહિ તેમ છતાં વાણીથી જે જે વાચ્યભાવો શ્રી કેવળી ભગવંતોએ જણાવેલ છે. તે પણ નય અને પ્રમાણ સાપેક્ષ જણાવેલ છે, કેમકે અનંત ધર્માત્મક વસ્તુને યથાર્થ સ્વરૂપે એક જ શબ્દથી એકી વખતે કહી શકાય નહિ. તે માટે જે જે ધર્મોને જે જે ભંગ અને નયદૃષ્ટિએ પરમજ્ઞાનીએ પુરૂષોએ જણાવ્યા છે તેને તથાસ્વરૂપે જાણતા વસ્તુ સ્વરૂપનું જે યથાર્થ-અવિરૂદ્ધ જ્ઞાન થાય છે તેને પ્રમાણ જ્ઞાન જાણવું.

આ માટે જ્યારે-જ્યારે પણ શ્રી તીર્થંકર કેવળી ભગવંતો અનાદિ અનંત એવા આ જગત સ્વરૂપને જે જે ભાવે જણાવે છે એટલે જે જે અર્થથી જગત સ્વરૂપને જણાવે છે ત્યારે ત્યારે તે તે અર્થને વાચક એવી વિવિધ શબ્દરચના વડે તત્કાળ પૂજ્ય શ્રી ગણધર ભગવંતો દ્વાદશાંગી રૂપ-સૂત્ર-શાસ્ત્રોની રચના કરે છે, તેથી તે દ્વાદશાંગી રૂપ શાસ્ત્રો પ્રત્યક્ષ પ્રમાણથી અવિરૂધ્ધ હોવાથી તે શાસ્ત્રોને આગમ-પ્રમાણ-જ્ઞાન-રૂપે જાણવા જોઈએ. કેમકે તે દ્વાદશાંગી અર્થથી અનંતર આગળ રૂપ છે અને સૂત્રથી આત્માગમરૂપ છે.

આ રીતે જગતના સમસ્ત પદાર્થોના વાચ્યાર્થનું કેવળી ભગવંતોના પ્રત્યક્ષપણાથી અવિરોધીપણું હોવાથી એટલે તે શ્રી તિર્થંકર કેવળી ભગવંતો પાસેથી અનંતરપણે એટલે સાક્ષાત્ તે કેવળી ભગવંતો પાસેથી સાંભળીને, શ્રી ગણધર ભગવંતોએ જે દ્વાદશાંગી રૂપ શ્રુત-શાસ્ત્રની રચના કરી છે તેને વળી શ્રી તિર્થંકર ભગવંતોએ અવિરૂદ્ધ-વાચ્ય-વાચક ભાવવાળી જાણીને તે શાસ્ત્રોને ભવ્ય-જીવોને પ્રતિબોધવા માટે પ્રરૂપવાની શ્રી ગણધર ભગવંતોને અનુજ્ઞા આપેલી હોવાથી, તે દ્વાદશાંગીરૂપ શાસ્ત્રોને અવિરૂદ્ધ આગમ પ્રમાણપણું રહેલું છે, એમ જાણવું. વળી આ રીતે અનેક જુદા જુદા શ્રી ગણધર ભગવંતો રચિત-શ્રુત-રૂપ દ્વાદશાંગી ભિન્ન ભિન્ન જાણવી. તેમજ તે શ્રુત-પણા વડે અનિત્ય જાણવી, પરંતુ શ્રી કેવળી ભગવંતોએ ભાંખેલો અર્થ તે સર્વે દ્વાદશાંગીમાં એક જ જાણવો અને તે અર્થ-સદાકાળ નિત્ય જાણવો, એટલે સૂત્રથી દ્વાદશાંગી ભિન્ન ભિન્ન અને અનિત્ય જાણવી અને અર્થથી નિત્ય જાણવી.

આ રીતે શ્રી તિર્થંકર કેવળી ભગવંતોએ સમસ્ત જગતના ત્રિકાલિક સ્વરૂપને જે અવિરૂદ્ધ અર્થથી જણાવેલ છે તેજ અર્થને શ્રી ગણધર ભગવંતોએ દ્વાદશાંગીરૂપે શાસ્રસ્થિત કહ્યો છે. દ્વાદશાંગીને સમસ્ત જગત સ્વરૂપના અવિરૂદ્ધ વાચ્ય-વાચક ભાવનો સંબંધ જણાવીનેહવે શ્રુત-રૂપ શબ્દને અર્થની સાથે જે વાચ્ય-વાચક સંબંધ છે તે જણાવીએ છીએ. શબ્દ અને અર્થને જે વાચ્ય-વાચક સંબંધ છે. તે અનેકાન્તિક હોય છે. એટલે વાચક-શબ્દથી વાચ્યાર્થનું જ્ઞાન થાય પણ છે અને નથી પણ થતું તેમજ વાચ્યાર્થનું જ્ઞાન વાચક શબ્દદ્વારા પણ થાય છે. અને શબ્દ વગર પણ થાય છે. તે માટે જ્ઞેયને જાણનાર જ્ઞાનના પાંચે ભેદોનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

સકળ જ્ઞેયને જાણવાના સામર્થ્યવાળો આત્માનો જ્ઞાનગુણ છે. તે જ્ઞાનગુણ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મોથી અવ-રાયેલો એટલે ઢંકાયેલો હોવાથી તે તે આવરાક કર્મોની અપેક્ષાએ તે તે કર્મોના ક્ષય અને ક્ષયોપશયજન્ય જ્ઞાન પાંચભેદવાળું છે. તે પાંચ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું. (૧) મતિજ્ઞાન (૨) શ્રતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.

(૧) મતિજ્ઞાન; તે=મન અને ઇન્દ્રિય નિમિત્તક જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન જાણવું.

(૨) શ્રતજ્ઞાન તે-વાચ્ય-વાચક સંબંધના ભાવરૂપે જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન જાણવું

(૩) અવધિજ્ઞાન તે-રૂપી દ્રવ્યવિષય ચક્ક આત્મસાક્ષાત્કાર પણે જાણુવાના વિવિધ-તારતમ્યવાળા સામર્થ્ય વડે તથા સ્વરૂપે ઉપયોગ પરિણામ વડે જે જાણુવું તે અવધિજ્ઞાન

(૪) મનઃપર્યવજ્ઞાન તે-અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના પર્યાયને આત્મસાક્ષાત્કારથી જાણુવા તે મનઃપર્યવજ્ઞાન

(૫) કેવળજ્ઞાન તે-જે જે આત્માઓ ચાર-ઘાતિ કર્મોના ક્ષય વડે, સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોને, સમયે-સમયે નિરંતર સહજ ઉપયોગે આત્મસાક્ષાત્કારરૂપે જાણે છે, તે કેવળજ્ઞાની-કેવળી ભગવંતો જાણુવા.

ઉપરના પાંચ જ્ઞાનોમાંથી પ્રથમા બે જ્ઞાન, એટલે મતિજ્ઞાન અને શ્રતજ્ઞાન બન્ને સર્વ જીવોને પોત પોતાના ક્ષયોપશમ મુજબ હોય છે જ, જ્યારે બાકીના બે એટલે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન તેને આવારક કર્મોનો જે જે જીવોએ જેવો જેવો ક્ષયોપશમ કરેલો હોય છે, તે જીવોને તથા સ્વરૂપે તે તે જ્ઞાનગુણો હોય છે, એમ જાણુવું અને પાંચમું કેવળજ્ઞાન તો, જે જે જીવોએ જ્ઞાનાવરણીયે, દર્શનાવરણીયે, મોહનીય અને અંતરાય એ ચારે ઘાતિ કર્મોનો સર્વક્ષા ક્ષય કર્યો હોય છે, તે તે જીવોને સકળ જગત્‌ના સર્વજ્ઞેય ભાવોને સાક્ષાત્-હસ્તકમળવત્-જાણુવાનું જે જ્ઞાને સામર્થ્ય પ્રગટે છે, તે એક સહજ-શુદ્ધ-શાશ્વત અને અનંત ભાવવાળું હોય છે એમ જાણુવું,

ઉપર જણાવ્યા મુજબ પ્રથમના બે જ્ઞાનો પરોક્ષ પ્રમાણ-રૂપ જાણવા અને પાછળના ત્રણે જ્ઞાનો તે આત્મ–સાક્ષાત્કાર રૂપ હોવાથી પ્રત્યક્ષ પ્રમાણ રૂપ છે પરંતુ તેમાં પ્રથમના ત્રણ એટલે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન જો મિથ્યાત્વ મોહનીયના ઉદય સહિત પ્રવર્તતા હોય તો તે ત્રણે જ્ઞાનો આત્મ–ઘાતક હોવાથી અપ્રમાણરૂપ જાણવા. આ પ્રમાણે પાંચ જ્ઞાનનું યત્કિંચિત્ સ્વરૂપ જણાવ્યું. તેમાં પ્રસ્તુત વાચ્ય–વાચક સંબંધે શ્રુત–પ્રમાણ જ્ઞાનની ચૌભંગી નીચે મુજબ જાણવી.

(૧) દ્રવ્યથી સમ્યક્શ્રુતઃ–આત્માને આત્મહિત ભણી યથાર્થ વિધિ નિષેધમાં પ્રવર્તાવનાર...પૂજ્ય શ્રી ગણધર ભગવંતોએ રચેલ દ્વાદશાંગી–રૂપ શાસ્ત્રો,તેમજ તે દ્વાદશાંગીથી અવિરૂધ્ધ શાસ્ત્રો તે સમ્યક્–શ્રુત જ્ઞાન જાણવું.

(૨) દ્રવ્યથી મિથ્યાશ્રુતઃ—આત્માને, આત્માર્થથી વિમુખ રાખનાર વિષય–કષાયના પોષક શાસ્ત્રોનું જ્ઞાન તે દ્રવ્યથી મિથ્યાશ્રુત જાણવું.

(૩) ભાવથી સમ્યક્શ્રુતઃ–મોક્ષાર્થી આત્માને મોક્ષાર્થની પ્રેરણા કરનારું જ્ઞાન, તે–ભાવથી સમ્યક્શ્રુત જાણવું.

(૪) ભાવથી મિથ્યાશ્રુતઃ–વિષય વિકારની વાસનાને વિકસાવનારું વિજ્ઞાન તે ભાવથી મિથ્યાશ્રુત જાણવું. જોકે કોઈપણ શબ્દ અનેક અર્થનો વાચક બની શકે છે, તેમજ કોઈપણ અર્થને જણાવવા શબ્દો પણ અનેક હોય છે તથાપિ ઉપર જણાવેલ ચૌભંગીને, યથાર્થ દ્રવ્ય અને ભાવથી યથાર્થ સમજનાર, પોતાના હિત ભણી યથાર્થ–વિધિ–નિષેધ બતાવનાર પ્રમાણ શ્રુત અને અપ્રમાણશ્રુતનો ભેદ જાણી શકશે.

## —એકાન્તઅનેકાન્તઃ-

એક તરફ-જેઓ નિરપેક્ષભાવે એટલે અજ્ઞાન અને મોહના જોરે આત્માર્થ રહિતપણે પોત-પોતાને ઇષ્ટ સાધ્ય-સાધન ભાવમાં આગ્રહીઓ હોય છે તેઓ સર્વ એકાન્ત દૃષ્ટિવાળા જાણવા.

બીજી તરફ-જેઓ પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ સાપેક્ષ ભાવે આત્માર્થે શુદ્ધ સાધ્ય-સાધન દાવમાં પ્રવર્તે છે તેઓ સર્વે અનેકાન્તદૃષ્ટિવાળા જાણવા.

ઉપર જણાવેલ એકાન્તદૃષ્ટિવાળા તેમજ અનેકાન્ત-દૃષ્ટિવાળા-આત્માઓને ઓળખવા માટે અનાદિ કાળથી આ સંસારમાં જે અનેક પ્રકારનાં ભિન્ન ભિન્ન આચાર-વિચારોવાળું વિવિધ પ્રકારનું જીવન જીવનારા જીવો જણાય છે તેમને તેના હેતુઓ અને ફળ સબંધથી એટલે તેમના સાધ્ય-સાધન ભાવથી યથાર્થ વિચારતા તેઓનું એકાન્ત-દૃષ્ટિપણું અથવા અનેકાન્તદૃષ્ટિપણું સ્પષ્ટ જણાઇ આવશે.

અનાદિ નવતત્વાત્મક, આ સંસાર સ્વરૂપને, ૧.કાળ, ૨.સ્વભાવ, ૩.નિયતિ, ૪.આત્મા, અને ૫.ઈશ્વર થકી. સ્વતઃ કે પરતઃ સ્વરૂપે તેમજ નિત્ય કે અનિત્ય ભાવે ક્રિયાવાદીના ૧૦૮ ભેદોથી અનેક પ્રકારના મિથ્યા-પ્રવાહો પ્રવર્તેલ છે. વળી સાત-તત્વોને એકાંતે સ્વતઃ સ્વરૂપથી કે એકાંતે પરતઃ સ્વરૂપથી, તેમજ ૧.કાળથકી, ૨.યદૃચ્છાથી, ૩.નિયતિ-સ્વરૂપે, ૪.સ્વભાવથી,

૫.ઇશ્વરથી અને ૬.આત્મ-સત્તાથી એમ છ એ જુદા-જુદા એકાંત સ્વરૂપથી જગત્ સ્વરૂપને સ્વીકારનારા (૮૪)ચોર્યાસી અક્રિયા-વાદી એકાંત-દૃષ્ટિવાળા જાણવા. વળી-નવે તત્વોને-સપ્તભંગથી એકાંતે ભંગ કરીને, એટલે તે સાતે ભંગોને પરસ્પર વિરૂદ્ધપણે જોડતાં, તેના (૬૩) ત્રેસઠ ભેદો થયા, તેને એટલે તે પરસ્પર વિરૂદ્ધ ભંગોથી પદાર્થ જાણવાનું કાંઈ ફળ નથી, એમ કહીને એકાંત અજ્ઞાનવાદીઓ વળી પણ કહે છે કેઃ—

(૧) છતી ભાવોત્પત્તિ કોણ જાણે છે? (૨) અછતી ભાવોત્પત્તિ કોણ જાણે છે? (૩) છતી-અછતી-ભાવોત્પત્તિ કોણ જાણે છે? (૪) અવ્યકત ભાવોત્પત્તિ કોણ જાણે છે? આ ચાર ભેદો ઉમેરતાં એકાંત-અજ્ઞાનવાદીઓના કુલ (૬૭) ભેદો થાય છે. વળી-૧.દેવ-૨.રાજા-૩.યાત, ૪.જ્ઞાની, ૫.સ્થવિર ૬.અધર્મ, ૭.માતા અને ૮.પિતા એ આઠેનો, એકાંતે-મનથી-વચનથી-કાયાથી અને દાનથી, એ ચારે ભેદોથી વિનયજ કરવો જોઈએ એવું કહેનારા એકાંતવિનય-વાદીઓના (૩૨) બત્રીસ ભેદો જાણવા.

આ રીતે એકાંતદષ્ટિવાળા પાંખડીઓના કુલ ૩૬૩ ભેદો જાણવા— આવા પ્રકારના પાખંડીઓ આજે પણ વાણી-સ્વાતંત્ર્યના-અધિકારના ઓઠા નીચે, હકવાદનાનામે, રાષ્ટ્રવાદનાનામે, સમાજવાદનાનામે, સામ્યવાદનાનામે, લોકશાહીનાનામે, તેમજ વળી વિશ્વબંધુત્વનાનામે. અનેક પ્રકારના પાખંડી કૌભાંડો ચલાવી રહ્યા છે.

પરંતુ અનાદિ-અનંત સમસ્ત જગતના સમસ્તપદાર્થો પોતાના અનેકાંતિક અવિચળ ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ભાવમાં પ્રવર્તી રહેલાં છે, તેનું ભાન તેઓને બીલકુલ હોતું નથી અને તેથી કરીને સર્વે એકાંતવાદીઓ પોત-પોતાની-સ્વેચ્છાથી અને મનસ્વી પ્રવર્તીઓમાં મદોન્મત્ત થઈને પ્રવર્તે છે.

જેઓ અનેકાંતદષ્ટિવાળા છે, તેઓ-સમસ્ત જગતના સમસ્ત ભાવોને, પરસ્પર અવિરૂદ્ધપણે જાણે છે, ( એટલે-પરસ્પર-વિરોધી દેખાતા ભાવો પણ અનેકાંતદષ્ટિએ અવિરૂદ્ધ બની જાય છે એમ જાણવું) આવા આત્માઓ જ અનાદિની પોતાની જે રાગ-દ્વેષ પરિણુતી છે તેનો ક્ષય કરીને, શુદ્ધ-સામાયિકભાવ પ્રાપ્ત કરીને શાશ્વત સુખને પામે છે. એમ જાણવું

હવે અશુદ્ધ એકાંતદષ્ટિવાળાઓનું તેમજ વિશુદ્ધ અનેકાંતિક-દષ્ટિવાળાઓનું સપ્ત-નય સાપેક્ષ કિંચિત્-સ્વરૂપ જણાવીએ છીએ. પહેલાં એકાંત દષ્ટિવાળાનું સ્વરૂપ લેવું અને પછી અનેકાંત દષ્ટિવાળાનું સ્વરૂપ લેવું.

## નયદૃષ્ટિએ-અનેકાંન્તદૃષ્ટિવાળાઓનું-સ્વરૂપ

(૧) નૈગમઃ—જેઓ લૌકિક-કે-લોકોત્તર હિત-પ્રતિ કોઈપણ આત્મા સાથે મૈત્રી-પ્રમોદ-માધ્યસ્થ-અને કારૂણ્યની ભાવનાએ પ્રવર્તે છે તેઓ નૈગમનયે-અનેકાંતદૃષ્ટિવાળા જાણવા.

(૨) સંગ્રહઃ—જેઓ ઉત્તમ આત્માઓના-ઉત્તમ સ્વરૂપમાંથી આત્મહિતની પ્રેરણા મેળવીને-પોતાના આત્માને આત્મિક ગુણોથી પુષ્ટ બનાવે છે તેઓ સંગ્રહ નયે-અનેકાંતદૃષ્ટિવાળા જાણવા.

(૩) વ્યવહાર—જેઓ જગતના લૌકિક અને લોકોત્તર વ્યવહારનો યથા-અવસ્થિત સ્વરૂપે વ્યવહાર કરે છે તેઓ વ્યવહારનયે અનેકાંત-દૃષ્ટિવાળા જાણવા.

(૪) ઋજુસૂત્ર—જેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સાપેક્ષ પણે, આત્મીયભાવે-પ્રવર્તે છે, તેઓ ઋજુસૂત્રનયે અનેકાંત દ્રષ્ટિવાળા જાણવા.

(૫) શબ્દ—જેઓ આત્મગુણ-ઘાતક સાવદ્ય પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને પંચ મહા-વ્રતના પાલનપૂર્વક-પંચાચારનું પાલન કરે છે, તેઓ શબ્દ-નયે અનેકાંતદ્રષ્ટિવાળા જાણવા.

(૬) સંભિરુઢ—જેઓ પોતાના ક્ષાયોપશમિક સમ્યક્-દર્શન,-સમ્યક્જ્ઞાન,-સમ્યક્-ચારિત્ર અને સમ્યક્-તપ ગુણમાં રમણતા કરે છે, તેઓ સંભિરૂઢ-નયે અનેકાંતદ્રષ્ટિવાળા જાણવા.

(૭) એવંભૂત—જેઓ સ્વપર ઉભયને આત્મશુદ્ધિ કારક ભાવમાં પ્રવર્તે છે તેઓ એવંભૂત-નયે અનેકાંત દ્રષ્ટિવાળા જાણવા.

ઉપર જણાવ્યા પ્રમાણે અનેકાંતદ્રષ્ટિએ પ્રવર્તતાં આત્માર્થ સધાય છે, એમ જાણવું

## નયદૃષ્ટિએ-એકાંતદૃષ્ટિવાળાઓનું-નયાભાષ-સ્વરૂપ

(૧) નૈગમતિ-કલ્પિત જેઓ આદર્શોને લઇને, મનસ્વી પણે-વ્યક્તિગત કે સામુહિકપણે,-તર્કવાદીપણે,-લૌકિક કે લોકોત્તર સુખ-સંપત્તિ મેળવવા મથે છે. તેઓ સર્વે નૈગમાભાષ જાણવા.

(૨) સંગ્રહ—જેઓ પોતાની આત્મસત્તાને યથાર્થ ઓળખ્યા સિવાય મનોવાંછિત સાધ્ય સિદ્ધ મેળવવા મથે છે તેઓ સર્વે સંગ્રહાભાષ જાણવા.

(૩) વ્યવહાર—જેઓ ઇષ્ટાર્થ જાણ્યા સિવાય-સાધ્ય-સાધન દાવ રહિતપણે લોક પ્રવાહને અનુસરનારા છે, તેઓ સર્વે વ્યવહારભાષ જાણવા.

(૪) ઋજુસૂત્ર—જેઓ મનુષ્યભવ ઉત્તમકુળ-અને સુગુરુ આદિના ઉત્તમ-સામગ્રી-યોગને પામીને પૌદ્ગલિક સંપત્તિ અને કૃત્રિમ સત્તાના નશામાં ચકચુર બનેલા છે તેઓ-સર્વે ઋજુસૂત્રાભાષ જાણવા

(૫) શબ્દનય—જેઓને પોતાની શુદ્ધાશુદ્ધ આત્મસત્તાનું ભાન નથી, અને રાજા-પ્રધાન-પ્રમુખ આચાર્ય-રાષ્ટ્રપતિ-

ન્યાયાધીશ-ડૉકટર-વકીલ-મંત્રી-મેનેજર વિગેરે પદવીઓને જ પોતાનું સ્વરૂપ જાણે છે તેઓ સર્વે શબ્દનયાભાષ જાણવા.

(૬) સંભિરૂઢ—જેઓ આત્મહિતકારી ભાવનો આદર કરતા નથી તેઓ સર્વે સંભિરૂઢનયાભાષ જાણવા.

(૭) એવંભૂત—જેઓ આત્મહિતકારી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ભાવોનો આદર કરતા નથી તેમજ અહિતકારી વિષય-કષાયોનો પરિહાર કરતા નથી તેઓ સર્વે એવંભૂતનયાભાષ જાણવા.

## સુખ—દુઃખ

સર્વ સંસારી આત્માઓને સુખ ઈષ્ટ હોય છે અને દુઃખ અનિષ્ઠ હોય છે, તેમ છતાં પોતપોતાના કર્મોદય પ્રમાણે સર્વે સંસારી જીવો અંતર્મુહૂર્તે પરાવર્તી પણે સુખ અને દુઃખ ભોગવતા હોય છે કેમ કે શાતાવેદનીય કર્મના ઉદયની મુખ્યતાએ જીવને સુખનો પરિણામ હોય છે. અને અશાતા વેદનીય કર્મના ઉદયની મુખ્યતાએ જીવને દુઃખનો પરિણામ પ્રાપ્ત થાય છે. તેમાં પુણ્ય પ્રકૃત્તિઓનો ઉદય મુખ્યતાએ શાતા વેદનીયનો હેતુ જાણવો અને પાપ પ્રકૃત્તિઓના ઉદય મુખ્યતાએ અશાતા વેદનીયનો હેતુ જાણવો. જ્ઞાની પુરૂષોએ જણાવેલું છે કે, 'પરોપકાર : પુન્યાય પાપાય પર પીડન' પરોપકાર કરવાથી પુન્ય બંધાય છે અને પરજીવને પીડા-દુઃખ આપવાથી પાપ બંધાય છે માટે સુખના અર્થી આત્માઓએ પરોપકારી જીવન જીવવું જોઈએ તેમજ પરજીવને પીડાકારી જીવનથી વિમરવું જોઈએ.

જે આત્માઓ પોતાના અહિક સ્વાર્થ ખાતર તેમ જ અનેક પ્રકારના વિષય-સુખો માટે અન્ય જીવો પ્રતિ નિષ્ઠુર અને નિશંકભાવે, હિંસાત્મક તેમ જ પીડાકારી જીવન જીવે છે તેઓ ઘોર પાપકર્મ બાંધનારા જાણવા. અને જે

જીવો પરોપકાર કરે છે તેઓ તે ભાવે પુણ્ય બંધ કરે છે એમ જાણવું, વળી વિશષે જાણવું કે જે જીવો સ્વાર્થનો અને વિષય-ભોગોનો ત્યાગ કરીને ત્યાગમય જીવન જીવે છે. તેઓને જે પુણ્ય બંધ થાય છે તેને પુણ્યાનુંબંધી પુણ્ય જાણવું. કેમકે પુણ્યાનું બંધી પુન્યનો ઉદય આત્માને વિનયી બનાવે છે તેમજ આત્માર્થે વિવેક કરાવે છે, જાણવું. જે જીવોને જેટલો જેટલો પુણ્યોદય હોય છે તેટલી તેટલી જીવન સામગ્રીની અનુકૂળતા પ્રાપ્ત થાય છે. અને જેટલો જેટલો પાપોદય હોય છે તેટલી તેટલી પ્રતિકૂળતા હોય છે. આથી જાણવું કે જે જીવ જેટલી જેટલી વિશેષ અનુકૂળતા પ્રાપ્ત કરે છે તે જીવની તેટલી વિશેષ પુણ્યા-ક્ષીણ થાય છે એટલે તેટલું પુણ્ય કર્મ ઓછું થાય છે અને જે જીવને જેટલી પ્રતિકૂળતા હોય છે તે ભાવે તે જીવનાં તેટલાં પાપ ક્ષીણ થાય છે, આ રીતે સર્વે સંસારી આત્માઓ પુર્વે બાંધેલાં પુણ્ય તેમજ પાપને નિરંતર શુભ-અશુભ ભાવથી ભોગવે છે. અને તે સાથે જ તે પુણ્ય પાપને ભોગવતાં પૂર્વે બતાવેલા હેતુઓ વડે, ફરીને નવાં કર્મ બાંધે છે.

આથી ધ્યાનમાં રાખવું કે પુણ્યોદય વડે સુખમય જીવન જીવનારો આત્મા પૂર્વે બાંધેલા પુણ્યોદયને ક્ષીણ કરી રહેલો છે અને પાપોદય વડે દુઃખમય જીવન જીવનારો આત્મા પૂર્વે બાંધેલા પાપકર્મો ને ભોગવીને ક્ષીણ કરી રહ્યો છે. પરંતુ પુણ્યોદય વખતે કે પાપોદય વખતે આત્મા જે રીતનું પરોપકારી યા પરને પીડાકારી જીવન જીવે છે તે

રીતે નવા પુણ્યકર્મ અને પાપકર્મ બાંધે છે. આથીજ ઉત્તમ આત્માઓ ગમે તેવા સંયોગોમાં પણ કોઇ જીવને પીડાકારી જીવન જીવવાની ઈચ્છાવાળા હોતા નથી પરંતુ પરોપકારી જીવન જીવવાની સાથે વળી ત્યાગ વૃત્તિવાળા પણ હોય છે

આ રીતે સર્વ સંસારી આત્માઓના સંસારીક સુખ દુઃખનું સ્વરૂપ તેના હેતુઓ સહિત જણાવ્યું, હવે જેઓ મોક્ષાર્થના પ્રયોજનવાળા મુમુક્ષુ આત્માઓ છે, તેઓ તો આત્મીય-સહજ શુદ્ધ જ્ઞાનાદિ ગુણોની રમણતામાં સાચું સુખ જાણે છે, અને પરદ્રવ્યના પરાધીન સંયોગે પરભાવ-પરિણતિના સુખને સુખાભાષરૂપે જાણે છે, પરંતુ જે આત્માઓને મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય વર્તે છે. એટલે જેઓને આત્મભાવ થયું નથી તેઓ પરભાવમાં સુખ બુદ્ધિ વાળા હોય છે, ખરેખર તો જેઓને સાચું આત્મ-જ્ઞાન પ્રાપ્ત થયું છે તેઓ તો પરદ્રવ્યના પાશને દુઃખરૂપ જાણે છે, આ માટે હવે શાસ્ત્ર અને સાચા, આત્મિક સુખનું યતકિંચિત્ સ્વરૂપ સિદ્ધાંતના આધારે જણાવીએ છીએ. જે-જે આત્માઓને જેટલે-જેટલે અંશે શુદ્ધાત્મ-સ્વરૂપની સ્વાધીનતા પ્રાપ્ત-થયેલી હોય છે. અને તે વડે જે જે સ્વરૂપે પરભાવ-પરિણતિનો, ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય છે તે તે સ્વરૂપે તે તે આત્માઓને તેટલે-તેટલે અંશે સહજ-આત્મિક સુખનો અનુભવ હોય છે

જેઓ માત્ર જડ અને ચેતનનો મતિકલ્પિત ભેદ કરનારા, કે આત્મા-આત્માની ભુમો પાડનારા, કે, આત્માને એકાંતિકપણે (નિત્ય-અનિત્ય-એક-અનેકાદિ) વિવિધ સ્વરૂપે ઓળખનારા, અને ઓળખાવ નારાઓ છે તેઓને આત્મ શુદ્ધિ હોય છે એમ માની લેવું નહિ, ખરેખર તો જે જે આત્માઓમાં જે જે સ્વરૂપે દર્શન-મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ વર્તે છે. તે તે આત્મા-ઓને તે તે ભાવથી શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ હોય છે શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ એ જ આત્માનું સહજ-શુદ્ધ સાચુ સ્વરૂપ હોવાથી આત્માએ પોતાના સહજ-શુદ્ધ જ્ઞાનાદિ ગુણોની સ્વાધીનતા પ્રાપ્ત કરવી જોઈએ આ માટે દર્શન-મોહનીય કર્મના ક્ષયોપશમનું સ્વરૂપ, સમ્યકત્વના (૬૭) સડસઠબોલથી જાણી તેમજ (૨૧ એકવીસ પ્રકારના મિથ્યાત્વના પરિહારથી પરિહારને વળી ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપ શમાદિનું સ્વરૂપ સમાયિકાદિ પાંચ પ્રકારના-ચારિત્રના ભેદથી અનુભવીને પોતાના આત્મ-સ્વરૂપને કર્મના બંધનથી છોડાવી, પોતાના સહજ ગુણોની સ્વાધીનતા પ્રાપ્ત થતાં, તે શુદ્ધાત્મ સ્વરૂપમાં રમણતા કરતાં, સાચુ-સુખ પ્રાપ્ત થાય છે, એમ જાણવું.

## સિદ્ધ—સંસારિ

(૧) આ સંસારમાં કર્મોદય પ્રમાણે ચારેગતિમાં જન્મ મરણ રૂપે સંસરતા સર્વે જીવોને સંસારિ જીવો જાણવા આ ચારે ગતિના જીવોનું ૫૬૩ ભેદથી કિંચિત સ્વરૂપ અમોએ પૂર્વે

જણાવેલું છે તે ઉપરાંત તે તે જીવોના પ્રાણ-પર્યાપ્તિ શરીર આયુષ, તેમજ સ્વકાય-સ્થિતિનું, સ્વરૂપ જીવ વિચાર આદિ ગ્રંથોથી જાણી લેવું. વળી દરેક સંસારી આત્મા-પોત-પોતાના યોગ તેમ જ કષાય પરિણામવડે કેવા કેવાં સ્વરૂપે સમયે-સમયે વિવિધ પ્રકારનો કર્મબંધ કરે છે. અને તે બંધમાં પણ એક આવલિકા-કાળ ગયા પછી કેવા કેવા સ્વરૂપે અનેક પ્રકારના પોતાના-અધ્યવસાયરૂપ કરણ-વિશેષથી કેવો કેવો ફેરફાર કરે છે. તેને તેમજ પ્રત્યેક સમયે સંસારી આત્મા કેવા કેવા કર્મોને, રસોદયથી તેમજ પ્રદેશોદયથી, ભોગવી રહ્યો છે. તે સઘળાએ ભાવોનું સ્વરૂપ ગીતાર્થ-ગુરુભગવંત પાસેથી તેમજ કર્મ-ગ્રંથથાદિ ગ્રંથોથી યથાર્થ સ્વરૂપે જાણી લેવું ઉપર જણાવ્યા મુજબ પોતાના આત્મા સ્વરૂપને જેણે યથાર્થ જાણ્યું નથી તેનું બીજું સઘળું એ જાણપણું ફોગટ-નકામું જાણવું. કેમકે આત્મસ્વરૂપના અજાણ આત્માઓનું સમગ્ર-જીવન આત્માર્થથી, રહિત હોય છે. માટે જે આત્માઓને આત્મ-સ્વરૂપનું જાણપણું હોતુ નથી તેમજ શુદ્ધાત્મભાવની શ્રદ્ધા-રૂચી પ્રગટેલી હોતી નથી. તેવા આત્માઓ કોઈપણ કાળે આત્મકલ્યાણ સાધી શકતા નથી એમ જાણવું

આ માટે જેઓ પોંતાના વિવિધ યોગ પરિણામ સ્વરૂપને જ એકાંતે આત્મ-સ્વરૂપે માનીને બ્રાહ્ય-શુભશુભતાના યોગે-શુભાશુભત્વ ભાવથી પોતાનાં આત્માને રાગ-દ્વેષ રૂપ પરિણામમાં ખેંચી જાય છે. તેઓ, તેમજ વળી જેઓ

આત્માર્થીપણાનો દાવો કરે છે પરંતુ આત્માને એકાંતે જુદા જુદા સ્વરૂપે માને છે તેઓને યથાર્થ આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે આત્મારાધનપણું હોતું નથી એમ જાણવું. એટલે તેઓમાં પોતાની આત્મવિશુધ્ધિનું કારકપણું હોતુ નથી એમ જાણવું. આમાં કેટલાંક એક અજ્ઞાનીઓ

(૧) દરેક આત્મને શુધ્ધ નિરંજન-નિરાકાર અને અઅકર્તા-અભોક્તા માને છે, તેમ છતાં મેં સારું કામકર્યું અથવા મેં ખોટુ કામ કર્યું તેમ છે અને અન્ય જીવે આ સારું કામ કર્યું અને આ ખોટું કામ કર્યું એમ કહે છે, આ કેવી રીતે ઘટી શકે ?

(૨) વળી કેટલાકો પોતાના આત્માને બીજા સર્વ આત્માઓથી એકાંતે અભિન્ન-એક જ આત્મસ્વરૂપે માને છે, તેમ છતાં, પ્રત્યેક આત્માને એકબીજાનું ભલું-બુરું કરનાર તરીકે જાણે છે અને ભલું કરનારનું ભલું થાય છે અને બુરું કરનારનું બુરું થાય છે એમ ઉપદેશ પણ કરે છે તો કહો આ વાત કેમ ઘકી શકે ?

(૩) વળી કેટલાકો આત્માને, એકાંત નિત્ય-સ્થિર સ્વરૂપવાળો જ માને છે તેમ છતાં તેઓ પોતાને તેમજ અન્ય આત્માઓને ભિન્ન ભિન્ન કાળે વિવિધ-ભાવે સુખી અને દુઃખી પણે જુએ છે અને જાણે છે,: કેમકે દરેક આત્માને પોતાને પણ ભિન્ન ભિન્ન કાળે સુખ-દુખનો અનુભવ-પ્રત્યક્ષ જ છે, તો પછી આત્માને સર્વકાળે એક જ સ્વરૂપવાળો કેવીરીતે કહી શકાય ?

(૪) વળી કેટલાકો સર્વે આત્માઓને ક્ષણે ક્ષણે સંપૂર્ણ નાશવંત સ્વરૂપવાળાજ માને છે તેમ છતાં તેઓ સારા કાર્યો કરવાથી આત્માને ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. અને સુખ મળે છે અને ખોટા કાર્યો કરવાથી આત્માને દીન હીન અને દુખી દશા પ્રાપ્ત થાય છે એમ કહે છે, ખરેખર જો આત્મા દરેક ક્ષણે નાશ જ પામી જતો હોય તો તેને પૂર્વકાળે કરેલા ભાવોનું કાંઇપણ ફળ કે સ્મરણ પણ ન હોવું જોઈએ જો આ રીતે આત્માએ પૂર્વે કરેલા શુભાશુભ ભાવની ઉતરક્ષણોમાં હેતુના નહિ માનીયે તો સર્વે આત્માઓના સર્વેભાવો નિર્હેતુકજ માનવા પડશે. જો અને સર્વેભાવો નિર્હેતુકજ માનીશું તો ઇષ્ટાર્થ સિધ્ધિ કેમ ઘટશે ?

(૫) વળી કેટલાકો આત્માને સ્વતંત્ર દ્રવ્ય જ માનતા નથી. તેઓ કહે છે કે 'આત્માનું તો કોઈ સ્વરૂપ દેખાતુંજ નથી માટે મદ્ય શકિતની માફક આત્મા પાંચભુત (પૃથ્વી, અપ તેઉ, વાયુ, અને આકાશ.)ના સંયોગથી ઉત્પન્ન થઇને તે પાંચભૂતના વિયોગે તે પાંચ ભુતમાં જ પાણીના પરપોટાની જેમ લય એટલે નાશ પામે છે. તેઓ જગતમાં પ્રત્યક્ષ દેખાતી વિવિધ ક્રિયાઓના કર્તારૂપે સુથાર-લુહાર-શ્રોતા-વાચક,-કલાકાર,-વ્યવસ્થાપક આદિને તે તે વિવિધ ક્રિયાના કર્તાપણે પ્રત્યક્ષ જાણે છે અને જુએ છે તથાપિ તે તે વિવિધ ક્રિયાના કર્તા રૂપે જે જે આત્મ સત્તા કામ કરી રહી છે તેને તેઓ ઓળખી શકતા નથી તેથી જ તેનો અપલાપ કરે છે પરંતુ તેઓ એ

સમજવું જોઇએ કે ઈષ્ટાર્થ-પ્રયોજનતાવાળી ક્રિયા આત્મા સિવાય કોણ કરે ?

વળી કેટલાકો કહે છે કે 'આ જગતની સમસ્ત પરિવર્તનની ક્રિયાનો કર્તા એકજ ઈશ્વર છે અને દરેક ભિન્ન ભિન્ન આત્માઓ તો તે એક ઇશ્વરના અંશોજ છે માટે આ જગત તે, તે એકજ ઈશ્વરની લીલા એટલે માયા માત્ર છે ઈશ્વરને નહિ ઓળખનારા મૂર્ખાઓના આવા પ્રલાપો પણ અજ્ઞાન મૂલક છે, કેમકે દરેક ભિન્ન-ભિન્ન આત્માઓને ભિન્ન-ભિન્ન પ્રકારનું સુખ દુઃખ અનુભવતાં પ્રયત્યક્ષ જોઈએ છીએ અને જાણીએ છીએ. એટલું જ નહિ પરંતુ પરસ્પર વિરૂદ્ધ ભાવે વર્તતાં પણ જોઇએ છીએ જો એકજ ઈશ્વરના આ સર્વે કાર્યો હોય તો, ઇશ્વર આત્મારૂપ પોતાના અંશ ને ઇશ્વર પોતે જ શા માટે દુઃખી કરે ?

વળી જો દરેક જીવને પોત-પોતાના કર્મ-પ્રમાણે ઈશ્વર ફળ આપે છે તેમ કહેશો તો દરેક આત્માને તેમજ ઇશ્વરને બનેને કૃતનાશ અને અકૃતાગમ એ બંને દોષો પ્રાપ્ત થશે વળી કેટલાકો કહે છે કે આ જગતનો કોઇ કર્તા-હર્તા છે તેથી કરીને જ દરેક ભાવે વ્યવસ્થિતપણે યથાસ્થિત બન્યા કરે છે આમ કહેનારાઓએ એ જાણવું જોઈએ કે જગતના દરેક-દરેક આત્માઓ પોત-પોતાની જુદી જુદી સ્થિતિને અનુસારે પ્રવૃત્તિ કરે છે અને તે તે પ્રવૃત્તિની યથાતથ્થતા પ્રમાણે દરેક આત્માઓ જુદા જુદા ફળો મેળવે છે, આ પ્રમાણે આત્માના યથાર્થ સ્વરૂપને જેણે ઓળખ્યું નથી-જાણ્યું નથી-અને તથા વિધ યથાર્થ સ્વરૂપમાં શ્રદ્ધા કરી નથી તેઓ કદાપી આત્માર્થ સાધી

શકતા નથી. એમ જાણવું કેમકે આત્માને શુધ્ધાત્મ ભાવે આત્માર્થ સાધનતા રહેલી છે. તે માટે અજ્ઞાનીને આત્માર્થ હોતો નથી. એમ જાણવુ અને તેથી તેવા આત્મ સ્વરૂપના અજ્ઞાનીઓ અનાદિ કાળથી આ સંસારમાં રખડે છે અને રખડશે એમ જાણવું.

પ્રથમ સંસારી આત્માઓનું યતુકિંચતૂસ્વરૂપ બતાવ્યું હવે જે આત્માઓએ પોતાના ઘાતિ–અઘાતિ સર્વ કર્મનો ક્ષય કરીને આદિ અનંતમે ભાગે સિદ્ધતત્વ પ્રાપ્ત કર્યું છે, એવા સિદ્ધ પરત્માને તે સિદ્ધવસ્થામાંથી કોઈપણ કાળે આ સંજ્ઞારમાં કોઈપણ યોનીમાં જન્મ–મરણ કરવા પણું નથી, પરંતુ પ્રાપ્ત અનંત ગુણોના ક્ષાયિકભાવમાં નિરંતર સ્વાધીનપણે–સત્–ચિદાનંદ ભાવમાં પરિણામ પામવા પણું છે. એમ સિદ્ધ પરમાત્માઓના અનંત અવ્યાબાધ સ્વરૂપનું અરિહંત પરમાત્માએ પ્રકાશેલા સ્વરૂપથી જાણપણું કરીને પોતાના આત્મામાં તથા સ્વરૂપની શ્રદ્ધા કરી પોતાના શુધ્ધ ક્ષાયોપશમિક જ્ઞાનદિ ગુણોના આલંબનવડે આત્માને કર્મ–બંધન પરિણામથી અલગ કરવો એટલે બંધ વિચ્છેદતા રૂપે સિદ્ધ કરવો તે જ સાચો આત્માર્થ છે એમ જાણવું જોકે સર્વ આત્માઓ જ્ઞાનાદિ ગુણોમાં પરિણામ પામતાં હોવાથી જ્ઞાનાત્મક ભાવે સર્વે જીવો એક પ્રકારના જાણવા, તેમ છતાં કેટલાક જીવો વીતરાગ સ્વભાવ વિરોધીભાવમાં જ ભાવમાં સદાકાળ પરિણામ પામે છે તેઓ અભવ્ય કોટિનાં જીવો જાણવા. તેમજ જેઓ વિતરાગ સ્વભાવના અવિરોધીપણે

સદાકાળ પરિણામ પામી રહેલા છે તેઓને ભવ્ય કોટિના જીવો જાણવા. આથી તે ભવ્યજીવોમાં મુક્તિ પામવાની યોગ્યતા જાણવી. તેમ છતાં સર્વે ભવ્ય જીવો મુક્તિમાં જવાનાજ છે એમ ન માનવુ કેમકે સંસાર અને મુકિતમાર્ગ અનાદિ અનંત છે એટલે જેની કોઇ કાળે પણ આદિ નથી તેમજ કોઈકાળે જેનો અંત પણ યાને છેડો-પણ નથી, તેથી મુક્તિમાર્ગ સદાકાળ ચાલુ રહેવાનો છે એમ જાણવું. જો સર્વે ભવ્યો મોક્ષમાં પહોંચી જાય, તો, તે પછી મોક્ષમાર્ગ બંધ થઇ જાય. પરંતુ કોઇ કાળે પણ મોક્ષમાર્ગ સંપૂર્ણ બંધ થવાનો નથી માટે સર્વે ભવ્યો મોક્ષે જવાનાજ એમ માનવું નહિ. આ માટે જાણવું કે આ ચૌદરાજ પ્રમાણ લોકમાં અસંખ્યાત ગોળાઓ છે, અને એક એક ગોળામાં અસંખ્યાતિ નિગોદો છે અને એક એક નિગોદમાં અનંતા જીવો રહેલા છે, આ એક નિગોદની અનંતાને જાણવા માટે જાણવું કે કોઈપણ કાળે કેળવી ભગવંતને પૂછતાં તેઓ એક નિગોદનો અનંતમો ભાગ સિદ્ધમાં ગયો છે, તેમ જણાવે છે તેથી મુકિતમાં એક નિગોદના અનંતમાં ભાગના જીવો જ સર્વ કાળે જાણવા તેમજ તે અનંતતા સર્વ સંસારી જીવોના અનંતમાં ભાગે જાણવી, આ સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા, શુદ્ધપ્રરૂપકની વાણીથી થતાં-આત્માર્થતા જાગ્રત થશે.

દરેક સંસારી આત્માનેઉપશમિકક્ષ-યોપશમિક, અને ક્ષાયિક, ભાવોથી તેમજ—

કર્મોદય-જન્ય ઔદયિક ભાવના પરિણમનથી પર્યાય યથાર્થ સ્વરૂપે ઓળખતાં અને તે થકી પોતાના આત્માના પર્યાય પરિણામનની શુદ્ધાશુદ્ધ ભાવે તુલના કરતાં પોતાના આત્માની સાચીદશાનું ભાન થશે. તેથી

પોતાના આત્માને મનુષ્ય પર્યાયરૂપ વિશેષતાવાળી આત્માર્થ-સાધનતાની પ્રાપ્તિ થઈ છે, તે અનંતિ પુણ્યાઈના યોગે પ્રાપ્ત થઈ છે તેનું સાચુ ભાન થશે. આ રીતે જેઓએ પોતાના મનુષ્યપણાના પર્યાયને યથાર્થ સ્વરૂપે જાણ્યો છે તેઓ પોતાના આત્મહિતના લક્ષથી કયારેય પણ ખસતા નથી એટલે જે રીતે પોતાના આત્માનું અહિત નથાય અને જેથી ભવિષ્યમાં પોતાના આત્માને દુગતિમાં નિરાધારપણે અનંતો—કાળ દુઃખી થવું ન પડે, તેવી રીતે, સાવધાની પૂર્વક ઉત્તમ જ્ઞાની પુરુષોની આજ્ઞા પ્રમાણે વર્તનારા હોય છે આથી જે ભવ્યઆત્માઓ ઉત્તમ જ્ઞાની પુરૂષોની સેવા ભકિત કરે છે અને તેમની આત્મહિતકારી-સંયમયાત્રાની ઉપાદેય ભાવે ઉપાસના કરે છે તેઓ આવશ્ય મુકિતના અધિકારી છે એમ જાણવું. અનાદિ અનંત આ સંસારમાં પરિભ્રમણ કરતા અનંતા પુદ્ગલ પરાવર્તનકાંળ ગયાં છતાં જે ભવ્ય આત્માઓને જ્યાં સુધી યથા પ્રવૃતિકરણ પછી અપૂર્વકરણરૂપ ગ્રંથી ભેદ કરી અનિવૃતિકરણ કરી પોતાના આત્માને પોતાના આત્મસ્વરૂપમાં પરમાત્મસ્વરૂપી શુધ્ધામ સ્વરૂપનુ દર્શન થયેલું હોતુ નથી ત્યાં સુધી તે આત્મા-આત્માર્થ સાધવા સમર્થ હોતા નથી

એમ જાણવું, આત્માને શુધ્ધ પરમાત્માનું યથાર્થ દર્શન જગત સ્વરૂપને યથાર્થપણે જણાવે છે, તેથી નવે તત્વોની યથાર્થ શ્રધ્ધા આત્માર્થ સાધકપણે પ્રર્વતે છે એમ જાણવું આ રીતે જ્યાં સુધી જે આત્માએ યથાર્થ તત્વ શ્રધ્ધા પ્રાપ્ત કરી નથી ત્યાં સુધી તે આત્મા મુક્તિની સાધના કરી શકતો નથી તે માટે પરમોપકારી ચરમ તિર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામિજીએ જણાવ્યું છે કે. 'ઉત્તમ જ્ઞાની પુરુષોની-ગુરૂભાવે સેવા કરતા આત્માને તત્વાતત્વનો બોધ પ્રાપ્ત થાય છે, એટલે તત્વનું સાંભળવું પ્રાપ્ત થાય છે, આ રીતે ગુરુમુખે તત્વાતત્વનું સ્વરૂપ સાંભળનારને શીઘ્ર-સ્વયં-પોતાને-જ્ઞાન-બોધ પ્રાપ્ત થાય છે આ જ્ઞાન-બોધથી તે આત્માને સમ્યગ દર્શન રૂપ ભેદજ્ઞાન થાય છે, તે પછી તે ભેદ-જ્ઞાનથી આત્મા-સ્વ-પરનો વિવેક કરવા રૂપે પચ્ચખાણ કરવા પૂર્વક યથાશક્તિ પરભાવનો ત્યાગ કરેછે આ પચ્ચખાણથી,-તે આત્માને અનાશ્રવ ફળે છે, એટલે તે આત્માને-તે ભાવે આવતાં કર્મ રોકાઇ જાય છે, આ અનાશ્રવભાવથી તે આત્માને સંવરભાવની પ્રાપ્તિ થાય છે એટલે આત્મ સ્વરૂપમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે, તે પછી તે સંવર ભાવવડે તે આત્મા વિશિષ્ટ-તપ-ત્યાગ પરિણામથી નિર્જરા કરે છે, એટલે પૂર્વે બાંધેલા કર્મોને વિવિધ પ્રકારના તપ પરિણામથીઆત્માથી છૂટા કરે છે તેનું સ્વરૂપ (૧) ગુણશ્રેણી (૨) ગુણસંક્રમ (૩) સ્થિતિઘાત. (૪) રસઘાત અને (૫) અપૂર્વસ્થિતિ બંધાદિ ભાવે ગુરૂ-

ગમથી જાણી લેવું. ઘાતિકર્મોનો સર્વથા ક્ષય કરવા.વડે આત્મા કેવળજ્ઞાન અને કેવળ દર્શન પામે છે, તે પછી અયોગી થઈ અક્રિયત્વભાવ પામે છે આ પ્રમાણે અક્રિયત્વપણું પ્રાપ્ત થતા આયુષ્યપૂર્ણ થવા સાથે-સર્વકર્મથી મુક્ત થઇ તે આત્મા સિધ્ધપદને પામે છે.

સિધ્ધિ-પદને પામેલો આત્મા સાદિ-અનંતો કાળ, ક્ષયિક અને પરિણામિક એ બે ભાવમાં પરિણામ પામતો થકો, અનંત-શાશ્વત સુખને પામે છે એમ જાણવું. નયસાપેક્ષ દ્રષ્ટિએ સદ્ધિાત્વ ભાવનું સ્વરૂપ નીચે મુજબ અવધારવું.

(૧) શુશ્રુષાદિ ગુણે કરીને, ગુરુમુખે તત્વાત્તનું સ્વરૂપ સાંભળતારા સર્વે જીવોને નૈગમનય દ્દષ્ટિએ સિધ્ધ જાણુવા.

(૨) ગ્રંથીભેદ કરી શુધ્ધાત્મ સ્વરૂપનું દર્શન યાને શ્રધ્ધાન કરી જેમણે સ્વપરનું યથાર્થ ભેદ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેવા સર્વે જીવોને સંગ્રહનય દ્દષ્ટિએ સિધ્ધ જાણુવા

(૩) યથાર્થ ભેદ જ્ઞાનની-શ્રધ્ધાનાબળે જેમણે યથાશકિત પચ્ચખાણ કરી આશ્રવ ભાવનો નિરોધ કરેલો છે તેઓ સર્વે-વ્યવહાર નય દ્રષ્ટિએ સિધ્ધ જાણુવા,

(૪) સમસ્ત સાંસરિક ભાવની-પરિણુતીનો ત્યાગ કરી જે પોતાના ક્ષયોપક્ષમિક જ્ઞાન-દર્શન-ચારિત્રદિ ભાવમા રમણુતા કરે છે તેઓ સર્વે ઋજુસૂત્રનયદ્રષ્ટિએ સિધ્ધ જાણુવા.

(૫) જેઓ વિવિધ પ્રકારના તપ ગુણુવડે પૂર્વે બાંધેલા કર્મોની વિશેષ-પ્રકારે નિર્જરા કરે છે તેઓ

શબ્દનયદ્રષ્ટિએ સિદ્ધ જાણવા.

(૬) જેઓ એ ચારઘાતિ કર્મોનો ક્ષય કરી શુદ્ધ ક્ષયિક ભાવે સંપૂર્ણ આત્મ સ્વરૂપને સ્વાધીન કર્યું છે તેઓ સૌ સમભિરૂઢ નયે સિદ્ધ જાણવા.

(૭) જેઓ ઘાતિ-અઘાતિ સર્વે કર્મોનો ક્ષય કરી સર્વ-શરીરી ભાવનો ત્યાગ કરી સહજ-શુદ્ધ-અનંત-શાશ્વત સ્વરૂપે પૂર્ણસિદ્ધત્વને પામ્યા છે તેઓ સૌ એવં-ભૂતનયે સિદ્ધ પરમાત્મા જાણવા.

અમોએ અમારી યથામતિ સિદ્ધાન્તથી અવિરોધી-ભાવે ઉપર મુજબ જે જે સ્વરૂપ બતાવ્યું છે તેમાં જે કોઈ ભૂલચૂક હોય તે ઉત્તમજ્ઞાની પુરુષોએ ઉપકારક બુદ્ધિએ સુધારી, અમોને ક્ષમા આપવી એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवतु भुतगणाः ।
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखी भवतु लोकाः ॥

## પ્રકીર્ણક—( ૨૭ ) વિષયો

## (૧) પ્રમાણુ-સપ્ત ભંગીનું સ્વરૂપ

કોઇ પણ પદાર્થ યાને દ્રવ્ય ને અવિરૂદ્ધભાવે-યથાર્થ-સ્વરૂપે જાણવું તે પ્રમાણ જ્ઞાન છે આવું પ્રમાણ જ્ઞાન તે યથાર્થસત્ય અને ઉપકારી છે, તે પ્રમાણ જ્ઞાન અંનત ધર્માત્મક વસ્તુ ને સમગ્ર તથા યથાર્થસ્વરૂપે અને મુખ્યપણે જાણવા રૂપ છે, પરંતુ તેને તથા સ્વરૂપે-પરને જણાવવા માટે પદાર્થમાં રહેલા પરસ્પર વિરોધી ધર્મોને સ્યાદપદથી-સપ્તભંગ વડે જણાવાય છે, તેને પ્રમાણ સપ્તભંગી કહેવાય છે, તેનું કિંચિંત -સ્વરૂપ નીચે મુજબ જાણવું

(૧) સ્યાદ-અસ્તિ : જેપદાર્થ, જેકાલે. જે ક્ષેત્રે, જે સ્વરૂપે છે, તે ભાવે તે પદાર્થનું કથંચિત્-અસ્તિપણું જાણવું.

(૨) સ્યાદ્-નાસ્તિ : -જે પદાર્થ, જેકાળે, જેક્ષેત્રે, જે સ્વરૂપેનથી તે ભાવે તે પદાર્થનું કથંચિત-નાસ્તિપણું જાણવું.

(૩) સ્યાદ્ અસ્તિનાસ્તિ :-પદાર્થને પરસ્પર વિરોધી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવાદિ સ્વરૂપે, કથંચિત અસ્તિ-નાસ્તિ-ઉભય ભાવે, જાણવો. તે

(૪) સ્યાદ્-અવક્તવ્યં :—પ્રત્યેક પદાર્થ અંનત ધર્માત્મક હોવાથી તેને યથાર્થ પૂર્ણસ્વરૂપે-કહીશકાય નહિ, એમ જાણવું તે

(૫) સ્યાદ્-અસ્તિ-અવકતવ્યં:-પ્રત્યેક પદાર્થ સમયે -સમયે અનંત ભાવમાં પરિણામી હોવાથી, તેના અસ્તિત્વ ભાવને પણ યથાર્થ પણે કહી શકાય નહિ એમ જાણવું તે

(૬) સ્યાદ્-નાસ્તિ-અકતવ્યં :-પ્રત્યેક પરિણામી દ્રવ્યમાં જે-જે સમયે જેજે ભાવની. નાસ્તિતા છે. તેને પણ યથાર્થ સ્વરૂપે કહી શકાય નહિ-એમ જાણવું તે

(૭) સ્યાદ્-અસ્તિ-નાસ્તિ-યુગપદ્-અવકતવ્યં :-પ્રત્યેક પદાર્થમાં સમયે-સમયે પરિણામ પામતાં જે-જે. અસ્તિ -નાસ્તિ-ઉભયાત્મક સ્વરૂપ હોયછે. તેને પણ યથાર્થ પણે-કહી શકાતું નથી- એમ જાણવું-તે આ રીતે પ્રત્યેક પદાર્થને સ્વતઃ તેમજ પરતઃભાવથી,વળી-નિત્ય તેમજ અનિત્ય ભાવથી, -એકત્વ તેમજ અનેકત્વ ભાવથી,- ભિન્નત્વ તેમજ અભિન્નત્વ ભાવથી; ઈત્યાદિ અનેક ધર્મો-વડે અનેક સપ્ત ભંગાત્મક સ્વરૂપે જાણવા-ગીતાર્થ ગુરૂ ભગવંતોની સેવા કરવી જોઇએ.

## જ્ઞાન ગુણ ઉપર-નયસપ્ત ભંગનું સ્વરૂપ

વસ્તુ માત્રનો સમગ્રતયા બોધ તે પ્રમાણ જ્ઞાન જાણવું તેમજ તેના કોઈપણ એક અંશનો અવિરૂદ્ધ બોધ કરાવે તે નયજ્ઞાન જાણવું. આ નયજ્ઞાનથી પણ મુખ્ય અને ગૌણ ભાવથી પદાર્થને સાત-નય ભેદથી પરસ્પર સાપેક્ષ ભાવ વિચારતાં વસ્તુમાત્રનો સમ્યક-બોધ થાય છે, આ માટે આત્મ તત્વના જ્ઞાન ગુણને, નય સપ્ત ભંગથી જણાવીએ

છીએ

(૧) નૈગમનયદ્રષ્ટિએ:—સર્વ આત્માઓને જ્ઞાન ચેતનાં હોય છે. માટે સર્વ—આત્માઓ તે ભાવે જ્ઞાની છે

(૨) સંગ્રહનયદૃષ્ટિએ :—આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખનાર, સમ્યકદષ્ટિઆત્મા–જ્ઞાની છે.

(૩) વ્યહારનયદષ્ટિએ :—પોતાના આત્માને ઉપકારક ભાવોનો આદર કરનાર, અને ઉપઘાતક ભાવોનો ત્યાગ કરનાર આત્મા જ્ઞાની છે.

(૪) ઋજુસૂત્રનયદષ્ટિએઃ—આત્મહિતમાં ઉપયોગી. આત્મા જ્ઞાની છે.

(૫) શબ્દનય દષ્ટિએ :— કષાય અને નોકષાય રૂપ મોહનો, ક્ષય, ઉપશમ, અને ક્ષયોપશમ કરતો આત્મા, જ્ઞાની છે,

(૬) સંભિરૂઢનય દષ્ટિએ : — જેમણે જ્ઞાન વરણીય, દર્શના-વરણીય, મોહનીય, અને અંતરાય એ ચારે–ગુણઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરીકેવળજ્ઞાન, કેવળ દર્શન, ક્ષાયક સમ્યકત્વ અને અનંત વીર્યાદિ ગુણ પ્રાપ્ત કર્યા છે, તેવા કેવળી–પરમાત્માઓ, જ્ઞાની છે.

(૭) અવિંભૂત નયદષ્ટિએ : — પોતાના અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચરિત્ર, અને અનંત વીર્યાદિ ગુણોમાં સાદી અનંતમાં ભાગે ક્ષાયિક ભાવમાં સ્વાધીન પણે સમયે–સમયે પરિણામ પામી રહેલા સિદ્ધ–પરમાત્માઓ, જ્ઞાની છે.

## (૩) અજ્ઞાન અને મોહવિકારયુકત-આત્માના નાસ્તિક ભાવ ઊપરના—નયસપ્ત ભંગી

જેઓને અનાદિના દર્શન મોહ તેમજ ચારિત્ર મોહના ઉદયે શુદ્ધાત્મ સ્વરૂપનું-જ્ઞાન ભાન નથી તેવા નાસ્તિક આત્મા–ભાવને પણ નયસપ્ત ભંગથી ઓળખવો જરૂરી છે. આથી નાસ્તિક–આત્મભાવવાળા આત્માઓનું સ્વરૂપ નીચે મુજબની નયસપ્તભંગીથી જાણીને, પોતાના આત્મામાંથી તથા સ્વરૂપના–મોહ ભાવને દૂર કરવા. પ્રયત્ન કરવો–

(૧) નૈગમ નયદૃષ્ટિએ :—જેને ઇંદ્રિયોના વિષય-વિકાર રૂપ જ્ઞાનમાં આત્માર્થ બુદ્ધિ છે. તે નાસ્તિક જાણવો.

(૨) સંગ્રહનયદૃષ્ટિએ :—જેને–આત્માના જ્ઞાનાદિ-ગુણોનું ભેદ જ્ઞાન નથી. તે નાસ્તિક જાણવો

(૩) વ્યવહારનય દૃષ્ટિએ :—જેનામાં-દયા–દાન-અને ઈંદ્રિયોનું દમન કરવાની સિદ્ધાંત-સાપેક્ષ વૃત્તિનથી, તે, નાસ્તિક જાણવો

(૪) ઋજુસૂત્રનય દૃષ્ટિએ :—જે આત્માને આત્મહિતનો લક્ષ નથી, તે નાસ્તિક જાણવો

(૫) શબ્દનય દૃષ્ટિએ :—જે આત્માને પોતાના આત્મસ્વરૂપમાં, પૂર્ણ–પરમાત્મસ્વરૂપની શ્રદ્ધા નથી તે નાસ્તિક જાણવો

(૬) સંભિરૂઢનય દૃષ્ટિએ :—જે આત્મા પરભાવ પરિણતિમાં આશક્ત છે, તે નાસ્તિક જાણવો

(૭) એવંભૂતનય દષ્ટિએ:—જે-મોહ-માયા અને જન્મ-મરણની જંજાળવાળો છે, તે-નાસ્તિક છે.

### (૪) દાન ગુણ ઉપરનય સપ્તભંગી

(૧) નૈગમનયથીઃ—પરને સહાયકારી થવું તે દાન ગુણ

(૨) સંગ્રહનયથી:—દાનરૂચી પણું (પરોપકાર વૃત્તિ) તે દાનગુણ

(૩) વ્યવહારનયથી:—અન્યને અન્ન--વસ્ત્રાદિકનું આપવું તે દાનગુણ

(૪) ઋજુસુત્રનયથી :—મોહનો ત્યાગ કરવો તે દાનગુણ

(૫) શબ્દનયથીઃ—સુપાત્રે દાન દેવું તે દાનગુણ

(૬) સંભિરૂઢનયથી:—સર્વથા ત્યાગ ભાવે કરીને દાન કરવું (વરસીદાન) તે દાનગુણ

(૭) એવંભૂતનયથી:—અહિંસકભાવમાં વર્તીને સર્વ જીવોને જે અભયદાન આપવું તે દાનગુણ

### (૫) શીલગુણ ઉપર—નયસપ્ત ભંગી

(૧) નૈગમનયથીઃ—પોતાના સ્વરૂપને પરથી ભ્રષ્ટથતા રોકવું તે શીલગુણ

(૨) સંગ્રહનયથી:—શુદ્ધ સમ્યકત્વનો પરિણામ, તે શીલગુણ

(૩) વ્યવહારનયથી:—આરંભ-સમારંભથી અળગા

રહેવું તે શીલગુણ

(૪) ઋજુસુત્રનયથીઃ—શુદ્ધદેવ, શુદ્ધગુરૂ, અને શુદ્ધધર્મનું શરણું લેવું તે શીલગુણ

(૫) શબ્દ નયથીઃ—વિરતિ ભાવમાં રહેવું-તે શીલગુણ

(૬) સંભિરૂઢ નયથીઃ—વ્રતાદિકનું નિરતિચાર પ્રતિ પાલન કરવું-તે શીલગુણ

(૭) એવંભૂત નયથીઃ—સર્વ પરભાવનો ત્યાગ કરવો, તે શીલગુણ

(૬) તપગુણ ઉપર- નય સપ્ત ભંગી

(૧) નૈગમનયથીઃ—ત્યાગ માટેની આત્માની જે તત્પરતા-તે તપગુણ

(૨) સંગ્રહનયથીઃ—કર્મોના આવરણો દુર કરવાની તીવ્ર આકાંક્ષા-તે તપગુણ

(૩) વ્યવહાર નયથીઃ—આત્માને મલીન કરનાર આહારાદિ ભાવોનો ત્યાગ કરવો-તે તપગુણ

(૪) ઋજુસૂત્ર નયથીઃ—આત્મશુદ્ધિ કારક પ્રાયશ્ચિતાદિ ભાવોમાં આત્માને જોડવો-તે તપગુણ

(૫) શબ્દનયથીઃ—કર્મની મલીનતા ટાળે-તે તપગુણ

(૬) સંભિરૂઢનયથીઃ—શુભાશુભ સંયોગ-વિયોગ માં ચિત્તને સંકલેશથી દૂર રાખવો-તે તપગુણ

(૭) એવંભૂતનયથીઃ—આત્મમલિનતાના હેતુઓનો

સર્વથા ત્યાગ કરવો-તે તપગુણ

(૭) ભાવગુણ ઉપર--નય સપ્તભંગી

(૧) નૈગમનયથીઃ—જ્ઞાન-દર્શન-ચારિત્ર,તપ, અને વીર્યાદિગુણોનો શુધ્ધશુધ્ધ પરિણામ-તે ભાવ ધર્મ

(૨) સંગ્રહનયથીઃ—આત્મ શુદ્ધિકારક આત્મ પરિણામ; (સમ્યકત્વ) તે ભાવ ધર્મ

(૩) વ્યવહારનયથી:-આત્માને શુદ્ધ નિમિત્તાવલંબનમાં જોડવો-તે ભાવ ધર્મ

(૪) ઋજુસૂત્રનયથી :—આત્માને શુદ્ધાત્મસ્વરૂપની ઓળખાણ-તે ભાવ ધર્મ

(૫) શબ્દનયથીઃ—આત્મ શુદ્ધિકારક સમ્યકજ્ઞાન, સમ્યક દર્શન, સમ્યકચારિત્ર, અને સમ્યકતપનો પરિણામ—તે ભાવ ધર્મ

(૬) સંભિરૂઢનયથીઃ—રત્નત્રયિનો અભેદ પરિણામ તે ભાવ ધર્મ

(૭) એવંભૂતનયથીઃ—આત્માનો શુદ્ધ અવિચલિત-અવ્યાબાધ પરિણામ તે-ભાવ ધર્મ

(૮) જીવ તત્વ ઉપર-નયસપ્ત ભંગી

શ્રી. સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ પરમાત્માઓએ "આ જગતને જીવ અને અજીવની રાશી રૂપ અનાદિ-અનંત સ્વરૂપ વાળુ જણાવ્યું છે, તે જીવ અને અજીવની રાશીમાં, જીવ દ્રવ્યો જીવ તત્વ સ્વરૂપે છે, અને ધર્માસ્તિ કાય,

અધર્માસ્તિ કાય, આકાશાસ્તિકાય, પુદગાલાસ્તિકાય, અને કાળ દ્રવ્ય ને અજીવ રૂપ જણાવ્યા છે, આ છએ દ્રવ્યો ના વિવિધ પરિણામરૂપ આ સમસ્ત જગતના સમસ્ત ભાવોને શુદ્ધા-શુદ્ધ સ્વરપે યથાર્થ જાણવા માટે તેમજ આત્મ-તત્વને અહિત કારી ભાવોથી નિવર્તાવી-હીતકારી ભાવમાં જોડતાં જે રીતે આત્મા-પરમાત્મ ભાવને પામે છે તેનુ સ્વરૂપ જણાવવા માટે, આ જગતના સમસ્ત ભાવોને નવ તત્વાત્મક સ્વરૂપે જણાવ્યા છે, તે નવે તત્વો નો યથાર્થ બોધ કરવા માટે નવે તત્વો ઉપર સપ્તનય વિચાર જણાવીએ છીએ, તેનું વિસ્તારથી સ્વરૂપ ગીતાર્થ-ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવું,

[ જીવ-તત્વ, ] ઉપરનય સપ્તભંગી

નૈગમનય દષ્ટિએઃ—જે પોતાના પરિણમન ભાવનું, કર્તા-ભોક્તા-અને જ્ઞાતા છે. તે જીવદ્રવ્ય છે,

સંગ્રહનય દષ્ટિએઃ—જીવદ્રવ્ય કહો કે આત્મ તત્વ કહો તે સઘળાએ આત્માઓ-જ્ઞાનાદિગુણયુકત અને અરૂપી છે, એટલે વસ્તુસ્વરૂપે વર્ણ-ગંધ, રસ-સ્પર્શાદિ રહિત છે

વ્યવહારનય દષ્ટિએ : —દરેક સંસારી આત્મા જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો, કર્તા-ભોકતા અને હર્તા છે.

ઋજુસૂત્રનય દષ્ટિએઃ—દરેક આત્મા, જ્ઞાન-દર્શનના ઉપયોગ વાળો છે

શબ્દનય દષ્ટિએઃ—આત્મા પુદ્ગલ પરિણમન ભાવથી,

ભિન્ન છે

સંભિરૂઢનય દષ્ટિએ;—આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ સ્વ-સ્વરૂપનો કર્તા-ભોકતા અને જ્ઞાતા છે

એવંભૂતનય દષ્ટિએઃ—આત્મા, શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપી છે.

## (૯) [અજીવ-તત્વ] ઉપર નય.સપ્ત ભંગી

પૂર્વ જણાવ્યા અનુસાર જે પાંચ અજીવ દ્રવ્યો છે તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણે દ્રવ્યો અરૂપી-અને અક્રિય છે, અને કાળ દ્રવ્ય ઉપચરિત દ્રવ્ય હોવાથી તેનું સ્વરૂપ ગીતાર્થ-ગુરૂભગવંત પાસેથી જાણી લેવું-અત્રે અમો જે પુદગલાસ્તિ કાય નામનું -અજીત્ર દ્રવ્ય છે, અને જે રૂપી તેમજ સક્રિય છે, તેનું સ્વરૂપ નયસપ્ત ભંગીથી જણાવીએ છીએઃ—

(૧) નૈગમનય દષ્ટિએઃ—જે-પુરણ-ગલન (એટલે મળવા અને વિંખરાઈ જવાના) સ્વભાવવાળું છે. તે. પુદગલ દ્રવ્ય જાણવું

(૨) સંગ્રહનય દષ્ટિએઃ—જે વર્ણ-ગંધ-રસ,અને સ્પર્શાદિ પરિણામથી યુકત છે, તે પુદગલ દ્રવ્ય જાણવું

(૩) વ્યવહારનય દષ્ટિએઃ—જે શબ્દ-અંધકાર-પ્રભા -છાયા-આત્તપાદિ વિવિધ પરિણામવાળું તેમજ ઔદારિકાદિ વિવિધ વર્ગણા-સ્વરૂપીછે તે પુદગલ દ્રવ્ય જાણવું

(૪) ઋજુસુત્રનય દષ્ટિએઃ—જે, ૧, ગુરૂ-૨, લઘુ- ૩, ગુરૂલઘુ-તેમજ ૪, અગુરૂલઘુ પરિણામ વાળું છે, તે

પુદગલ દ્રવ્ય જાણવું

(૫) શબ્દનય દષ્ટિએઃ—જે જીવદ્રવ્યને, ગતિ-જાતિ શરીરાદિ પરિણામમાં નિમિત્ત કારણ છે, તે પુદગલ દ્રવ્ય-જાણવું

(૬) સંભિરૂઢનય દષ્ટિએઃ- જીવાદિ દ્રવ્યોને વિવિધ ચિત્ર-વિચિત્ર પરિણામનો હેતું છે, તે પુદગળ-દ્રવ્ય જાણવું

(૭) એવંભુત નય દષ્ટિએઃ—જે પોતાના પરિણુમન ભાવનું કર્તા-ભોકતા અને જ્ઞાતા નથી તે-પુદગલ દ્રવ્ય જાણવું

(૧૦) ( પુણ્ય—તત્વ ઉપર ) નય સપ્તભંગી

(૧) નૈગમ નય દિષ્ટએઃ—જે શુભ છે, તે પુણ્ય છે

(૨) સંગ્રહ નય દષ્ટિએઃ—જે સહાયકારી છે, તે પુણ્ય છે

(૩) વ્યવહાર નય દષ્ટિએઃ-જે ઉપકારક છે તે પુણ્ય છે

(૪) ઋજુસુત્ર નય દષ્ટિએ :—જે. પરોપ્કારિંતા છે, તે પુણ્ય છે

(૫) શબ્દ નય દષ્ટિએઃ—જે. અશુભતાનું નિવારક છે, તે પુણ્ય છે

(૬) સંભિરૂઢનય દષ્ટિએ જેચિત્તની—પ્રસન્નતા, તે પુણ્ય છે

(૭) એવંભુત નય દષ્ટિએઃ—જે મંગલ રૂપ છે, તે પુણ્ય છે

(૧૧) (પાપતત્વ-ઉપર) નય સપ્તભંગી

(૧) નૈગમ નય-દ્રષ્ટિએ:—જે અશુભ છે તે પાપ છે

(૨) સંગ્રહ નય દ્રષ્ટિએ:—જે દુ:ખનું કારણ છે, તે-પાપ છે

(૩) વ્યવહાર નય દ્રષ્ટિએ:—જે ઉન્માર્ગ છે, તે પાપ છે

(૪) ઋજુસૂત્ર નય દ્રષ્ટિએ:—જે પુણ્યનો નાશ કરે છે, તે-પાપ છે

(૫) શબ્દ નય દ્રષ્ટિએ:—પરભાવમાં આશક્તિ કરવી, તે પાપ છે

(૬) સંભિરૂઢ નય દ્રષ્ટિએ:—વિષય-કષાયનો પરિણામ તે-પાપ છે

(૭) એવંભૂત નય દ્રષ્ટિએ:—કર્મપરનો-સંયોગ, તે પાપ છે

(૧૨) (આશ્રવ-તત્વ.) (જે દ્વારા કર્મ આવે તે આશ્રવ) ઉપર નય સપ્ત ભંગી

(૧) નૈગમ નય દ્રષ્ટિએ:—આત્માનો, દ્રવ્યકર્મ-ભાવકર્મ અને નોકર્મનો પરિણામ તે આશ્રવ-તત્વ છે

(૨) સંગ્રહ નય દ્રષ્ટિએ:—આત્માનો, મિથ્યાત્વ, અવિરતી, અને કષાયનો પરિણામ તે આશ્રવ-તત્વ છે

(૩) વ્યવહાર નય દ્રષ્ટિએ:—આત્માની મન-વચન અને કાય યોગની શુભાશુભ પ્રવૃત્તિ તે આશ્રવ-તત્વ છે

(૪) ઋજુસૂત્ર નય દ્રષ્ટિએ:—આત્માને, પરભાવનું-કરણ કરાવણ અને અનુમોદન તે આશ્રવ-તત્વ છે

(૫) શબ્દનય દ્રષ્ટિએ:--આત્માને ઇન્દ્રિયાર્થક વિષયોનું ઇષ્ટત્વ, તે આશ્રવ-તત્વ છે

(૬) સંભિરૂઢ નય દ્દષ્ટિએઃ--આત્માને પરદ્રવ્યના પરિણામમાં આશક્તિ, છે આશ્રવ-તત્વ છે

(૭) એવંભુત નય દ્રષ્ટિએઃ--આત્માએ પરદ્રવ્યનો સંયોગ કરવો તે આશ્રવ-તત્વ છે

(૧૩) [ સંવર-તત્તવ ] ઉપર નય સાતભંગી (આવતાં કર્મને રોકે તે-સંવર)

(૧) નૈગમ નય દ્રષ્ટિએઃ--આત્માનું સમિતિ-ગુપ્તિ રૂપ પ્રવર્તન તે, સંવર-તત્વ છે

(૨) સંગ્રહ નય દ્રષ્ટિએઃ--આત્માનો-શુદ્ધ-જ્ઞાન દર્શન અને ચારિત્રનો પરિણામ તે સવર-તત્વ છે

(૩) વ્યવહાર નય દ્રષ્ટિએઃ—શ્રી વીતરાગ પરમાત્માએ બતાવેલ- મોક્ષ માર્ગને વિધિ-નિષેધરૂપે અનુસરવું, તે, સંવર-તત્વ છે

(૪) ઋજુસૂત્રનય દ્દષ્ટિએઃ—પરભાવની આશંસાનો ત્યાગ કરવો, તે સંવર-તત્વ છે.

(૫) શબ્દનય દ્દષ્ટિએઃ-આત્માને પરમાત્મ સ્વરૂપી કરવા માટે પંચપરમેષ્ટિની-સેવા-ભક્તિ કરવી તે સંવર-તત્વ છે.

(૬) સંભિરૂઢનય દ્દષ્ટિએઃ—પંચાચારનું પાલન કરવું તે, સંવર-તત્વ છે.

(૭) એવંભૂતનય દ્દષ્ટિએઃ—આત્માને, પર દ્રવ્યના

પાશથી અળગો કરવો, તે સંવર-વત્વ છે.

(૧૪)( નિર્જરા-તત્વ) ઉપરનય સપ્તભંગી (આત્માની સાથે ક્ષીરનીરવત્-ભળેલાં કર્મોથી આત્માને શુધ્ધ કરવો તે નિર્જરાતત્વ)

(૧) નૈગમનય દષ્ટિએઃ—આત્મ સંયોગી સર્વ કર્મ પરિણામથી આત્માને અળગો કરવો, તે નિર્જરા-તત્વ

(૨) સંગ્રહનય દષ્ટિએઃ—પૂર્વે બાંધેલા કર્મ-પરિણામમાં રસઘાત-અને સ્થિતિ ઘાતાદિ કરવાં, તે-નિર્જરા તત્વ

(૩) વ્યહારનય દષ્ટિએઃ—કર્મોદયે પ્રાપ્ત થયેલ, ધન-સ્વજન, સત્તા, સંપત્તિ-વિગેરે નવવિધ-પરિગ્રહનો ત્યાગ કરવો તે નિર્જરા-તત્વ

(૪) ઋજુસૂત્રનય દષ્ટિએઃ—દર્શન મોહનીયના, ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ ભાવ વડે શુધ્ધાત્મ સ્વરૂપનો લક્ષ ધરવો તે-નિર્જરા-તત્વ

(૫) શબ્દનય દષ્ટિએઃ—પરભાવમાં વિરતિ ભાવ ધારણ કરવો તે-નિર્જરા-તત્વ

(૬) સંભિરૂઢનય દષ્ટિએઃ—મોહનો ક્ષય ઉપશમ કે ક્ષયો પશમ કરવો તે નિર્જરા-તત્વ

(૭) એવંભૂતનય દષ્ટિએઃ—આત્માને. પરસંયોગી ભાવથી મુક્ત કરવો-તે નિર્જરા-તત્વ

(૧૫) બંધ-તત્વ ઉપર નય સપ્ત ભંગી

(૧) નૈગમનય દષ્ટિએઃ—સંસારિ. આત્માને

પોતાના અસંખ્યાત પ્રદેશની સાથે-કર્મ વર્ગણાઓનો જે ક્ષીરનીરવત સંબંધ થવો, તે બંધ-તત્વ છે,

(૨) સંગ્રહનય દૃષ્ટિએ:—આત્માને ચતુર્ગતિ સંસારમાં અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર સ્થિતિમાં મૂકનાર કર્મ—સંયોગપરિણામ તે બંધ તત્વ છે

(૩) વ્યવહારનય દૃષ્ટિએ:—આત્માને મોહ પમાડનાર શરીર-સ્વજન-તેમજ ધનાદિનો યોગ તે-બંધ-તત્વ છે

(૪) ઋજુસૂત્રનય દૃષ્ટિએ:—સંસારિક આત્મા. યોગ પરિણામથી પોતાના અસંખ્યાત પ્રદેશે, સમયે-સમયે જે અનંતા-અનંત કાર્મણ વર્ગણા ઓનું ગ્રહણ કરી. તેને પ્રકૃતિ, સ્થિતિ, રસ, અને પ્રદેશ વિભાગથી કર્મ-પરિણામ પણે સંબંધ પમાડે છે તે બંધ તત્વ છે.

(૫) શબ્દનય દૃષ્ટિએ:—આત્માના જ્ઞાનાદિ ગુણોને ઘાતક અંહકાર મમત્વનો પરિણામ તે બંધ-તત્વ છે.

(૬) સંભિરૂઢનય દૃષ્ટિએ:—પર દ્રવ્યઉપર. રાગ-દ્વેષાદિનો પરિણામ તે બંધ-તત્વ છે.

(૭) એવંભૂતનય દૃષ્ટિએ:—પરભાવ-પરિણામીપણું તે-બંધ તત્વ છે.

(૧૬) (મોક્ષ-તત્વ) ઉપર નય સપ્ત ભંગી ( કર્મ પરિણામથી રહિત આત્માની શુદ્ધ દશા )

(૧) નૈગમનય દૃષ્ટિએ:—પ્રત્યેક જીવોને-જે-જેભાવે-પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોની જે-જે નિવારણતા

છે, તે આત્માની મુક્ત અવસ્થાને મોક્ષ-તત્વ જાણવું

(૧) સંગ્રહનયદૃષ્ટિએ-જે આત્માએ-આત્મપરિણામ અને કર્મ પરિણામના ભેદને જાણ્યો છે અને, તેથીકર્મપરિ-ણામ ભાવમાં લેપાતો નથી, તે આત્માની મુકત અવસ્થાને મોક્ષ-તત્વ જાણવું

(૩) વ્યવહાર નય કૃષ્ટિએ-જે આત્માએ સાવદ્ય-યોગ વ્યાપારનો ત્રિવિધે-ત્રિવિધે ત્યાગ કર્યો છે, તે આત્માની મુકત અવસ્થાને મોક્ષ-તત્વ જાણવું

(૪) ઋજુસુત્ર નય દૃષ્ટિએ-જે આત્મા જે ભાવે-પરદ્રવ્ય પરિણામનો ત્યાગી છે, તે મુકત અવસ્થાને-મોક્ષ-તત્વ જાયવું

(૫) શબ્દનય દૃષ્ટિએ પોતાના આત્માને પરદ્રવ્યના પારામાંથી છોડાવવાના સતત ઉદ્યમરૂપ અપ્રમત-ભાવ પાસ ઉપશમ શ્રેણી અને ક્ષમપકશ્રેણીની શુધ્ધતા, તે મોક્ષ તત્વ જોણવું

(૬) સંભિરૂઢનય દષ્ટિએ-જે આત્માએ જ્ઞાનવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયએ ચારે ઘાતિકર્મોનો ક્ષય કરીને, કેવળજ્ઞાન, અને કેવળદર્શન, તેમજ ક્ષાયક-સમ્યકત્વ અને અનંત-વીર્યગુણને ક્ષાવકભાવે પ્રાપ્ત કર્યા છે. તે મોક્ષ-તત્વ જાણવું

(૭) એવંભૂતનય દષ્ટિએ-જે આત્માએ-સર્વ કર્મોનો

ક્ષય કરી સાદી અનંતમો ભાંગે સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે તે પૂર્ણ સત્‌ચિદા-નંદ-સ્વરૂપે મોક્ષ-તત્વ જાણવું

## (૧૭) ચાર નિક્ષેપાનું સ્વરૂપ

શ્રી. જીનેશ્વર ભગવંતોએ-વસ્તુ સ્વરૂપને યથાર્થપણે જાણવા-ગ્રહણ કરવા માટે. નય-નિક્ષેપ પ્રમાણ તેમજ અનેક ભંગાદિ વડે અનેક પ્રકારો બતાવ્યા છે તેમાં જે નિક્ષેપ વિચાર જણાવ્યો છે તેનું કિંચિત સ્વરૂપ નીચે મુજબ જાણવું.

કોઈપણ વસ્તુ-સ્વરૂપને નામાદિ અતિશયે કરીને ગ્રહણ કરવી-તેને નિક્ષેપ-વિચાર જાણવો. આવા અનેક નિક્ષેપ-વિચારથી વસ્તુ સ્વરૂપનું ગ્રહણ કરી શકાય છે, પરંતુ કોઈપણ વસ્તુ સ્વરૂપનું યથાર્થ-અવિરૂદ્ધ-જ્ઞાન કરવા માટે તેને ઓછામાં ઓછા ચાર-નિક્ષેપથી જાણવી જોઈએ, આ માટે તે ચારે નિક્ષેપનું કિંચિત સ્વરૂપ જણાવીએ છીએ.

(૧) નામ-નિક્ષેપ--કોઇપણ વસ્તુ-સ્વરૂપનો જગતમાં જે નામથી એટલે જે શબ્દ વ્યવહારથી-વ્યવહાર થતો હોય તેને તે નામથી-ગ્રહણ કરવી, તે નામ નિક્ષેપો જાણવો

(૨) સ્થાપના-નિક્ષેપ-કોઇપણ વસ્તુ-સ્વરૂપને, તેના સદ્‌ભૂત કે અસદ્‌ભૂત આકૃતિ વિશેષથી-ગ્રહણ કરણી તે સ્થાપના નિક્ષેપ જાણવો

(૩) દ્રવ્ય-નિક્ષેપ-કોઇપણ વસ્તુ-સ્વરૂપને તેના ત્રિકાલિક-કોઈપણ-ગુણ-ધર્મથી ગ્રહણ કરવી તે દ્રવ્ય નિક્ષેપ જાણવો

(૪) ભાવ-નિક્ષેપ-કોઇપણ વસ્તુ-સ્વરૂપને તેના ભાવથી -એટલે તેના-પર્યાય વિશેષથી ગ્રહણ કરવી તે ભાવ નિક્ષેપ વિચાર જાણવો.

આ ચારે નિક્ષેપાઓ કથંચિત-ભિન્ન છે અને કથંચિત અભિન્ન પણ છે. તેમાં નામ નિક્ષેપ કરતાં સ્થાપના નિક્ષેપ, વધુ બળવાને છે-એટલે વિશેષ-ઉપકારક છે, તેનાથી દ્રવ્ય નિક્ષેપ વધુ ઉપકારક છે અને તેનાથી ભાવ-નિક્ષેપ વિશેષ ઉપકારક છે એમ જાણવું. આ રીતે ભિન્નત્વ-સ્વરૂપે પણ નામાદિ એક-એક નિક્ષેપાના આલંબનથી અનંતાજીવો મોક્ષ-પદને પામ્યા છે. પામે છે, અને પામશે એમ શાસ્ત્રોમાં જણાવ્યું છે, તેમાં એટલું ખાસ સમજવું કે તે-તે નિક્ષેપથી પણ ભાવ સ્વરૂપને પામીને એટલે તે તે નિક્ષેપના ભાવાલંબનથી મોક્ષ પદ પામેલા છે એમ જાણવું. આ માટે પ્રત્યેક નિક્ષેપાના પણ નામાદિ ચાર ભેદોથી જે. સોલ ભેદો થાય છે તેનું સ્વરૂપ ગીતાર્થ-ગુરૂભગવંત પાસેથી જાણી લેવું વળી એટલું ખાસ ધ્યાનમાં રાખવું કે જેનો ભાવ નિક્ષેપો શુદ્ધ છે તેના નામાદિ ચારે નિક્ષેપા શુદ્ધ યાને ઉપકારક છે તેમનું ચારે નિક્ષેપાનું આવલબન, આત્માને ઉપકારક થાય છે એમ જેમકે જાણવું અરિહંતાદિ-પંચપરમેષ્ટિ ભગવાનનું કોઇપણ નિક્ષેપે અવલંબન કરવું તે ઉપકારક જાણવું અને જેનો ભાવ નિક્ષેપો અશુદ્ધ છે, તેવા કષઇ, વેશ્યાદિને નામાદિ કોઇપણ નિક્ષેપથી સ્વરૂપનું અવલંબવું તે આત્માને અહિતકર જાણવું.

## (૧૮) ત્રિભંગી

શ્રી અરિહંત પરમાત્માઓના સ્વરૂપનો, અનેક પ્રકારની ત્રિભંગીઓથી, યર્થાથ–અવિરૂદ્ધ બોધ કરવો જરૂરી છે, અહિંઆ અમો સ્વ–પર–વિશુદ્ધિ–કારક સ્વરૂપની ત્રિભંગી જણાંવીએછીએ.

(૧) શ્રી તીર્થંકર પરમાત્માઓમાં સર્વજીવોને અભયદાન આપવા અપાવવારૂપે ઔદયિકભાવે સર્વ જીવોનું હિતકરનારી કરૂણા હોય છે.

(૨) શ્રી આરિહંત પરમાત્માઓમાંઅતિતીક્ષણ સ્વરૂપે ( ક્ષાયક ) ભાવે આત્માર્થી પણું હોય છે.

(૩) શ્રી અરિહંત–વીતરાગ–પરમાત્માઓ–સમસ્ત જગત્‌ને ઉત્પાદ–વ્યય–અને ધ્રુવત્માક સ્વરૂપે પૂર્ણ જાણતા હોવાથી તેમને કોઈ ભાવ સંબંધી–આદર–કે અનાદાર હોતો નથી, તેથી તે ભાવે તેઓમાં ઉદાસીનતા હોય છે, એમ જાણવું આ રીતે શ્રી અરિહંત–પરમાંત્માઓંમાં સ્વ–પર–સંબંધી જે કરૂણા–તીક્ષણતા અને ઉદાહીનતાવાળું સ્વરૂપ એકીસાથે રહેલું છે એમ જાણવું, આ પ્રમાણે અનેક ત્રિભંગીઓને ગુરૂગમથીજાણવા પ્રયત્ન કરશો.

## (૧૯) દેવતત્વની ચૌભંગી

(૧) નિશ્ચયસુદેવઃ પોતાનો આત્મા શુધ્ધ સંગ્રહનાયદૃષ્ટિએ એટલે સત્તાસ્વરૂપે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંત વીયાદિ ગુણોવાળો છે તેને આવરણ કરનાર જ્ઞાનાવરણાદિઆઠે કર્મોનો ક્ષય

કરી વિશુદ્ધ પરમાત્મ સ્વરૂપે પ્રગટ કરવો તે નિશ્ચયસુદેવની પૂજા ભક્તિ જાણવી.

(૨) વ્યવહારથી સુદેવઃ-તે જેમણે અજ્ઞાન-નિંદ્રા, મિથ્યાત્વ, અવિરતિ, હાસ્ય, રતિ, અરિતિ, ભય, શોક, દુર્ગંચ્છા, કામ રાગ અને દ્વેષ તેમજ દાન, લાભ, ભોગ, ઉપભોગ, અને વીર્યશક્તિને અનંતરાય રૂપ, સર્વ અઢાર દોષોનો ક્ષય કરી. અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતચારિત્ર, અને અનંત વીર્ય ગુણું પ્રાપ્ત કરી સર્વ જગતજીવને હિતકારી, ધર્મદેશનાવડે ધર્મતીર્થ પ્રવર્તાવેલ છે તેવા ઉપકારી અરિહંત પરત્મામાની આત્મહીતાર્થે ચારનિક્ષેપાથી, સેવા, ભક્તિ કરવી, તે, વ્યવહારસુદેવની પૂજા ભકિત જાણવી.

(૩) નિશ્ચયકુદેવ : વિષય કષાયમાં આશકત રહી નિરંતર આત્માને વિષય કષાય ભાવથી પુષ્ટિ કરવો, તે નિશ્ચયકુદેવની સેવા ભકિત જાણુવી

(૪) જેમણે પુણ્યોદયે પૌદ્ગલિક બાહ્યસંપત્તિ પ્રાપ્ત કરેલી છે. અને તેમાં આશકત છે, તેવા આત્માની પોતાના વિષયો અને ભોગો માટે તેમને પ્રસન્ન કરવા માટે સેવા ભક્તિ કરવી તે વ્યવહાર કુદેવની સેવા ભકિત જાણુવી

(૨૦) ગુરૂતત્વની-ચૌભંગી

(૧) નિશ્ચયસુગુરૂ :- જેમણે પોતાના આત્માને નિષ્પન્ન પરમાત્મ સ્વરૂપી જાણ્યો છે, અને તેથી પોતાના

આત્મ પરિણામમાં સ્વ-પર ભાવના પરિણામને ભેદાભેદને સ્વરૂપે જેણે ઓળખ્યા છે, તેણે પોતાના આત્માની આત્માર્થ સાધકતા માટે પોતાના આત્મનો, જે વિનય, વૈયાવચ્ચ કરવો, તે નિચયસુગુરૂની સેવા જાણવી.

(૨) વ્યવહારસુગુરૂ :- જેમને પરમાત્મનું-દર્શન પ્રાપ્ત થયું છે, તેથી કેવળ પોતાના આત્માનો પરમાત્મભાવ પ્રકટ કરવા પરમાત્માએ બતાવેલ અહિંસાદિ-પાંચ-વ્રત-નિયમના માર્ગે પ્રવર્તન કરી રહેલાછે, તેમની, પરમાત્માનું-દર્શન આત્મ-હિતકારિણી આજ્ઞા પ્રાપ્ત કરવા, જેયથા યોગ્ય સેવા તેમજ પરમાત્માની ભક્તિ કરવી તે વ્યવહાર સુગુરૂની સેવા જાણવી.

(૩) નિશ્ચય-કુગુરૂ :- પૌદગલિક વિષય સુખમાં સુખ બુદ્ધિ છે, તેવા મૂઢ આત્માને પૌદગલિક વિષયોથી સુખી કરવા પ્રયત્ન કરવો તે નિશ્ચય કુગુરૂની સેવા જાણવી.

(૪) વ્યવહાર કુગુરૂ :- જેઓ મિથ્યાવાસના જોરે પોતાને અને બીજાને વિષય કષાયથી પોષી રહ્યા છે, તેવા આત્માઓની જે કોઈ પ્રકારે સેવા ભકિત કરવી તે વ્યવહાર કુગુરૂની સેવા ભકિત જાણવી.

## (૨૧) ધર્મ તત્વની—ચૌભંગી

(૧) નિશ્ચય સુધર્મ :- પોતાના આત્માને ઘાતિ તેમ જ અઘાતિ કર્મના બંધનથી છોડાવી પોતાના શુદ્ધ જ્ઞાન, દર્શન ચારિત્રાદિ ગુણોને ક્ષાયિક ભાવે સ્વાધીન કરવા, તે નિશ્ચય સુધર્મ જાણવો.

(૨) વ્યવહાર સુધર્મ :– જે જે ભાવે આત્મા હિંસાદિ અઢાર દોષોથી મુક્ત બને, તે વ્યવહાર સુધર્મ જાણવો.

(૩) નિશ્ચય કુધર્મ :– કર્મબંધના કારણ રૂપ આત્માના ક્રોધ, માન, માયા તેમજ લોભાદિના પરિણામો તે નિશ્ચય કુધર્મ જાણવો.

(૪) વ્યવહાર કુધર્મ :— પાપ બંધના કારણ રૂપ આત્માની, જે હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ, તેમજ પરિગ્રહ એ પાંચ આશ્રવભાવ વાળી પ્રવૃત્તિ, તે, વ્યવહાર કુધર્મ જાણવો

**(૨૨) આત્માર્થના જાણ અને અજાણની અષ્ઠભંગી**

(૧) કેટલાકજીવો.– આત્માર્થને જાણતાથી–આદરતા નથી–અને પાળતા પણ નથી.

(૨) કેટલાકજીવોઃ– આત્માર્થને જાણતા નથી– આદરે છે,– અને પાળતા નથી.

(૩) કેટલાકજીવો:– આત્માર્થને જાણતા નથી,–આદરતા નથી,–પરંતુ પાળે છે.

(૪) કેટલાકજીવો આત્માર્થને જાણતા નથી–આદરે છે.–અને પાળે છે.

(૫) કેટલાકજીવોઃ– આત્માર્થને જાણે છે–આદરતા નથી,–અને પાળતા નથી.

(૬) કેટલાકજીવોઃ–આત્માર્થને જાણે છે–આદરતા નથી, અને પાળે છે.

(૭) કેટલાકજીવોઃ – આત્માર્થને જાણે છે,–આદરે છે, અનેપાળતા નથી.

(૮) કેટલાકજીવોઃ– આત્માર્થને જાણે છે, આદરે છે, અને પાળે પણ છે.

ઉપરના આઠ ભાંગામાં પ્રથમના અજાણના ચારે ભાંગા અશુદ્ધ જાણવા અને પાછળના ચાર ભાંગા ઉત્તરોત્તર વિશુદ્ધ જાણવા.

(૨૩) બાંહરાત્મ ભાવમાંઃ– ષટ્કારકનું સ્વરૂપ.

(૧) કર્તાકારક–આત્માને પર–પુદ્ગલદ્રવ્યના–વર્ણાદિ પરિણામમાં ગ્રાહકતા, વ્યાપકતા અને ભોગા કાંક્ષા રહેલી હોવાથી તે માટે જે પ્રયત્ન–પરિણામ કરે તે–બહિરાત્મ ભાવનું કર્તૃત્વ જાણવું.

(૨) કર્મકારકઃ– આત્માને જડરૂપ બનાવવો એટલે દ્રવ્ય કર્મ, ભાવ કર્મ, અને નો કર્મરૂપે, પરિણામ પમાડવો તે

(૩) કરણકારકઃ– શુભાશુભ પુણ્ય પાપ કર્મના ઉદયમાં આત્માને રતિ અરતિનો પરિણામ થવો તે

(૪) સંપ્રદાનઃ– રાગદ્વેષાદિ ભાવ વડે, જે નવાં કર્મ બાંધવા, વડે આત્મગુણથી ભ્રષ્ટ થવું તે

(૫) અપાદાન :– ન્યાય–નીતિ, અને દેવ–ગુરૂ–ધર્મતત્વની ઉપેક્ષા કરવી તે

(૬) આધારઃ– અનાદિ મિથ્યાત્વનો પરિણામ.

(૨૪) અંતરાત્મ ભાવમાં ષટ્કારનું સ્વરૂપ.

(૧) કર્તાકારકઃ- જે આત્માને પોતાની અનંત શુદ્ધ સત્તાનું ભાન થયું છે, તેવા આત્માનો, પોતાની તે શુધ્ધ સત્તાને પ્રગટ કરવા ભણીનો, જે પ્રયત્ન પરિણામ, તે અંતરાત્માભાવનું કર્તાકારકપણું જાણવું.

(૨) કર્મકારકઃ- પોતાના આત્માને પ્રગટ થયેલો, શુધ્ધ ક્ષયોપશમિક, ઉપશમિક, કે ક્ષાયિક ભાવ.

(૩) કરણ કારકઃ- શુધ્ધ ક્ષયોપશમાદિ ભાવ વડે પૂર્ણ ક્ષાયિક ભાવને પ્રગટ કરવાનો પરિણામ

(૪) સંપ્રદાનકારક :- જ્ઞાનાદિ ગુણોનું પરસ્પર સહકારી પણે સંયોજન કરવુ તે

(૫) અપાદાનકારક :- સમયે સમયે શુધ્ધાત્મ ભાવ વડે કર્મ નિર્જરા કરવી તે

(૬) આધારકારક :- પ્રાપ્ત ગુણોને સ્થિર કરવા તે

(૨૫) પરમાત્માના ષટ્કારકનું સ્વરૂપ

(૧) કર્તાકારકઃ- સકળ જગતના ઉત્પાદ, વ્યય અને ધ્રુવભાવે પરિણમતાં સર્વ ભાવોને. સમયે સમયે સહજ સ્વરૂપે જાણવા દેખવા રૂપે આસ્વાદન કરવાનો જે પરિણામ તે પરમાત્માનું કર્તા કારક પણું, જાણવું

(૨) કર્મકારકઃ- અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત-ચારિત્ર અને અનંત વિર્યાદિ ગુણોનો જે અવ્યાબાધ પરિણામ તે પરમાત્માનું કર્મકારક પણું જાણવું.

(૩) કરણુ કારકઃ- સમયે સમયે ક્ષાયિકભાવે સહજ શુધ્ધ ઉપયોગે પરિણુમવું તે

(૪) સંપ્રદાન કારકઃ- શુદ્ધક્ષાયિક ભાવે અનંત જ્ઞાનાદિ ગુણોનું પરસ્પર સહકારી પણું

(૫) અપાદાન કારકઃ- સકળ, પર ભાવ-પરિંણુતિ ત્યાગ.

(૬) આધાર કારકઃ- ક્ષાયિક ભાવે અનંત જ્ઞાનાદિ ગુણોની સાદિ-અનંતને ભાંગે સ્થિતિ.

## (૨૬) સાધુના પાંચ મહાવ્રતનું સ્વરુપ

પરમોપકારી તીર્થંકર ભગવંતોએ મોક્ષમાર્ગના, આરાધકોની શ્રી ચતુર્વિધ સંઘ સ્વરૂપે સ્થાપના કરી છે, તે શ્રી સંઘમાં સાધુ, સાધ્વી, અને શ્રાવક, તથા શ્રાવિકાને, જંગમ તીર્થ સ્વરૂપે જણાવેલ છે, તેથી તેમના આચાર ધર્મને અત્રે સિદ્ધાંતથી અવિરોધી ભાવે જણાવીએ છીએ

જેસાધુ ચારિત્રાદિ ગુણોથી પોતાના આત્માને વિશુદ્ધ કરવામાં ઉજમાળ રહે છે, તેણે સર્વનયોના અનેક પ્રકારના વચનોનો સાર જાણ્યો છે, એમ જાણવું.

આ માટે પ્રથમ સાધુ ધર્મનો આચાર જણાવીએ છીએ.

જે આત્મા પોતાના આત્માને-આત્મભાવમાં સ્થિર કરવા માટે સર્વ સામાયિક ભાવમાં રહેવાની પ્રતિજ્ઞા લેઇ, તે પ્રતિજ્ઞાના નિવાહ અર્થે પંચ મહાવ્રતનું ત્રિવિધે ત્રિવિધે પાલન કરે છે તે આત્માને સાધુ યાને મોક્ષપદનો સાધક આત્મા જાણવો.

તે પંચમહાવ્રતનું સ્વરૂપ આ પ્રમાણે જાણવું

(૧) પ્રાણાતિપાત વિરમણવ્રત :- હું છ એ કાયના [(૧)પૃથ્વીકાય, (૨)અપકાય (૩) તેઉકાય, (૪)વાઉકાય, (૫)વનસ્પતિકાય અને (૬) ત્રસકાય, તે બેઇન્દ્રિય તેઇન્દ્રિય, ચોરેન્દ્રિય અને પંચેદ્રિય)] સર્વેજીવોને મનથી-વચનથી-કે- કાયાથી હણીશ નહી,-હણાવીશ નહિ, અને હણતાની અનુમોદના પણ કરીશ નહિ,

(૨) મૃષાવાદવિરમણવ્રત - હું જીવાજીવ સંબંધી સર્વપ્રકારનું મૃષાવાદ આચરણ-મન-વચન, અને કાયાએ કરી, કરીશ નહિ કરાવીશ નહિ અને કરતાને સારો જાણીશ નહિ

(૩) અદત્તાદાન વિરમણ વ્રત હું મનથી, વચનથી કે કાયાથી કોઇપણ દ્રવ્યનું પ્રભુની આજ્ઞા વિરૂધ્ધ ગ્રહણ કરીશ નહિ; બીજા પાસે કરાવીશ નહિ, અને કરતાને સારો જાણીશ નહિ.

(૪) મૈથુન વિરમણ વ્રતઃ- હું મનથી-વચનથી અને કાયાથી ચારે પ્રકારની સ્ત્રી સાથે મૈથુન-ભોગ-ભોગવીશ નહિ બીજા પાસે ભોગ કરાવીશ નહિ, તેમજ ભોગો ભોગવનારને સારો જાણીશ નહિ.

(૫) પરિગ્રહ વિરમણ તવ્ર- હું મનથી વચનથી કે કાયાથી, ધન, ધાન્ય, વથ્થુ, પાત્ર, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ કે ચતુષ્યદાદિકનો સંગ્રહ કરીશ નહિ, કરાવીશ નહિ, અને કરતાને સારો જાણીશ નહિ.

ઉપર મુજબ સાધુ ભગવંતનો પ્રતિજ્ઞા સહિતનો સામાન્ય આચાર જણાવ્યો છે. વિશેષ સ્વરૂપે ગીતાર્થ ગુરૂ ભગવંત પાસેથી જાણી લેવો.

## શ્રાવકના (૧૨) બાર વ્રતનુ સ્વરૂપ

હવે શ્રાવક ધર્મનો આચાર જણાવીએ છીએ શ્રી તીર્થંકર ભગવંતોએ સ્થાપેલ શ્રી ચતુર્વિધ સંઘના શ્રાવક શ્રાવિકાએ સમ્યક્ત્વમૂલ સ્થુલ પ્રાણાતિપ્રાત વિરમણાદિ બારવતો યથાશકિત ધારણ કરવાં જોઇએ.

પ્રથમ સમ્યક્ત્વ વ્રતને પાંચઅતિચાર રહિત પણે ધારણ કરીને વળી, જ્ઞાનાઆચારાદિ પાંચ આચારમાં ૫+૩૯=૪૪ ચુંવાલીશ અતિચાર રહિતપણે આત્મશુદ્ધિની ભાવના સાથે બારે વ્રતોના કુલ ૭૫ અતિચારો ટાળીને તેમજ સંલેખનાના (૫) અતિચારો ટાળીને કુલ ૧૨૪ અતિચાર રહિત શુધ્ધ શ્રાવક ધર્મ પાળવા ઉદ્યમ કરવો જોઇએ

(૧) સ્થુલપ્રાણાતિપાત વિરમણવ્રત :- સર્વજીવોમાં મૈત્ર્યાદિ એટલે ધારણ કરીને સર્વજીવોના પ્રાણની રક્ષાર્થે વીસે-વસામાં જયણાયુક્ત વ્યવહારવડે સવાવીસવાની દયાનું પાંચ અતિચાર રહિત પાલન કરવું તેપાંચ અતિચાર નીચે મુજબ જાણવા.

(૧) ત્રસજીવોનો વધ કરવો. (૨) ગાઢબંધને બાંધવા (૩) નિર્લંચ્છન કર્મ કરવું (૪) અતિ ભારભરવો (૫) આહાર પાણીમાં અંતરાય કરવો. આ પાંચે અતિચારો ટાળવા ખપકરવો

(૨) સ્થુલમૃષાવાદ વિરમણવ્રત :- ૧. કન્યા, ૨. ગાંય,

અને ૩. ભૂમિસંબંધી જૂઠુબોલવું, ૪. પારકીથાપણ ઓળવવા અને (૫)કૂડી સાક્ષી ભરવી, એ પાંચ મોટા અલીકથી વિરમીને, પ્રિય-પથ્ય-અને તથ્ય, રહિત બોલવાનો ત્યાગકરીને નીચેનાં પાંચ અતિચારો ટાળવા.

(૧) વગરવિચારે બોલવું તે (૨) પારકાના મર્મનો પ્રકાશ કરવો (૩) સ્વદારામંત્રનો ભેદ કરવો (૪) જુઠો ઉપદેશ આપવો (૫) જુઠો લેખ લખવો.

(૩) સ્થુલ અદત્તાદાન વિરમણુવ્રત:- કોઇપણ વસ્તુ તેના માલીકથી અણુદેવાયેલી લેવી નહિ એવો નિયમ લઇને, ચોરીનો ત્યાગ કરવો અને તેનાં પાંચ અતિચારો નીચે મુજબ ટાળવાં (૧) ચોરેલી વસ્તુ ખરીદવાં નહિ, (૨) ચોરી કરાવવી નહિ (૩) વસ્તુમાં ભેળસેળ કરવીનહિ (૪) છૂપી રીતે રાજ્યના કાયદા વિરૂદ્ધ વર્તન કરવું નહિ (૫) ખોટા તોલ-માપ બનાવવા નહિ

(૪) સ્થુલ મૈથુનવિરમણુવ્રત :- સ્વદાર સંતોષ અને પરસ્રીગમન વિરમણુ વ્રતલેઈને, નીચેના પાંચ અતિચારો ટાળવાં (૧) વિધવા તથા કુમારિકા વિગેરે પરસ્રી નથી એમ જાણીને ગમન કરવું તે (૨) ગણિકાને ભાડુતી તરીકે ગણીને સેવન કરવું તે (૩) પરસ્રી સાથે અધર તથા સ્તન વિગેરેથી ક્રીડા ન કરવી તે (૪) પારકા છોકરા છોકરીઓના વિવાદ કરાવવા તે (૫) તીવ્ર કામાભિલાષ ધરવો તે, એ પાંચે અતિચારો વર્જવા

(૫) સ્થુલ પરિગ્રહ પરિમાણ વ્રત :- ગૃહસ્થને ધન ધાન્યાદિ રિદ્ધિસિદ્ધિની આવશ્યકતા હોયછે. તથાપિ લોભનો ત્યાગ કરીને, નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરીને, પાંચ અતિચાર ટાળીને આ વ્રતનું યથાર્થ પાલન કરવું જોઈએ. તે પાંચ અતિચારનું સ્વરૂપ નીચે મુજબ જાણવું

(૧) ધન અને ધાન્યનો, પરિમાણથી અધિક, વધારો કરવો નહિ

(૨) ક્ષેત્ર, ગૃહ, અને મકાન પ્રમુખનો, પરિમાણથી અધિક વધારો કરવો નહિ

(૩) રૂપા અને સોનાનો, પરિમાણથી અધિક, વધારો કરવો નહિ

(૪) અન્ય ધાતુઓનો, પરિમાણથી અધિક, વધારો કરવો નહિ

(૫) નોકર ચાકર તેમજ ચતુષ્પદ, તે, હાથી, ઘોડા, ગાય, ભેંસ, વગેરેનો પરિમાણથી અધિક, વધારો કરવો નહિ

ઉપરના પાંચે વ્રતો સાધુના પાંચ મહાવ્રતોની અપેક્ષાએ સ્વલ્પ હોવાથી તેને અણુવ્રતો કહેવાય છે હવે આત્મલક્ષી આત્માર્થી આત્માઓએ, આત્મગુણની શુધ્ધતા માટે જે ત્રણ ગુણવ્રતો ધારણ કરવાનાં છે તેનું કિંચિંત સ્વરૂપ નીચે મુજબ જાણવું

(૬) દિક્ પરિમાણ વ્રત ;- આ દિશિ પરિમાણ વ્રત સમસ્ત જગતમાં પ્રવર્તતા અનેક પ્રકારનાં પાપબંધમાંથી બચવા માટે, ઉર્ધ્વ, અધો, તેમજ પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તર,

અને દક્ષિણ, એમ છ દિશામાં અમુક અંતર સુધી જવા-આવવાના નિયમ વાળુ જાણવું તેનું નીચેના પાંચ અતિચાર રહિતપણે નીચે મુજબ વિશુધ્ધ પાલન કરવું.

(૧) ઉર્ધ્વ દિશા સબંધી (૨) અધો દિશા સબંધી (૩) તિર્યંક દિશા એટલે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, અને દક્ષિણ દિશા સબંધી, દિશાઓના નિયમનો ભંગ નહિ કરવો તે (૪) એ છએ દિશામાં રાખેલા નિયમમાં એક દિશાનું અંતર ઘટાડી પ્રયોજનથી બીજી દિશાનું અંતર વધારીને નિયમ ભંગ કરવો નહિ (૫) સ્મૃતિ ભ્રંશથી એટલે સ્મરણ નહિ રહેવાથી નિયમનો ભંગ કરવો તે, તે, પણ અતિચાર લગાડવો જોઇએ નહિ.

(૭) ભોગોપભોગ પરિમાણ વ્રત :– જે વસ્તુ એક જ વગત ભોગમાં આવે તે સબંધી ભોગ જાણવો જેવાં કે ફુલ, તંબોલ, અન્નવિગેરે તેમજ જે વસ્તુ અનેક વખત ભોગવ વામાં આવે છે તે સબંધી ઉપભોગ સમજવો, જેમકે, ઘર, વસ્ત્ર, સ્ત્રી, અલંકારાદિ વિગેરે ભોગોપભોગની સંબંધી નિયમ કરવો કેમકે અવ્રતભાવે કષાયોથી વિષયાભિલાષ થાય છે, અને વિષય ભોગોથી કષાયની વૃધ્ધિ થાય છે માટે કષાયનો ઉચ્છેદ કરવા ભોગોપભોગનું પરિમાણ કરીને ૨૦ વીશ અતિચાર રહિત પણે તેનું શુદ્ધ પરિપાલન કરવું, તે વીશ અતિચારનું સ્વરૂપ નીચે મુજબ જાણવું.

(૧) નિયમ ઉપરાંત અધિક સચિત્ત વસ્તુનો આહાર કરવો તે.

(૨) સચિત્તના સબંધવાળી તેમજ સચિત્ત મીશ્રિત વસ્તુ વાપરવી તે.

(૩) અપકવ સચિત્તાહાર કરવો તે,

(૪) દુષ્પકવ ;- એટલે દુષીત પકવીને આહાર કરવો તે.

(૫) તુચ્છ પદાર્થો ખાવા તે.

ઉપરના પાંચે અતિચાર ભોગ આશ્રયી જાણવા હવે કર્મ સંબંધી એટલે વ્યાપાર સબંધી પંદર અતિચાર આ વ્રતના છે તે નીચે મુજબ છે.

(૧) અંગાર કર્મ—અગ્નિની ભટ્ટીઓથી વેપાર કરવો તે

(૨) વન કર્મ—બાગ-બગીચાના ફુલ ઝાડથી તથા જંગલનો વેપાર કરવો તે.

(૩) સાટી કર્મ—હળ-ગાડા વિગેરે બનાવવા તે,

(૪) ભાડી કર્મ—ગાડા વિગેરેના ભાડાનો વેપાર કરવોતે

(૫) સ્ફોટક કર્મ—કુવા, તળાવ, ખોદવાતે, તેમજ હળ વિગેરેથી જમીનો ખોદાવવી તે.

(૬) દાંત તથા હાડકાંઓનો વેપાર કરવો તે.

(૭) લાખ વિગેરેનો વેપાર કરવો તે.

(૮) રસ વ્યાપાર એટલે મદિરાદિ તેમજ ઘી-તેલ વિગેરેનો વેપાર કરવો તે.

(૯) કેશ વ્યાપાર એટલે પશુ પ્રાણીઓના કેશ, પીંછા, તથા ચામડા વિગેરેનો વેપાર કરવો તે.

(૧૦) વિષ વ્યાપાર તે અનેક પ્રકારની ઝેરી વસ્તુ-ઓનો વેપાર કરવો તે.

(૧૧) યંત્રપિલણુ કર્મ—તે વિવિધ યંત્ર સામગ્રીઓ વડે, મોટા કારખાનાઓથીઅનેક ગુણો પાપ વ્યાપાર કરવો તે

(૧૨) નિર્લંચ્છન કર્મ - પ્રાણીઓના અંગ છેદ કરાવવા તે.

(૧૩) વનદાહ કર્મ - જંગલો બાળીને કોલસા પાડવા વિગેરેનો વેપાર કરવો તે.

(૧૪) સરોવર-તળાવ-શોષવા એટલે, તળાવ-સરોવરનું પાણી કાઢી નાખી તેમાં ખેતી વિગેરે કાર્યો કરવા તે.

(૧૫) અશીલત્વને પોષીને આજીવિકા ચલાવવી તે. એટલે દાસ-દાસી તેમજ પશુ-પંખી આદિના અશીલત્વ વડે આજીવિકા ચલાવવી તે.

ઉપરના સર્વે અતિચારો ટાળવા તે ઉપરાંત

વિશેષે આ વ્રત પાળનારે ચાર મહાવિગયનો ત્યાગ કરવો, તેમજ રાત્રી ભોજન અને અનંત કાય તેમજ અભક્ષનું ભક્ષણુ પણુ કરવું જોઇએ નહિ.

(૮) અનર્થ વિરમણવ્રતઃ- પોતાની તેમજ સ્વજનાદિની આજીવિકા ચલાવવા માટે જે પાપ પ્રવૃત્તિ કરાય તે અર્થદંડ જાણવો. પરંતુ તે સિવાય જે પાપપ્રવૃત્તિ કરાય તે-અનર્થ દંડ જાણવો, માટે પોતાને નાહકના પાપ બંધાયનહિ તે માટે અનર્થદંડ વિરમણુવ્રત અંગીકાર કરી તેનું પાંચ અતિચાર રહિત શુદ્ધ પાલન કરવું. (૧) કામભોગાદિને ઉત્તેજક વચનો બોલવા નહિ ૨. કુચેષ્ટાઓ કરી કષાયને ઉત્તેજવા નહિ (૩) મુહરિપણું એટલે અતિવાચાલ પણું એટલે હિતકારી વાતને

પણ કાપીનાંખી ધૂતકારવી નહિ ૪. હિંસાના સાધનો બીજાને વાપરવા આપવા નહિ (૫) પાંચે ઇન્દ્રિયોના વિષય ભોગના સાધનોનો વધુ પડતો સંગ્રહ કરવો નહિ.

૯. સામાયિકવ્રતઃ સામાયિક એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ તેના મુખ્ય ચાર ભેદો છે. ૧. સમ્યક્ત્વ સામાયિક ૨ શ્રુત સામાયિક ૩. દેશવિરતી સામાયિક ૪. સર્વ વિરાત સામાયિક અહિયા દેશવિરતિ સામાયિકની અંતર્ગત બે ઘડીનું સમતા સામાયિક કરવાના નિયમનું વ્રત જાણવું એટલે બેઘડી યાને (૪૮) મિનિટસુધી છકોટિના પચ્ચક્ખાણ કરી સાવદ્ય વ્યાપારથી દૂર રહીને આત્માને આત્મ સ્વરૂપમાં સમતાપૂર્વક સ્થિર કરવો તે, આ વ્રતનું પણ પાંચ અતિચાર રહિતપણે પાલન કરવુંતેમજ સામાયિક સંબંધી (૩૨) બત્રીસ દોષોને ત્યજવા (૧) મનવડે સાવદ્ય વ્યાપાર ચિંતવવો નહિ (૨) સાવદ્ય વચનો બોલવાં નહિ (૩) અયત-નાએ કાયાની પ્રવૃત્તિ કરવી નહિ (૪) બે ઘડી આદિ કાળ પ્રમાણનું ઉલ્લંઘન કરવું નહિ (૫) આત્મ સાધન ભાવને એટલે જ્ઞાનદર્શન ચારિત્રની શુધ્ધિનો લક્ષ ચૂકવો નહિ.

(૧૦) દેશાવગાશિક વ્રત—આ વ્રતમાં ચૌદ નિયમનો સમાવેશ થાય છે તેમજ બારે વ્રતના સર્વ નિયમોનો આ વ્રતમાં સંક્ષેપ પણ કરાય છે. આ વ્રત, એક મુહુર્તના પ્રમાણથી માંડી એક વર્ષ પર્યંતનું અથવા પોતે ઇચ્છેલી મર્યાદા પ્રમાણેનું હોઇ શકે છે. આ વ્રતનું નીચેના પાંચ અતિચાર રહિત પણે શુદ્ધ પરિપાલન કરવું,

આમાં ચૌદ નિયમ સંબંધી સિદ્ધાંતની ગાથા આ પ્રમાણે છે.

૧. સચ્ચિત્ત, ૨. દ્રવ્ય, ૩. વિગઈ, ૪. વાણુહ, ૫. તબોલ, ૬. વત્થ, ૭, કુસુમેષુ, ૮. વાહણુ, ૯. શયન, ૧૦. વિલેવણુ, ૧૧. બંભ, ૧૨. દિશિ, ૧૩. નહાણુ, ૧૪. ભત્તષુ,

દેશાવગાશિક વ્રતના પાંચ અતિચારો નીચે મુજબ જાણવા.

(૧) કોઈની પાસે મર્યાદા બહારથી વસ્તુ અણાવવી કે મંગાવવી તે,
(૨) કોઇની સાથે મર્યાદા બહાર વસ્તુ મોકલાવવી તે
(૩) મર્યાદા બહારના સ્થાનમાં ન જતાં શબ્દથી પોતાનું સ્થાન જણાવવું તે
(૪) મર્યાદા બહારના સ્થાનમાં ન જતાં, પોતાનું મુખ કે છતાપણાનું સ્વરૂપ બતાવવું તે,
(૫) મર્યાદા બહારના સ્થાનમાં ન જતાં, ત્યાં પત્થર આદિ વસ્તુ નાંખી પોતાનું સ્વરૂપ જણાવવું તે

(૧૧) પોષધ વ્રત :—આહાર, શારીરસત્કાર, બ્રહ્મચર્ય, અને વ્યાપાર એ ચારેનો દેશથકી તેમજ સર્વ થકી નિયમ કરવા રૂપે એક સંયોગી (૮) ભાંગા. દ્વીકસંયોગી (૨૪) ભાંગા, ત્રીક સંયોગી (૩૨) ભાંગા અને ચાર સંયોગી (૧૬) ભાંગા મળી, કુલ ૮૦ ભાંગા થાય છે. તેમાં સર્વ પ્રકારે આઠ પહોરનો ચઉવિહાર ઉપવાસ સાથેનો પોસહ હોય છે, આ વ્રત નીચેના પાંચ અતિચારો ટાળીને શુદ્ધ પાળવું

(૧) આસન ઉપર અયતનાએ બેસવું નહિ.

(૨) લઘુનીતિ અવિધિએ અશુદ્ધ જગ્યાએ પરઠવવી નહિ.

(૩) વડીનીતિ અવિધિએ અશુદ્ધ જગ્યાએ પરઠવવી નહિ.

(૪) પ્રમાર્જન અધુરૂં કરવું નહિ.

(૫) વિધિમાં વિપરીતપણું કરવું નહિ.

(૧૨) અતિથિ સંવિભાગ વ્રત :—જે નિર્મમ–ત્યાગી–અને ક્ષમાવાન તેમજ સંયમી સાધુ આત્માઓ છે, તેમને-દેશ-કાળને યોગ્ય આહાર–પાણી આદિ વિધિસહિત–ભાવપૂર્વક વહોરાવવાનું વ્રત લઇ તેના પાંચ અતિચાર ટાળીને તેનું નિર્મળ પરિપાલન કરવું તે પાંચ અતિચાર નીચે મુજબ જાણવા.

(૧) સાધુને ન આપવાની બુદ્ધિએ સચિત્ત વસ્તુ ઉપર આહારાદિ દ્રવ્યો મુકી દેવા તે, (૨) આહારાદિ દ્રવ્યોની ઉપર સચિત્ત વસ્તુ ઢાંકી દેવી તે, (૩) વસ્તુ પારકી ગણાવવી તે (૪) ઈર્ષા સાથે દાન આપવું તે (૫) કાળ વેળા વીતી ગયા પછી આમંત્રણ કરવા જવું તે.

ઉપર મુજબ અમોએ અમારી મતિ પ્રમાણે સંક્ષેપથી શ્રાવક–ધર્મનો આચાર બતાવ્યો છે. વિસ્તારથી ગીતાર્થ ભગવંત પાસેથી જાણવા ખપ કરવો.

卐

# નયાત્મક-સ્વાધ્યાય-કણિકા

(૧) સુખનું સર્જક બધુંજ સત્ય છે, તેમજ દુઃખનું સર્જક બધુંજ અસત્ય છે.

(૨) સેવાકરવી તે ધર્મ છે, અને સેવાલેવી તે અધર્મ છે.

(૩) પોતાની ફરજ બજાવનાર મહાન છે, અને બીજાની ફરજ તરફ દ્રષ્ટિ રાખનાર અધમ છે.

(૪) એકાંત દૃષ્ટિ તત્વ પ્રાપ્તિમાં અવરોધક છે, તેમજ અનેકાંત દ્રષ્ટિ તત્વ પ્રાપ્તિમાં ઉપકારક છે.

(૫) કેવળી ભાષિત અર્થથી અવિરૂદ્ધ (હેયોપાદેયાત્મક) જ્ઞાન તે પ્રમાણજ્ઞાન છે, અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિ સાપેક્ષ વચન તે નયજ્ઞાન છે, તે થકી વિપરીત અપ્રમાણ તેમજ મિથ્યા-જ્ઞાન છે.

(૬) સ્વ-પરનો અવિવેક સર્વદુઃખનુ મૂળ છે, તેમજ સ્વ-પરનો યથાર્થ વિવેક તે પરમસુખનું કારણ છે.

(૭) શુદ્ધાત્મસ્વરૂપમાં રમણતા કરવી તે સદાચાર છે. અને પરસ્વરૂપમાં રમણતા કરવીતે અનાચાર છે.

લી. શાંતિલાલ કેશવલાલ